કિશોરલાલ મશરૂવાળાના જીવનચરિત્રો

ડૉ. આકાંશા એ. પટેલ

પ્રસ્તાવના

ગાંધીયુગના એક ચિંતનાત્મક લેખક એવા કિશોરલાલ મશરૂવાળા સ્વામીનારાયણ સંપ્રદાય તરફ વધારે આકર્ષાયેલા હતા. તેમને બાળપણમાંથી જ સ્વામીનારાયણ સંપ્રદાયના સંસ્કાર પડ્યા હતા. આ સંસ્કારોની અસરે તેમને એક સંસ્કારપુરુષ, મહાન સાધક અને ધર્મનિષ્ઠ પુરુષ બનાવ્યા.

કિશોરલાલ કાલેલકરના સંપર્કથી વિદ્યાપીઠ સાથે જોડાય છે. મહાત્મા ગાંધીના સંપર્કમાં આવે છે. ગાંધીજી કિશોરલાલના વ્યક્તિત્વને પિછાનીને વિદ્યાપીઠના મહાત્માય તરીકે પસંદ કરવામાં આવે છે. પંરુત સમય જતા એમના ઉગ્ર સ્વભાવના લીધે આશ્રમના વિદ્યાર્થી અને ગાંધીજી સાથે ઘર્ષણમાં આવે છે. મહામાત્ય પદ છોડે છે. ઘણી સમજાવટ બાદ ફરીથી વિદ્યાપીઠ સાથે જોડાય છે. આમ એ ગાંધીજીના સંપર્કમાં જ રહે છે. ગાંધીજી જ કિશોરલાલને હવે એકલતા જોઈએ છે એમ જાણી આત્મશુદ્ધિકરણ માટે આબુ જેવા શાંત સ્થળ પર મોકલી દે છે ત્યાં જઈને મશરૂવાળા એ ધર્મગ્રંથો વાંચ્યા અને સમય પસાર કર્યા પાછા ફર્યા ત્યારે એક નવા જ શુદ્ધિકરણ અને ધર્મશાસ્ત્રોના જ્ઞાન સાથે આ છે જેની ફલશ્રુતિ રૂપે રામ અને કૃષ્ણ, જીવનશોધન, સંસાર અને ધર્મ–સમૂળી ક્રાંતિ જેવા ગ્રંથો આપણને મળે છે.

કિશોરલાલે ચરિત્રજીવન, ચરિત્રાત્મક નિબંધો અનુવાદ આપ્યા છે. કેળવણી વિષયક લેખો રજૂ કર્યા છે. અહીં આ પુસ્તકમાં કિશોરલાલના ચરિત્ર પુસ્તકોને રજૂ કરવાનો ઉપક્રમ છે. જેમાં એમણે

રામ અને કૃષ્ણ, બુદ્ધ અને મહાવીર, ઈશુ ખ્રિસ્ત જેવા મહાન પુરુષો વિશેના જીવનચરિત્રો આપ્યા છે. આ જીવનચરિત્રોનો અભ્યાસ કરીને મારા સ્વાધ્યાયનો નિચોટ અહીં રજૂ કર્યો છે.

કિશોરલાલ મશરૂવાળાનો જીવન પરિચય કે સાહિત્ય પરિચય મેળવવા માગતા ઇચ્છુકોને આ પુસ્તક ઉપયોગી થઇ પડશે એવી આશા સાથે આ ગ્રંથ પ્રગટ કરતાં આનંદની લાગણી અનુભવું છું.

–ડૉ. આકાંક્ષા એ. પટેલ

અનુક્રમણિકા

1. કિશોરલાલ મશરૂવાળાનું જીવન

2. કિશોરલાલ મશરૂવાળાની ચરિત્ર કૃતિઓ

સંદર્ભ ગ્રંથસૂચિ

1.

કિશોરલાલ મશરૂવાળાનું જીવન

- જન્મ સમય
- નામકરણ
- સ્વામીનારાયણ સંપ્રદાયમાં શ્રદ્ધા
- સ્વભાવ
- અભ્યાસ
- દેશભક્તિના બીજ રોપાયા
- ગાંધીજી સાથે થયેલ સંપર્ક
- વિદ્યાપીઠમાં કરેલી સેવા
- સાહિત્યસર્જન

જન્મ સમય :

કિશોરલાલભાઈનો જન્મ મુંબઈમાં કાલબાદેવીમાં આવેલા ભાડાના મકાનમાં સંવત 1946ના ભાદરવા વદ સાતમને રવિવારના રોજ તા. પાંચમી ઑક્ટોબર 1890ના રોજ થયો હતો. કિશોરલાલના પ્રપિતામહ લક્ષ્મીચંદ સુરતમાં રહેતા હતા. તેઓ મશરૂ વણવાનો અને વેચવાનો ધંધો કરતા હતા. આથી એમની અટક મશરૂવાળા પડી હતી.

કિશોરલાલના પિતાનું નામ ઈચ્છારામ હતું. તેઓ ચુસ્ત સ્વામીનારાયણ સંપ્રદાયના હતા. કિશોરલાલની માતા પિયરમાં વલ્લભ સંપ્રદાયમાં ઉછર્યા હતા. અને તે ચુસ્ત વલ્લભ સંપ્રદાયના ભક્ત હતા. અહીં લક્ષ્મીચંદ વલ્લભ સંપ્રદાયના હતા પરંતુ એ સંપ્રદાયમાં રૂઢિજન્ય સડો તે સમયે ખૂબ પ્રસર્યો હતો. આથી લક્ષ્મીચંદ ઊંડી ધર્મવૃત્તિવાળા હોવા છતાં સ્વામીનારાયણ સંપ્રદાય તરફ આકર્ષાય છે અને સંપ્રદાયના આચાર્યોની કનડગત વચ્ચે સ્વામીનારાયણ સંપ્રદાયને પકડી રાખે છે. પિતાનો વારસો સ્વામીનારાયણ સંપ્રદાય અને માતા વલ્લભ સંપ્રદાયના હોવાથી બંને વચ્ચે કેટલાંક વર્ષ ધાર્મિક મતભેદ રહે છે. પતિની ઉત્કટ શ્રદ્ધા અને ઉપદેશની અસર કિશોરલાલના માતૃશ્રી ઉપર થઈ. બંને વચ્ચેનો મતભેદ ઓગળી ગયો. પછી બન્ને જણ ચુસ્ત સ્વામીનારાયણ સંપ્રદાયના ભક્ત બન્યા.

કિશોરલાલની ઉંમર સાતેક વર્ષની હતી ત્યારે માતાનું મૃત્યુ થયું હતું. બાળપણથી જ કિશોરલાલને સ્વતંત્ર વિચાર કરવાની ટેવ હતી તેમ લાગે છે. માતાના મૃત્યુ પછી પિતાશ્રીનું જીવન કંઈક ઉદાસીન બનતું ગયું. સાથે સાથે

કૌટુંબિક રીતે અને ધંધાકીય રીતે પણ ફેરફાર જણાયા. આ વાત સૂચવે છે કે તેમને જીવનસંગીની સાથે અત્યંત પ્રેમ સંબંધ હતો.

માતાના મૃત્યુ પછી 'અમે મા વિનાનાં છોકરાં હતા' એવા શબ્દો કેટલીયવાર દયામણે અવાજે બીજા દ્વારા સાંભળવા મળ્યા હતા. શ્રી મશરૂવાળાની માતાનો સ્વભાવ આ પ્રમાણે હતો. પોતાને જે સત્ય લાગતું હોય એ કોઈની પણ પરવા કર્યા વિના વળગી રાખવાનો હતો. ધર્મ વિશે શ્રદ્ધાળુ સંસારના રૂઢ ચીલાઓને અનુકૂળ ન થનારો હતો. માતાના આ ગુણ વારસામાં શ્રી મશરૂવાળાના જીવનમાં પણ ઉતરી આવ્યા જણાય છે.

નામકરણ :

શ્રી મશરૂવાળાનું નામ એમના માતા–પિતાએ જન્મ પહેલાં જ નક્કી કરી રાખ્યું હતું. તે પ્રમાણે કિશોરલાલ પાડ્યું હતું. કિશોરલાલના પિતાનું નામ ઈચ્છારામને બદલે સહજાનંદ સ્વામીનું નામ ઘનશ્યામ રાખવાનું નક્કી કર્યું હતું. આથી કિશોરલાલ પોતે પણ સ્વામીનારાયણ સંપ્રદાયના રંગથી પૂરેપૂરા રંગાયેલા હતા. આથી પોતાના નામની પાછળ કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા એમ લખતા હતા.

સ્વામીનારાયણ સંપ્રદાયમાં શ્રદ્ધા :

મશરૂવાળા કુટુંબની સ્વામીનારાયણ સંપ્રદાયમાં દૃઢ શ્રદ્ધાનો દ્યોતક કિશોરલાલના બાળપણનો એક પ્રસંગ નોંધપાત્ર છે. કિશોરલાલ આઠ નવ મહિનાની ઉંમરના હતા ત્યારે તેમના ઘોડિયાની બાજુનું બારણું તૂટ્યું અને અળસી ભરેલા કોથળામાંથી અળસી રેલના પાણીની માફક દીવાનખાનામાં ઘસી આવી. ઘોડિયું નીચે દબાઈ ગયું. કિશોરલાલ મૃત્યુ પામ્યા હશે એવી

માતા–પિતાને ફાળ પડી. તેટલામાં જ ખબર પડી કે તેમનો નોકર ગોવિંદ આ ઘટના બની એ પહેલાં જ કિશોરલાલને લઈને બાજુના ખંડમાં માંદો હોવાથી સૂતો હતો. ધર્મશ્રદ્ધાળુ માતાપિતાને લાગ્યું કે અકળ અકસ્માતમાંથી ઉગારનાર ઠાકોરજી જ હતા. આમ, ઈશ્વરની શ્રદ્ધાથી જ જીવન પ્રાપ્ત થયું હતું. આથી વધારે સહજાનંદ સ્વામીમાં શ્રદ્ધા ધરાવતા થાય છે અને પોતે ઈશ્વરને સમર્પિત થયા.

સ્વભાવ :

બાળપણથી જ કિશોરલાલનું હૃદય અત્યંત મૃદુ હતું. આથી તેઓ નિશાળે જતા ત્યારે શિક્ષક કોઈ બાળકને મારે તો એમનાથી જોઈ શકાતું નહોતું. એ વિશે લેખક કહે છે કે માર ખાનાર રડે તે પહેલાં મારી આંખમાંથી આંસુ વહેવા માંડે અને મારનાર પ્રત્યે ભયની લાગણી ઉત્પન્ન થાય છે. ગાંધીજીની જેમ કિશોરલાલને પણ શાળાજીવનમાં કુસંગતિની અસર થાય છે. કાકાના દીકરા પાસેથી ભૂંડી ગાળો બોલવાનું અને નાની મોટી ચોરી કરવાની અને ચોરીમાં અન્યને મદદ કરવામાં પોતે ભાગીદાર થતા. આવા સ્વભાવને બાળપણમાંથી જ પાછા વાળવામાં ઘરના માતા–પિતાની સંસ્કારિતાથી ચોરી કરતાં અને ગાળો બોલતા અટકે છે. અને સારી શિખામણ મળતાં સારા રસ્તે પાછા ફરે છે.

અભ્યાસ :

શ્રી કિશોરલાલભાઈનો બાળપણનો અભ્યાસ વતન આકોલામાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ અડધું આકોલામાં અને અડધું મુંબઈમાં લીધું હતું. આથી મરાઠી અને ગુજરાતી બંને ભાષાઓ ઉપર એમનું પ્રભુત્વ જોવા મળે છે.

માતાના મૃત્યુ બાદ તેમણે મુંબઈમાં જ શિક્ષણ લીધું. કૉલેજનું શિક્ષણ વિલ્સન કૉલેજમાં લીધું અને બી.એ.માં પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્ર તેમના વિદ્યા વિષયો હતા. આમ, તેમની શાસ્ત્રીય ચીવટ કેળવાતી ગઈ. 1913માં એલ.એલ.બી. થયા અને આકોલામાં વકીલાત શરૂ કરી. તેમની અભ્યાસિક કારકિર્દી બહુ જ તેજસ્વી હતી. કિશોરલાલે કુલ ત્રણ વર્ષ વકીલાત કરી. આ વ્યવસાયમાં તેમની કાર્યનિષ્ઠા અને પ્રામાણિકતાને લઈને તેઓ લોકપ્રિય બન્યા હતા.

દેશભક્તિના બીજ રોપાયા :

દેશમાં રાષ્ટ્રીય ભાવના પ્રસરી રહી હતી. તેની ઊંડી અસર કિશોરલાલ ઉપર થઈ હતી. તેમણે લખ્યું છે. દેશભક્તિ અને સ્વદેશાભિમાનના સંસ્કારો બહુ નાનપણથી મારામાં પોષાયા હોય એમ લાગે છે. 1905માં બંગાળના ભાગલા પડ્યા તેને અંગે જે સ્વદેશીની ચળવળ ચાલી તેની અસર તળે અમે બધા ભાઈઓ આવ્યા. સુરેન્દ્રનાથ બેનરજી અને તિલક મહારાજનાં વ્યાખ્યાનો સાંભળી તથા વાંચી અમે આખા કુટુંબે સ્વદેશીની પ્રતિજ્ઞા લીધી. એ પ્રતિજ્ઞા કેવળ લેવા પૂરતી નહોતી, પણ જીવનને ઉપયોગી જે કોઈ સ્વદેશી મળી શકે તો એ જ વાપરવી અને ન મળી શકે તો તેના વિના ચલાવી લેવું એવી હતી. આવી રીતે દેશભક્તિના બીજ વવાયાં હતાં.

દેશભક્તિના સંસ્કારો બહુ નાનપણમાંથી કિશોરલાલમાં પોષાયા હતા. અને એમાંય ગોખલેના મૃત્યુના સમાચાર એમણે સાંભળ્યા ત્યારે દેશ કાર્યમાં જ જીવન ગાળવું એ વિચાર એમના હૃદયમાં પ્રબળ રીતે જાગી ઉઠ્યો. મુંબઈવાસ દરમિયાન હિંદ સેવક સમાજ સાથેનો એમનો પરિચય વધ્યો ને

એની પ્રત્યેનું એમનું આકર્ષણ પણ વધ્યું. પરંતુ જ્યારે શ્રી ગોખલેને શ્રી તિલકના અનુયાયીઓને એકબીજાના પક્ષની નિંદા કરતા સાંભળ્યા ત્યારે એમનો હિંદ સેવક પ્રત્યેનો મોહ ઊડી ગયો.

ગાંધીજી સાથે થયેલ સંપર્ક :

આકોલામાં વકીલાત કરતા ત્યારે ગાંધીજી દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની લડતમાં ચલાવી રહ્યા હતા અને તે છેલ્લા તબક્કામાં હતી. પછી ગાંધીજી હિન્દુસ્તાન આવ્યા. પૂજ્ય ગાંધીજી માટે આફ્રિકામાં ફંડ ઊઘરાવી તેઓ ગાંધીજીના એક સભામાં સાંભળેલા ભાષણથી આકર્ષાયા અને ઠક્કરબાપા તરફથી તેમનું બીજું ભાષણ પણ સાંભળવા પહોંચી જાય છે અને ગાંધીજીના ભાષણો સાંભળતા એમના વિચારો સાંભળીને આકર્ષાઈને એમના સંપર્કમાં આવે છે. ચંપારણમાં ઉપાડેલી બાપુની લડતના સમાચાર ઠક્કરબાપા દ્વારા મળે છે અને તેમાં સ્વયંસેવક તરીકે જોડાવા તૈયાર થયેલા. મશરૂવાળા પોતાની તબિયત સારી ન હોવા છતાં જાય છે. ત્યારે બાપુને ચંપારણમાં કામ કરવા જેવી એમની તબિયત સારી ન લાગતાં આશ્રમની રાષ્ટ્રીય શાળામાં જોડાવાનો આગ્રહ કર્યો. ચંપારણથી તેઓ મુંબઈ આવી શ્રીમતી ગોમતીબહેન (પત્ની) લઈને સાબરમતી આશ્રમ પહોંચે છે. આ રીતે રાષ્ટ્રીય જીવનનો આરંભ થયો. એમની જીવન દિશાનું મહાન પરિવર્તન થયું. અમદાવાદ આવી કાલેલકર સાથે સંપર્કમાં આવે છે. તે વખતે શિક્ષણનો અનુભવ કાલેલકર પાસે જ હતો. આથી એમની સાથે ચર્ચા કરતા અને કેળવણી વિષયક ચર્ચામાં બંન્ને જોડાયા. આ રીતે સાબરમતી આશ્રમમાં કાલેલકરના સંપર્કમાં પોતાનું જીવન ગાળ્યું હતું. અને આશ્રમમાં શિક્ષણ

આપવાના કામમાં જોતરાઈ ગયા હતા. આથી જ ઈ.સ. 1920માં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ અને મહામાત્ર તરીકે શ્રી કિશોરલાલ નિમાયા.

વિદ્યાપીઠમાં કરેલી સેવા :

કાલેલકરના સંપર્કમાં આવવાથી વિદ્યાપીઠ તરફ પોતાના કાર્યો મશરૂવાળા વધારે છે. વિદ્યાપીઠની નિયમિત સભામાં કરેલ ઠરાવનો મશરૂવાળા વિરોધ કરે છે એ ઠરાવમાં અંત્યજ વિદ્યાર્થીઓને જ સ્થાન આપવું એવો ઠરાવ થયો હતો. અને આથી શારદાપીઠ શંકરાચાર્ય અને બ્રાહ્મણો દ્વારા આ ઠરાવનો વિરોધ કરવામાં આવ્યો હતો. અને મહાવિદ્યાલયની સ્થાપના વખતે થયેલા ઉગ્ર ભાષણથી એમની ઉગ્રતા દેખાઈ આવે છે એવા સમયે વિદ્યાપીઠના નિયામક સભામાં પણ મતભેદ પડ્યા. આવા સમયે મતભેદ તીવ્ર થતાં મહામાત્ર તરીકે પોતાનું રાજીનામું આપ્યું એ વખતનું કિશોરલાલનું મનોમંથન અને પોતાની આત્મપરીક્ષણની વૃત્તિ ધાર્મિક મનોમંથનમાંથી પસાર થઈ રહી હતી. એકાંતવાસમાં રહેવાની ઈચ્છા રાખતા હતા. પ્રચલિત ધર્મગ્રંથો એમના મનનું સમાધાન કરી શક્યા નહીં. એમને મૂંઝવતા જીવનના આધ્યાત્મિક પ્રશ્નોનો ઉકેલ જડતો નહોતો. એ સમયમાં જ કાકાસાહેબ અને સ્વામી આનંદ જોડે સંબંધ હોવાથી પૂ.નાથજી સાથે સંપર્કમાં આવે છે. અને એમની સાથેની તીવ્ર ચર્ચા કરવા છતાં મશરૂવાળા એકાંતવાસ માટે મક્કમ બની જાય છે.

છેવટે બાપુ મશરૂવાળાને સમજાવે છે પરંતુ મશરૂવાળા એકાંત વાસમાં જ મક્કમ બની જાય છે અને એમનામાં બાળપણથી જ પડેલા સ્વામી સંપ્રદાયના વળગણ અને ધાર્મિક સંસ્કારોને બહાર લાવે છે. આ ધાર્મિક

સંસ્કારો એમને મનને મક્કમ બનાવવામાં સાથ આપે છે. છેવટે પૂજ્ય બાપુ કિશોરલાલના મનની સ્થિતિ સમજી એમને એકાંત વાસની રજા આપે છે. બાપુએ આશ્રમથી થોડે દૂર એમની સાધના માટે એક ઝૂંપડી બંધાવી આપી. એમને દમનો રોગ હોવાથી દૂર જવાની બાપુએ સંમતિ આપી નહીં. આ ઝૂંપડીમાં શ્રી મશરૂવાળા એકાંત સાધે છે અને ત્યાં બાપુ અને શ્રીનાથજી સિવાય બીજા કોઈને જવાની રજા આપી નહોતી. બાપુ રોજ એકવાર શ્રી મશરૂવાળાને મળવા જતા હતા.

ગાંધીજી અસહકારની લડતમાં પકડાઈ જાય છે ત્યારે જેલની સજા થાય છે ત્યારે એ અરસામાં નાથજીને પણ કોઈ કામ પ્રસંગે મુંબઈ જવાનું થયું અને ચાર પાંચ મહિના નીકળી ગયા. બન્ને વચ્ચે પત્રવ્યવહાર ચાલુ હતો પરંતુ જ્યારે તેઓ અમદાવાદ પાછા ફર્યા ત્યારે મશરૂવાળાની તબિયત અસ્વચ્છ હતી. અસ્વચ્છતા ખૂબ વધી ગઈ હતી અને સાધના પણ થઈ શકતી નહોતી. સાધનામાં ભંગ પડતો જણાતો આથી દૂર ચાલ્યા જવા ઈચ્છા વ્યક્ત કરી. મશરૂવાળાને રોકી શકાય એમ લાગતું નથી. આથી એ આબુ જતા રહે છે. અને ત્યાં ધાર્મિક માહોલ વચ્ચે પોતાના પ્રશ્નોનો ઉકેલ નીકળતાં પાછાં ફરે છે. દર્શનશાસ્ત્રો ધર્મગ્રંથો ફરી વાંચ્યા અને નાથજીના સંપર્કમાં આવવાથી સ્વામીનારાયણ સંપ્રદાયની અસર ઓછી થાય છે.

આબુથી પાછા આવ્યા પછી નાથજીની અવારનવાર સલાહ લેવા આબુ જતા. આબુથી મળેલું એમનું આ જ્ઞાન આખું જીવનદર્શન પલટાઈ ગયું અને એમની અસર એમના સાહિત્યસર્જનમાં જોવા મળે છે અને એની ફલશ્રુતિ સ્વરૂપે 'રામ અને કૃષ્ણ' જીવનશોધન, સંસાર અને ધર્મ, સમૂળી

ક્રાંતિમાં સ્પષ્ટ દેખાય છે. આ બધા જ સાહિત્ય સર્જનમાં તેમજ એમના ધાર્મિક લેખોમાં પણ એમના વિચારો રજૂ થાય છે અને કેળવણી વિષયક વિચારો પણ રજૂ થાય છે.

ફરીથી સંપૂર્ણ રીતે સ્વચ્છ થઈને ગૂજરાત વિદ્યાપીઠનું મહામાત્રપદ સ્વીકારે છે અને એમની માનસિક સ્થિતિનો પલટો જ થતો દેખાય છે અને અઢી વર્ષ મહામાત્ર પદે રહી વિદ્યાપીઠને વ્યવસ્થિત બનાવી પોતે રાજીનામું આપે છે.

ઈ.સ. 1930માં મીઠાના સત્યાગ્રહ વખતે બે વર્ષની સજા થઈ જેલ વાસ દરમિયાન સમાજવાદી અને સામ્યવાદી મિત્રો જોડે ચર્ચા દરમ્યાન 'ગાંધીવિચાર દોહન' અને 'જીવન શોધન' પર વર્ગ લેતા.

કિશોરલાલ કેદારનાથજીને પોતાના ગુરુ બનાવે છે અને એમના લખાણોમાં ગુરુની દર્શાવેલી વિચારણાના મૂળ બીજ પાયામાં રહે છે.

1930–32માં રાષ્ટ્રસ્વાતંત્ર્ય માટેની સત્યાગ્રહની લડતમાં કિશોરલાલ જોડાયા અને બે વર્ષનો કારવાસ ભોગવવો પડ્યો હતો. એમની પ્રામાણિક, શુદ્ધ અને સૂક્ષ્મ વિચારસરણીના ગુણોને લીધે ગાંધીજીની સૂચનાથી 'ગાંધી સેવા સંઘ' જેવી દેશવ્યાપી સર્વોપરી સંસ્થાના પ્રમુખ બન્યા. તેમના મનમાં ઘોળાતા વિચારોને આ સંઘના કાર્યક્રમ અંગે પ્રમુખપદેથી વ્યક્ત કરતા કહે છે.

'માનવજીવનનું ખરું મૂળ તેની આધ્યાત્મિક અથવા ધાર્મિક દૃષ્ટિમાં રહ્યું છે. એ ધર્મદૃષ્ટિમાં સંશોધન કર્યા વિના એટલે કે એના મૂળમાં સુધારો કર્યા વિના જનતાની નવરચના કે નવસંગઠન નહીં થઈ શકે. આપણી ખાસ

કરીને હિંદુ જનતાની આધ્યાત્મિક દૃષ્ટિ મૂળમાંથી જ રોગિષ્ઠ બની છે.'[1] (પૃ.૪ કિશોરલાલ)

1942ની 'હિંદ છોડો'ની સત્યાગ્રહમાં ગાંધીજી, જવાહરલાલ વગેરે રાષ્ટ્રના મુખ્ય નેતાઓ પકડાયા પછી ગાંધીજીના 'હરિજન' પત્રોનું સંચાલન કિશોરલાલના હાથમાં આવે છે ને કિશોરલાલ તંત્રી બને છે એ ભાંગફોડની ચળવળમાં કિશોરલાલ જણાવે છે કે 'કે ઈના જાન જોખમમાં નાખ્યા સિવાય... તારનાં દોરડા કાપી નાખવાં, પાટા ઉખેડી નાખવા... માં ખોટું નથી.' કિશોરલાલે પોતાની વિચારણામાં રહેલો વિચારદોષ જોયો. ત્યારે તેમણે પોતાના અંતઃકરણના અવાજને વશ થઈ તેને જાહેર રીતે વ્યક્ત કરવાની હિંમત દાખવી હતી.

કિશોરલાલનો જીવનવ્યવહાર મમતાથી ભરપૂર અને હૂંફાળો હતો. સ્વામી આનંદે કિશોરલાલના સૌજન્ય અને માધુર્યને તેમના વ્યક્તિત્વનાં લક્ષણો ગણાવ્યાં છે. કિશોરલાલ અને ગોમતીબહેનનું દામ્પત્ય જીવન પ્રસન્નતા અને સંવાદિતાભર્યું હતું. ગોમતીબહેનની કાળજીભરી સેવાને કારણે જ કિશોરલાલ પોતાની બધી પ્રવૃત્તિઓ નિષ્ઠાપૂર્વક કરી શક્યા. વિચારક તરીકે તે તર્કશુદ્ધ, વિશદ અને સૂક્ષ્મદૃષ્ટિવાળા હતા. નીડરપણે પોતાના વિચારોને વ્યક્ત કરતા.

કિશોરલાલ મશરૂવાળાની તમામ સાહિત્યકૃતિઓની દૃષ્ટિએ જોતાં તેમની ગદ્યશૈલીનું વૈવિધ્ય અનેરી ભાત પડે છે. કિશોરલાલ ચિંતનશીલ લેખક છે. તેથી તેમની ગદ્યશૈલી વિષયને અનુરૂપ દેહ ધારણ કરે છે. કિશોરલાલના ગદ્યમાં વિષયોચિત અને ચિંતાને અનુરૂપ શૈલીનું વૈવિધ્ય હોય

જ છે. તેથી તેમની ગદ્યશૈલી ચિંતનાત્મક ગદ્ય માટે ઘડાયેલી હોવા છતાં અભિવ્યક્તિને માટે ઉચિત બની પ્રાસાદિક લાગે છે.

ગાંધીયુગના જ નહીં પણ ગુજરાતી ચિંતનાત્મક સાહિત્યમાં કિશોરલાલ મશરૂવાળાનું સ્થાન એમની જીવનલક્ષી દૃષ્ટિ અને મૂલગામી તેમજ સૂક્ષ્મ અને વિશદ વિચારનિરૂપણ અને તેને અનુરૂપ ગદ્યશૈલીને લીધે અનન્ય, સુપ્રતિષ્ઠિત અને આદરજન્ય બન્યું છે.

શ્રી મશરૂવાળાના જીવનઘડતરમાં આ રીતે અનેક તત્વોએ પોતાનો ફાળો આપ્યો છે. સ્વામીનારાયણ સંપ્રદાયની અસર તથા ગાંધીજી અને એમને માનેલા ગુરુ શ્રીનાથજીએ ત્રણે તત્વોનો મૂર્તિમંત સમન્વય એટલે શ્રી મશરૂવાળા. તેમના વ્યક્તિત્વમાં વિવેક, વિજ્ઞાન અને દર્શનનો ત્રિવેણી સંગમ થયો હતો. લગભગ પોણી જિંદગી રોગથી પીડાતા હોવા છતાં એમણે પોતાનું કાર્ય જીવનની અંતિમ પળ સુધી અવિરતપણે કરી બતાવ્યું અને તેથી જ શ્રી વિનોબાએ એમના અવસાનના સમાચાર મળતાં યોગ્ય રીતે કહ્યું છે.

'પૂર્ણ નિર્વર પુરુષનો નમૂનો જો મેં ક્યાંય જોયો હોય તો તે કિશોરલાલભાઈ હતા. તેઓ સ્પષ્ટવક્તા અને સ્વતંત્ર વિચારક હતા. પોતાના મનમાં જે હોય તે લગીરે ભય કે પક્ષપાત વિના તેઓ નિખાલસપણે કહી દેતા પરંતુ એમના દિલમાં સહુને માટે વિશુદ્ધ સ્નેહ હતો.'

શરીરે તેઓ નબળા ને દમના વ્યાધિથી પીડાતા હોવા છતાં એમણે કેટલું સખત કામ કર્યું છે. ગીતામાં અકર્મમાં કર્મની વાત કરી છે. કિશોરલાલ એનું જીવંત ઉદાહરણ હતા.

કિશોરલાલ જેવા મહાન સાધક, બ્રહ્મનિષ્ઠ, ઈશ્વરપરાયણ પુરુષનું પ્રયાણ આપણે માટે એક પાવન પ્રસંગ છે.

દમની બીમારી વધતાં 1952માં શ્રી મશરૂવાળાએ નવમી સપ્ટેમ્બરે સાંજે પોણા છ વાગે દેહત્યાગ કર્યો અને તે દિવસે તેમણે સાંજ પાંચ વાગ્યા સુધી એટલે કે મૃત્યુ પહેલા પોણો કલાક સુધી કામ કર્યું. આમ સતત કાર્યશીલ કામ કરતા કરતા મૃત્યુ પામ્યા.

સાહિત્યસર્જન :

ચરિત્રજીવન :

(1) રામ અને કૃષ્ણ

(2) ઈશુ ખ્રિસ્ત

(3) બુદ્ધ અને મહાવીર

(4) સહજાનંદ સ્વામી

ચરિત્રાત્મક નિબંધો :

(1)	જીવનશોધન	(1929)
(2)	સમૂળીક્રાંતિ	(1948)
(3)	ગાંધીવિચાર દોહન	(1932)
(4)	અહિંસા વિવેચન	(1942)
(5)	ગાંધીજી અને સામ્યવાદ	(1951)
(6)	કેળવણીના પાયા	(1925)
(7)	કેળવણી વિવેક	(1949)
(8)	કેળવણી વિકાસ	(1950)
(9)	ગીતામંથન	(1933)

પ્રકીર્ણ :

(1)	સ્ત્રીપુરુષમર્યાદા	(1937)
(2)	કાગડાની આંખે	(1947)
(3)	સંસાર અને ધર્મ	(1948)

અનુવાદ :

(1)	ગીતા ધ્વનિ	(1933)
(2)	વિદાયવેળાએ	(1938)
(3)	તિમિરમાં પ્રભા	(1936)
(4)	ઊધઈનું જીવન	(1940)
(5)	માનવી ખંડિયેરો	(1946)
(6)	સત્યમય જીવન	(1933)

અન્ય :

(1) જીવનશોધન ભાગ–1, 2

(2) સમૂળીક્રાંતિ

(3) ગાંધીજી અને સામ્યવાદ

2.

કિશોરલાલ મશરૂવાળાની ચરિત્ર કૃતિઓ

રામ :

ગાંધીયુગના સાહિત્યમાં સમાજ જીવનને કેન્દ્રમાં રાખીને મૂળગામી અને ક્રાંતીકારી સૂક્ષ્મદ્રષ્ટીના વિચારક તરીકે કિશોરલાલ મશરૂવાળા અનોખુ ને અનન્ય સ્થાન ધરાવે છે.

કિશોરલાલ મશરૂવાળા સર્વધર્મ સમભાવની ભાવના ધરાવતાં હતા. તેમણે જુદા–જુદા ધર્મમાં અતિશય પૂજાયેલા એવાં મહાપુરૂષોનો ટૂંકો પરિચય કરાવતા જીવનચરિત્રો રચ્યા છે. જેમાં તેમણે રચેલ રામ અને કૃષ્ણ' જીવનચરિત્રનો પરિચય અહી આપણે જોઈએ.

આ જીવનચરિત્ર લખવા પાછળનો લેખકનો ઉદ્દેશ આપણે તો મહાપુરુષોના જીવન પ્રસંગો જાણતા માણસ જાત માલૂમ પડે કે એ મહાન વ્યક્તિઓના જીવન માં પણ દૂ:ખ,પીડા, પુરુષાર્થ રહેલો હતો. આપણે પણ મહાપુરુષોના જીવનને જાણી અને એમના જેવા પવિત્ર, કર્તવ્યપરાયણ, કરૂણાવૃતિવાળા બની શકીએ.

'રામ અને કૃષ્ણ' જીવન ચરિત્રમાં હિન્દુ ધર્મના બે મહાન વ્યક્તિઓને એક સાથે રજૂ કરાયો છે. જેમાં 'રામ'ના જીવનને કાણ્ડ પ્રમાણે વિગતવાર વહેંચવામાં આવેલ છે. જેમાં બાળકાણ્ડ થી શરૂ કરી ઉતરકાણ્ડ સુધી રામના જીવનમાં બનેલા અતિ અગત્યના આવશ્યક પ્રસંગોને ટૂંકમાં

સચોટ અને તાર્દશ્ય વર્ણન કરી અહી રજૂ કરવાનો પ્રયત્ન કરેલ છે. જેમાં આપણે 'કાણ્ડ' પ્રમાણે ટૂંકમાં વિગતો જોઇએ.

બાલકાણ્ડ :

બાલકાણ્ડમાં કિશોરલાલ મશરૂવાળાએ રામાયણના ઐતિહાસિક તત્વને રજૂ કર્યું છે. જેમાં લેખક જણાવે છે કે રામાયણમાં અદભૂત અને ચમત્કારિક વાતો ભક્તિમાર્ગી કવિઓએ એવી રીતે મૂકી દીધી છે એ વાલ્મીકિ કૃત રામાયણ આ ચમત્કારિક વાતોથીજ ઢંકાઈ જાય છે. પરંતુ વાર્તાના પ્રવાહ સાથે સંબંધ ન હોય એવી વાતો અહી છોડી દીધી છે. રામની ચમત્કારિક વાતો તો આવવાની જ પરંતુ વધારે પડતાં અદ્ભભૂત રસને અહી રજૂ કરવામાં આવ્યો નથી. અહી રામના જીવનનું નાનકડું આદર્શા સાથેનું ચરિત્ર રજૂ કરાયું છે.

'રાજા રામચંદ્ર કી જય' એવો સૂર આજે પણ હિન્દુ સમાજના લોકોમાં ગુંજતો રહે છે. આવા હિન્દુ સમાજમાં રાજા તરીકે સ્થાન લેનાર રાજા રામને બ્રિટિશ સલતનતના સિંહાસન પર બેસનાર શહેનશાહોની શક્તિ કરતાં વધારે શક્તિશાળી બનાવ્યા છે. એમની શક્તિથી ઘણી વધારે શક્તિ ધરાવનાર રામ જો અત્યારે હોત તો બ્રિટિશ પર રાજ કરનાર સ્મ્રાટોને પૃથ્વીના કાંઈ તળે જ બેસાડી દીધા હોય. એમ રાવણના રાજ્ય કરતાય વધારે મોટી બ્રિટિશ સલ્તનતને ધૂળમાં રગદોળી નાખે તેવી શક્તિ ધરાવનાર રામને જીતી શકે તેવો કોઈ જ નહોતો. એમ કહી રામની શક્તિને રજૂ કરી છે.

રામને જીતવા હોય તો રામના ઉપાસક તરીકે જ શક્ય બને તેમ છે. રામના આદર્શો, સેવા, પ્રમાણિકતા વગેરે આદર્શો કેળવીને જ રામને જીતી શકાય અને એમના ઉપાસક બની શકાય. અહી લેખકે કૂળની વાત કરી છે. ઈક્ષ્વાકુ કુળ કે જે સૂર્ય કુળ કહેવાય. સૂર્યનો પુત્ર મનુ અને મનુનો પુત્ર ઈક્ષ્વાકુ એના કુળમાં જન્મનાર રામ ખરેખર સૂર્ય જેવા પ્રતાપી રાજા હતા. એમના કુળમાં થઈ ગયેલા રાજાઓ સાગર, દિલિપ, ભગીરથ, હરિશ્ચંદ્ર, બુધ્ધ,

મહાવીર જેવા મહાનપુરુષોનો જન્મ આ કુળમાં થયો હતો. આવા કુળમાં રઘુવંશના રાજાઓમાં દશરથ નામે રાજા અને આ રાજાને ત્રણ પત્નીઓ કૌશલ્યા, સુમિત્રા અને કૈકૈયી હતી. દશરથ રાજાને મોટી ઉમરે ચાર પુત્રો પ્રાપ્ત થાય છે. એકાદ દિવસના નાના મોટા આ ભાઈઓમાં એકાદ દિવસ મોટા ભાઈ પ્રત્યે પણ વડીલ જેવુ માન જાળવવાના સંસ્કાર હતા. આ ભાઈઓમાં રામ સૌથી મોટા હતા. એમનો જન્મ ચૈત્ર સુદ નવમીને દિવસે થયો. ત્યારબાદ એકાદ દિવસ પછી ભરત અને એમના એકાદ દિવસ પછી લક્ષ્મણ અને શત્રુઘ્નનો જન્મ થયો હતો. આ ચારેય ભાઈઓને માતા, પિતા, ગુરુદેવ, અતિથિને દેવ માનવાના સંસ્કાર બાળપણથી જ મળ્યા હતા. ચારેય ભાઈઓ ને એક બીજા પ્રત્યે ગાઢ પ્રીતિ ને પ્રેમ હતો.

એકવાર વિશ્વામિત્ર યજ્ઞ કરતાં હતા. ત્યારે કેટલાક રાક્ષસોના ડરથી બચવા માટે રાજા દશરથ પાસે રામ અને લક્ષ્મણને મદદમાં લઈ જવા માટે વિશ્વામિત્ર આવે છે. ઘણા વર્ષે પુત્ર પ્રાપ્તી થતાં દશરથ રાજા જોખમ ખેડવા તૈયાર થતાં નથી. એ પુત્રોને મોકલવા તૈયાર થતાં નથી. પરંતુ વશિષ્ઠની સમજાવટથી દશરથ રાજા પુત્રોને મોકલવા તૈયાર થાય છે. છેવટે રામ–લક્ષ્મણ વિશ્વામિત્ર પાસે જાવા માટે તૈયાર થાય છે. વિશ્વામિત્રએ પોતે દીક્ષા લીધી હોવાથી તે રાક્ષસોને મારી ન શકે એમ હતું. આથી તેમણે ધનુર્વિદ્યા અને અશ્ત્રવિદ્યામાં બે ભાઈઓ રામ અને લક્ષ્મણને બરાબર વિદ્યા આપીને નિપુણ બનાવી દીધા અને યુધ્ધકળા શીખવી ઉત્તમ યોધ્ધા બનાવીને શત્રુઓનો નાશ કરવા સક્ષમ બનાવી દીધા છેવટે રામ લક્ષ્મણ રાક્ષસોને હરાવે છે અને વિશ્વામિત્રનો યજ્ઞ પૂરો થતાં વિશ્વામિત્ર રામ અને લક્ષ્મણને અનેક પ્રદેશોનો પ્રવાસ કરાવે છે તે પ્રજાનો ઈતિહાસ, પ્રજા, ઉત્પત્તિ, જમીન, નદીઓ, રીત–રિવાજોનું જ્ઞાન કરાવે છે અને શિક્ષણ આપે છે. પ્રવાસ કરતા કરતાં મિથિલાનગરી માં પહોચે છે ત્યાં રાજા જનકે પોતાની દીકરી સીતાનો સ્વયંવર રાખેલ હોય છે. તે સ્વયંવરમાં જનક રાજા એ એવી

શરત રાખી હતી કે જે પણછ ચડાવી શકે તેને હું મારી દીકરી પરણાવું અને આ સ્વયંવરમાં ગુરુ વિશ્વામિત્ર ની આજ્ઞાથી રામ તૈયાર થાય છે. ગુરુને પ્રણામ કરીને ધનુષ્યની પણછ ચઢાવવા તૈયાર થઈ જાય છે ત્યાં ધનુષ્યની દોરી તૂટી જાય છે અને ધનુષ્ય પડી જાય છે. જે કોઈ પરાક્રમી રાજાથી ધનુષ્ય ન ઉચકાયું એ ધનુષ્ય રામે તોડી બતાવ્યુ આથી રામના પરકરમથી જનક રાજા પ્રસન્ન થાય છે. અને પોતાના માણસોને દશરથ રાજાનો તેડાવવા મોકલે છે. દશરથ રાજા અને અયોધ્યાવાસી ના આગમન પછી રામ–સીતાના લગ્ન કરાવે છે અને જનક રાજા પોતાની બીજી દીકરીઓને અને ભત્રીજીઓને પણ લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન સાથે પરણાવે છે.

લગ્ન પૂરા થતાં સર્વે અયોધ્યાવાસી અયોધ્યા આવવા નીકળે છે ત્યાં રસ્તામાં ક્ષત્રિયોના શત્રુ પરશુરામ મળે છે.આ પરશુરામ શરીરમાં ઊંચા માથા પર જટાનો ભાર હતો. નેત્ર લાલચોળ, ખાંધ પર મોટી ફરશી અને બીજી ખાંધ પર વૈષ્ણવી ધનુષ્ય હતું આ પરશુરામ રામના શિવ ધનુષ્ય તોડવાના પરાક્રમથી ડરીને આવે છે. ભગવાનના પરાક્રમથી ડરીને રામ મોટા થઈને બ્રાહ્મણોને દુઃખ પહોચડશે એના કરતાં અત્યારે જ રામને મારી નાખવાનો પરશુરામનો ઈરાદો છે. અને રામ પણ પરશુરામના શિવ ધનુષ્ય ચઢાવવાના પરાક્રમથી અંજાઈ જાય છે. અને છેવટે પરશુરામનું અભિમાન ઉતારી નાખે છે. અને રામને વંદના કરી પરશુરામ તપ કરવા ચાલ્યા જાય છે.

અયોધ્યાકાંડ :–

અયોધ્યાકાંડમાં લેખકે અયોધ્યામાં રામને પ્રાપ્ત થનાર યુવરાજ પદથી શરૂ કરીને દશરથ રાજાના મૃત્યુ અને ભરતને મળવાપાત્ર રાજગાદી સુધી વચ્ચે અયોધ્યાની કેવી કપટી પરિસ્થિતિ થઈ તેનું વર્ણન કર્યું છે.

અયોધ્યામાં શાંતિથી આનંદમાં ચાલતાં દિવસોનો અંત આવે છે. હવે દશરથ રાજાએ પોતાની ઉંમર અને અશક્તિને કારણે રાજ્યના વિદ્વાનો, બ્રાહ્મણો, ક્ષત્રિયો વગેરેની સભામાં રામને રાજ્યાભિષેક કરવા પ્રસ્તાવ મૂકી

દીધો હોય છે.સૌ એ સ્વીકાર માન્ય રાખે છે. આથી બીજા દિવસે રાજા તરીકે રામનો રાજ્યાભિષેક થવાનો હતો.

ત્યાં રામના રાજ્યાભિષેક કરવાના સમયે ભરત પોતાના મોસાળમાં હોય છે અને ભરતની ગેરહાજરીથી થયેલા આ નિર્ણયને કૈકઈની દાસી મંથરા દ્વારા કૈકયીને કાન ભંભેરવાનું કામ કરતાં કૈકયી પણ દાસી મંથરાના કહેવામાં આવી જાય છે. રાજા દશરથે એક વખતે રાણી કૈકયીને આપેલાં બે વચન મંથરા કૈકયીને યાદ કરાવે છે. અને એ બે વચન માગવાનો સમય આવી ગયો છે. આથી કૈકયી રાજા દશરથને વચનમાં બાંધીને પોતાના વચન માંગી લે છે જેમાં બીજા દિવસે મોટા પુત્ર રામનો રાજ્યાભિષેક થવાનો છે, એટલે દશરથ રાજા ખુશમાં ને ખુશમાં કૈકેયીને વચન આપી દે છે. છેવટે કૈકયી પહેલું વચન ભરતને રાજગાદી સોપવાનું માગે છે. અને રામને ચૌદ વરસનો વનવાસ થાય એવું વરદાન માગે છે. આવાં વચન કૈકયી માગશે એવો દશરથ રાજાને જરા પણ ખ્યાલ નહોતો અને વગર વિચાર્યું વરદાન આપવાથી કેવી દશા થાય એ દશરથ રાજાને બરાબર સમજાય છે. દશરથ રાજા તે દિવસે આખી રાત સૂઈ ન શક્યા સવાર થતાં રામનો રાજયાભિષેક કરાવવા માટે ઋષી વસિષ્ઠે બધીજ તૈયારી કરી રાખી હતી, અને દશરથ રાજા એ સમયે ત્યાં ન આવ્યા હોવાથી કોઈ દશરથ રાજાને જગાડવા માટે જાય છે. છેવટે શોકગ્રસ્ત ચહેરે દશરથ રાજા રાજ્યાભિષેક માટે પ્રવેશે છે, પરંતુ કંઇ બોલી શકતા નથી. આથી કૈકયી રાજ્ય સમક્ષ બધી વિગતે વાત કહી સંભળાવે છે. આ વાત સાંભળતાંજ દશરથ રાજા દુઃખી ચહેરે આંખોમાં ચોધાર આંસુએ એક ખૂણામાં રડી રહ્યા હોય છે. પરંતુ પિતાના વરદાનની લાજ જાળવવા માટે રામ કડવા સત્યને દુઃખી હૃદયે સ્વીકારી લે છે. અને એક વચની, એકબાણી અને એક પત્નિવ્રતી વ્રતો પાળનાર રામ બને છે. રામ વનવાસ જવા તૈયાર થઈ જાય છે. કૌશલ્યા માતાના આશીર્વાદ લઈને રામ વનવાસ જવાની તૈયારી કરે છે. રામના વનમાં જવાના સમાચાર કૌશલ્યા માતાને મળતાં દુઃખી બનેલા કૌશલ્યાને પ્રિય

વચનોથી રામ ધીરજ આપે છે. સીતા રામની સાથે જવા તૈયાર થાય છે. લક્ષ્મણ પણ સુમિત્રા માતાની આજ્ઞા લઈને રામ સીતા સાથે વનમાં જવા તૈયારી કરે છે. રામ રાજ્યની તમામ જવાબદારી ભરત બરાબર પાળશે. એમ કહી દશરથ રાજાના છેલ્લા આશીર્વાદ લઈ પ્રમાણ કરીને રામ વનમાં જવા તૈયાર થાય છે ત્યાં કૈકયી ત્રણે માટે લાવેલા વલ્કલોં પહેરાવીને રાજ્યના રથમાં બેસાડી પોતાના દેશની બહાર સુધી મોકલાવી દેવાની વ્યવસ્થા કરે છે. સર્વ વડીલો, ગુરુઓના પ્રણામ, આશીર્વાદ લઈને રથમાં બેસીને ચાલ્યા જવા સારથીને આદેશ કરવામાં આવે છે. રામના પ્રેમથી આકર્ષાયેલી પ્રજા છેક વન સુધી રામની પાછળ જાય છે. સાંજ સુધી ખાધા પીધા વીના પ્રજા ફરે છે. છેવટે સાંજ પડતાં રથ ઊભો રાખીને તમસા નદી કિનારે બધા આરામ કરવા રોકાય છે. અને વહેલી સવારે રામે લક્ષ્મણને ઉઠાડીને લોકો ઊઠે તે પહેલાં ચાલ્યા જવા માટે તૈયારી કરે છે. અને સવારે વહેલા ઊઠીને રામના રથને ન જોતાં લોકો શોકગ્રસ્ત, નિરાશ હૃદયે અયોધ્યા તરફ પાછા ફરે છે.

આ બાજુ રામને મૂકીને સૂત અયોધ્યા તરફ પહોંચે છે ત્યાં દશરથ રાજા ઋષિ પુત્ર શ્રવણ અને એના માતા–પિતાના શાપથી પોતાના પુત્રના વિરહમાં ઝૂરતા ઝૂરતા રામ–રામ નું રટણ કરતા મધરાતે પ્રાણ છોડે છે. આથી રામ રામનું રટણ આજ સુધી ભારત વર્ષમાં બોલાવાય છે.

કૌશલ્યા અને સુમિત્રાએ તો પતિ પુત્રનો એક સાથે વિયોગ થતાં દૂ:ખ આવી પડે છે. કૈકેયીને દશરથ રાજા પ્રત્યે પ્રેમ હતો. પરંતુ રાજપ્રાપ્તિનો મોહ હજુ ઉતાર્યો ન હતો. આથી વિધવા થવાનું દૂ:ખ દેખાયું નહિ. અને પુત્રને રાજ્ય મળશે ઈનો આનંદ હતો.

દશરથ રાજાના મૃત્યુ પછી વસિષ્ઠ પર રાજ્યની જવાબદારી આવી પડતા તેઓ મોસાળમાં ગયેલ ભરતને તેડાવવા માટે દૂતને મોકલે છે. ભરત અને શત્રુઘ્ન આવે છે. ત્યારે પિતાના મૃત્યુના સમાચાર અને રામને વનમાં

ગયાના સમાચાર સાંભળતા દુખી થાય છે. અને કૈકેયી ભરતને રાજાના સંબોધનથી અભિનંદન આપે છે.ત્યારે ભરતને આશ્ચર્ય થાય છે.

પરંતુ કૈકેયીની ધારણા અહીં ખોટી પડે છે. ભરત માતા કૌશલ્યા પાસે જાય છે તો કૌશલ્યાને એમ કે આ બધા વચનોમાં ભરતનો પણ સાથ હશે એમ માનીને કૌશલ્યા ભરતને ઠપકો આપે છે. પરંતુ આ કઠોર વચનોથી ભરત મૂર્છિત થઈ જમીન પર પછડાઈ જાય છે. કૌશલ્યા મધુર વચનોથી ભરતને સાંત્વન આપે છે. અને રાજગાદી સ્વીકારતા ભરત ચતુરંગ સેના લઈને રામને તેડવા માટે વનમાં જવાની તૈયારી કરે છે. રામે જટા અને વલ્કલ ધારણ કર્યા હોય છે. એવા સમાચાર મળતા ભરતે પણ હવેથી રાજદરબારી પોષાક કાઢી જટા અને વલ્કલ ધારણ કરવાનું વ્રત લીધું. સૈન્ય સાથે ચિત્રકૂટ પહોંચેલા ભરતને જોઈને ચિત્રકૂટના લોકો માને છે કે ભરત રામનો વધ કરવા આવેલા છે, તેથી રામ ક્યાં રોકાયેલા છે એવું કહેવા તૈયાર થતા જ નથી છેવટે ગુરુ વસિષ્ઠની સમજાવટથી પ્રજાને જણાવે છે. ભરત પોતાના મોટા ભાઈના પ્રેમને કારણે આવ્યા છે. ભરત રામના ચરણોમાં માથું નાખી રામને મળતાં જ ડૂસકે ડૂસકે રડી પડે છે. રામને રાજગાદી હું પાછી સોંપું છું એમ કહે છે. તમે પિતાની આજ્ઞાનો ભંગ નથી કર્યો. કે મેં તમને પાછી રાજગાદી સોંપી છે, એમ કહીને સમજાવે છે. પિતાનું વચન સત્ય કરવું એ જ પુત્રનું કર્તવ્ય છે. હું સર્વ વસ્તુ સત્ય જ સ્વીકારીશ. રાજા એ તો હંમેશા સત્ય જ સ્વીકારવું જોઈએ. એમ સત્યનો આગ્રહ રાખી રામ રાજગાદી સ્વીકારવાની ના કહી દે છે. રામની પાદુકા રાજગાદી પર મૂકી ભરત જ્યાં સુધી રામ ન આવે ત્યાં સુધી આજ રીતે કારભાર ચલાવવા વાત કરે છે.

અરણ્યકાંડ:–

આ કાંડમાં રામ, લક્ષ્મણ સીતાને અરણ્ય કાંડમાં પડેલી મુશ્કેલી રાક્ષસોનો સામનો કેવી રીતે કર્યો ? એ સીતાહરણ વગેરે પ્રસંગોને આવરી લીધા છે.

રામ, સીતા અને લક્ષ્મણ જુદા જુદા આશ્રમોમાં થઈ અરણ્યમાં ચાલ્યા જતાં હોય છે ત્યાં દંડકારણ્યમાં કેટલાક રાક્ષસોનો વધ કરતાં કરતાં ચિત્રકૂટથી પમ્પા સરોવર, દક્ષિણમાં અગત્સ્ય મુનીના આશ્રમમાં જાય છે. અગત્સ્ય મુની દ્વારા રામને એક મોટું વૈષ્ણવી ધનુષ્ય, અમોઘ બાણ, અખૂટ બાણથી ભરેલા બે ભાથા અને સોનાના મ્યાનમાં મૂકેલી એક તલવાર ભેટ આપવામાં આવે છે. અને પંચવટીમાં રહે છે. પંચવટીથી જતાં રસ્તામાં જટાયું સાથે મિત્રતા થતાં લક્ષ્મણ દ્વારા ગોદાવરી નદી કાંઠે બનાવેલ એક પર્ણકુટીમાં રહે છે. ત્યાં જાટાયુ પણ ઝાડ પર રહીને એમનો ચોંકી પહેરો કરે છે. એક શિયાળાની સવારે રામ, લક્ષ્મણ, સીતા નદીમાંથી સ્નાન કરી પરત ફરતાં હતાં ત્યાં રાવણની માસીયાઈ બહેન શૂણપંખા આવી ચઢે છે. અને રામ સાથે લગ્નની માગણી કરે છે. આથી રામની આજ્ઞાથી લક્ષ્મણ શૂર્પણખાના કાન–નાક કાપી દે છે. શૂર્પણખા ચીસો પાડતી તેના સગા ભાઈ ખર અને દૂષણ પાસે જાય છે. આ બંને ભાઈઓ રાક્ષસો સાથે પંચવટીમાં આક્રમણ કરે છે. રાક્ષસો સાથેના ભયંકર યુધ્ધમાં છેવટે રામ સર્વ રાક્ષસોને મારીને વિજયી બને છે.

રામના આવા પરાક્રમને જોઈ અને બે ભાઈ અને ઘણા રાક્ષસોના મૃત્યુથી ડરી ગયેલી શૂણપંખા લંકામાં રાવણ પાસે મદદ માગવા જાય છે. રાવણનું પરાક્રમ એ વખતે દશે દિશાઓમાં જાણીતું હતું. આથી તેને દશાશન (દશે દિશાએ મુખવાળો) કહેવાતો, આવો મંત્રવિદ્યા, નિશાનવિદ્યામાં કુશળ, વિદ્વાન બ્રાહ્મણ અને શાસ્ત્રજ્ઞ હતો. તેનું રાજ્ય ત્રણેય લોકમાં સમાય એટલા મોટા રાજ્યવાળો પ્રતાપી, પરાક્રમી, બળવાન રાવણને રામના પરાક્રમની, લક્ષ્મણે કરેલા અપમાનની વાત કરી અને રાવણને શૂર્પણખાને કહ્યું કે હું રામની સુંદર સ્ત્રી સીતાને તારે માટે હરણ કરવા ગઈ હતી અને મારે આવું સહન કરવું પડ્યું.

સીતાને હરી લાવવા અને રામના પરાક્રમનું વેર લેવા માટે રાવણે મારીચ નામના એક અસુરને સુવર્ણ મૃગ બનાવીને સીતાને લલચાવવાનો પ્રયત્ન કરવાનું કાવતરું ઘડ્યું. આ સુવર્ણ મૃગનું રૂપ ધારણ કરેલ મારીચ ઝાડપાનના કુમળા પાન ખાતા–ખાતા રામ જ્યાં વસે છે ત્યાં ફૂલવીણતા સીતાની નજર સમક્ષ આવે છે. આ કુમળા સરસ મજાનાં સુવર્ણ મૃગને જોઈને સીતા જીવતા કે મરેલા આ મૃગલાને લાવવાની જીદ પકડે છે. આથી પત્નીને ખુશ કરવા રામ લક્ષ્મણને સીતા પાસે મૂકીને હરણ પાછળ દોડતા દોડતા દૂર જંગલમાં જતા રહે છે. હવે જીવતાં મૃગ હાથમાં આવે એવું નથી લાગતું. આથી રામ બાણથી એને વીંધે છે, ત્યારે રાવણના કાવતરા પ્રમાણે એ મરતાં મરતાં અસલી રૂપ ધારણ કરી દે છે અને હે સીતા ! હે લક્ષ્મણ ! એવી મોટેથી ચીસો પાડીને લક્ષ્મણને આ બાજુ જંગલમાં બોલાવવાનો પ્રયત્ન કરે છે.

સીતા લક્ષ્મણને મોટા ભાઈની મદદમાં જવા માટે આજ્ઞા કરે છે. લક્ષ્મણ સીતાને ધીરજ રાખવા સમજાવે છે. પરંતુ ઉતાવળા વિચાર વાળી સીતા ક્રોધીત થતાં લક્ષ્મણ સીતા માતાની આજ્ઞા માની મોટા ભાઈની આજ્ઞા વિના જ ભાઈની મદદમાં જવા તૈયાર થઈ જાય છે. આ બાજુ લક્ષ્મણના જવાની રાહ જોતા રાવણ સંન્યાસી વેશ ધારણ કરી પર્ણકૂટી આગળ આવી પહોંચે છે. સીતાએ સાધુ જાણીને રાવણનો આદર, સત્કાર કર્યા, અહીં લેખકે મૂળકૃતિ કરતાં બદલાવ લાવીને રાવણ પોતાના રાજ્ય, સંપત્તિ પરાક્રમો સીતા સમક્ષ રજૂ કરતો બતાવ્યો છે. અને પટરાણી બનાવવાની લાલચ પણ આપે છે. સાધુવેશમાં આવેલા અસૂરને સીતા ક્રોધીત થઈને તિરસ્કારે છે. છેવટે રાવણ પોતાનું અસલ રૂપ પ્રગટ કરીને સીતાનો ચોટલો પકડીને ઘસેડીને પોતાના મોટા ખચ્ચરવાળા રથમાં બેસાડી નીકળી પડે છે. સીતા પણ પોતાના બચાવ માટે રામ અને લક્ષ્મણના નામની બૂમો પાડીને પોતાને છોડાવવાનો પ્રયત્ન કરે છે. રાવણ સીતાને પોતાના ખચ્ચરવાળા રથમાં ઉપાડી જતાં પેલું વૃધ્ધ જટાયુ પક્ષી સીતાને બચાવવા માટે જતાં અસુર પરાક્રમી રાવણ આગળ આ

એક પગે લંગડું જટાયું પોતાનામાં હતી એટલી શક્તિ અજમાવે છે. છતાં લાચાર જટાયુની રાવણ બે પાંખો કાપી નાખે છે. અને જમીન પર પછડાયેલું જટાયુ પોતાનું જીવતર અબળાના રક્ષણાર્થે પ્રાણ અર્પણ કરી દે છે.

રામાયણમાં આવતી વાનર જાતિનો ટૂંકમાં પરિચય લેખકે અહીં કરાવ્યો છે તેમાં વાનરો મનુષ્ય જેવી વાણી અને શક્તિ ધરાવતા, ફળ, મૂળ અને કન્દ ઉપર રહેલા અને વસ્ત્રોનો ઉપયોગ ન કરતા પરંતુ મનુષ્યના જેટલો જ બુદ્ધિનો વિકાસ ધરાવતા આ વાંદરાઓમાં માણસો જેવી જ રાજ્ય વ્યવસ્થા હતી. આ રાજ્ય વ્યવસ્થામાં વાલી નામનો એમનો રાજા હતો. આ વાલીએ પોતાના ભાઈ સુગ્રીવનું રાજ્ય પડાવી લીધું . એની સ્ત્રીને રાણી બનાવી ભાઈ સુગ્રીવને દેશનિકાલ કર્યો હતો. સુગ્રીવ ભાઈના ડરથી હનુમાન અને બીજા ત્રણ વાનર સાથીઓ સાથે ઋષ્યમૂક પર્વત પર સંતાતો ફરતો હતો. આ સુગ્રીવના પરમ મિત્ર અને મંત્રી સમાન વાનરોમાં સર્વથી બળવાન, બુદ્ધિવાન, ચરિત્રવાન અને સદા બ્રહ્મચારી એવા હનુમાન હતા.

રાવણ જટાયુને મારી સીતાને લઈને લંકા તરફ જતો હોય છે, ત્યારે સીતા પોતાના બચાવ માટે અને રામને ખબર પડે કે સીતાને કોઈ આ બાજુ લઈ ગયેલ છે તે માટે પોતાના વસ્ત્રનો છેડો અને અલંકાર ઋષ્યમૂક પર્વત તરફ ફેંકે છે. જ્યાં સુગ્રીવ અને તેના પાંચ સાથી વાનરો બેઠા હોય છે. એમને આ વસ્ત્રનો ટૂકડો મળે છે. રામ અને લક્ષ્મણ કુટીરમાં પાછા ફરે છે. તો સીતા માતા હાજર હોતા નથી. આથી ગભરાયેલા રામ સીતા–સીતા કરતાં ગાંડાની જેમ વ્યાકુળ બની ઝાડ, પાન, ફળ, ફૂલ, વૃક્ષ સર્વને સીતાના સમાચાર પૂછવા લાગે છે. સીતા માતાની શોધ કરવા બંને ભાઈ નીકળી પડે છે. આશ્રમ છોડી આગળ જતાં બંને ભાઈઓને રસ્તામાં ઘાયલ થયેલ જટાયુ રાવણ સીતા માતાનું હરણ કરી ગયો છે. એવી બાતમી આપે છે અને પોતાના પ્રાણ ત્યજી દે છે. આ રીતે જટાયુ મરતા મરતા રામ પ્રત્યે સેવા કરતું ગયું. પોતાના મિત્રના મરણથી બંને ભાઈ શોકગ્રસ્ત થયેલ આવતા હાલતમાં યોગ્ય પ્રેતક્રિયા કરી

દક્ષિણ દિશા તરફ આગળ સીતાની શોધમાં નીકળે છે. રસ્તામાં કેટલાય રાક્ષસોનો સંહાર કરતાં પમ્પા સરોવર પાસે માતંગ ઋષિના આશ્રમમાં આવી પહોંચે છે. ત્યાં એક ભીલ તપસ્વિની શબરી રામને પોતાના જૂઠ્ઠા બોર ખવડાવીને આદર, સત્કાર કરે છે. ત્યાંથી આગળ વધતાં રામ, લક્ષ્મણ ઋષ્યમૂક પર્વત તરફ જતાં વાલી અને હનુમાન સાથે મેળાપ થાય છે. રામને જોતાં જ હનુમાનને તો રામ પ્રત્યેની પોતાની ભક્તિ ઉભરાઇ આવે છે. અને રામની સેવામાં જ પોતાનું જીવન ગાળવું એમ નિર્ધાર કરી લે છે. સુગ્રીવ અને હનુમાન સીતા માતાના અલંકાર રામને બતાવીને રાવણ જ સીતા માતાને ઉપાડી ગયો છે એ વાતની ખાત્રી કરે છે. રામ સીતા માતાના અલંકાર ઓળખી જાય છે. સુગ્રીવ પણ રામની મદદ કરવા તૈયાર થાય છે. અને મિત્ર બની જાય છે. સુગ્રીવ રામને મદદ કરે એ પહેલાં વાલીનું સંકટ દૂર કરવું જરૂરી હતું. આથી રામ વાલીને મારવાની પ્રતિજ્ઞા કરી પછી સર્વે વાલી જ્યાં રહેતા હતો ત્યાં કિષ્કન્ધા તરફ જાય છે. અને સુગ્રીવ વાલીને યુધ્ધ માટે લલકારે છે બંને ભાઈઓ વચ્ચે યુધ્ધ શરૂ થાય છે. અને રામ વૃક્ષ પાછળ સંતાઈને વાલીને બાણથી મારવા પ્રયત્ન કરવા જાય છે. પરંતુ બંને ભાઈઓ એક સરખા લાગતાં.કોને બાણ મારવું એ રામ નક્કી કરી શકતા નથી. વાલી પણ સુગ્રીવને મારવા લાગે છે. આથી સુગ્રીવ પાછો રામ પાસે દોડી આવે છે. રામ બંને ભાઈઓ ઓળખાય એટલે પીળા ફૂલોવાળી માળા પહેરાવી સુગ્રીવને યુધ્ધમાં મોકલે છે રામ, લક્ષ્મણ, હનુમાન વગેરે ઝાડ પાછળ સંતાઈને બંને ભાઈઓની કુસ્તી જોવા લાગે છે. આ કુસ્તીમાં સુગ્રીવ તૈયાર હોય છે. ત્યાં રામ બાણ છોડીને વાલીને મારી નાખે છે. વાલી મરતાં મરતાં રામને કડવાં વચનો કહે છે.

"હે રામ, તમે સત્યાચરણી, પરાક્રમી, ધર્મશીલ, તેજસ્વી અને સન્માર્ગે જનારા કહેવડાવો છો. છતાં હું બીજા સાથે યુધ્ધ કરવામાં રોકાયલો હતો તેવામાં એક બાજુ ભરાઈ જઇ તમે મને બાણ માર્યું એ વાત ન્યાય છે? મે

તમારા રાજ્ય કે નગરમાં આવી તમારો કાંઇ પણ અપરાધ કર્યો નથી. પાછળથી ભરાઈ રહીને શસ્ત્રપ્રહાર કરવો, કિંવા પોતાની સાથે યુદ્ધ ન કરનારને મારવો, આવું અધર્મકૃત્ય કરી તમે સજ્જનોમાં શું મોઢું બતાવશો" [૧]

રામ વાલીને એનો જવાબ આપતાં સનાતન ધર્મ શું છે એ સમજાવતા કહે છે. " ધર્માચરણ કાયમ રાખવા હું પૃથ્વી ઉપર ફરું છું. હાલ તું કેવળ કામાન્ધ થઈ ધર્માચરણનો ત્યાગ કરી નિંધ કર્મ કરતો હતો. બાપ, જયેષ્ઠ બંધુ અને ગૂરૂ એ ત્રણે પિતાને ઠેકાણે છે. અને પુત્ર, નાનો ભાઈ અને શિષ્ય એ ત્રણે પુત્રસ્થાને છે. તે સજ્જનોનો ધર્મ છોડી પુત્ર વધુ સમાન સુગ્રીવની સ્ત્રી સાથે અધર્મ કર્યો છે. તેને માટે તને મૃત્યુ સિવાય બીજી કોઈ સજા યોગ્ય નથી. તને છુપાઈને મારવાનું કારણ એજ કે તું વનચર પ્રાણી છે અને મૃગયાના કામ એજ કે તું વનચર પ્રાણી છે, અને મૃગયાના નિયમ પ્રમાણે ધર્મિષ્ઠ રાજાઓ પણ પ્રાણીઓને સંતાઈ રહીને અથવા કપટથી ફસાવીને મારે છે; માટે તેમ કરવામાં મે કશો અધર્મ કર્યો નથી." [૨]

આમ, રામે સમાજમાં ધર્મ, અધર્મ, નિંદાની વાત લોકો સમક્ષ મૂકી છે.

વાલીના મરવાથી રામ, લક્ષ્મણને પણ ઘણું દુઃખ થયું. અને વાલી મરતાં મરતાં સુગ્રીવને પોતાના પુત્ર અંગદની સંભાળ કરવાનું વચન આપતો ગયો હોય છે. વાલીના મૃત્યુ બાદ રામે યુવરાજપદે અંગદને નિમ્યો અને રાજયાભિષેક કરાવ્યો. કેટલાક દિવસો આમને આમ આનંદમાં ચાલ્યા ગયા. પછી ચોમાસું આવ્યું ચોમાસામાં રામ, લક્ષ્મણ એક ગુફામાં રહેવા ચાલ્યા ગયા. ત્યાં ચોમાસું પૂરું થતાં સુગ્રીવે રામને સીતાને શોધી લાવવામાં મદદ કરવાનું આપેલું વચન ભૂલી ગયા હોવાથી લક્ષ્મણ કડકાઇથી સુગ્રીવને સીતાને શોધવાની પ્રતિજ્ઞા યાદ કરાવે છે. લક્ષ્મણ સુગ્રીવ ભૂલી ગયો હોવાથી તેને વચન યાદ કરાવે છે અને પોતાના દૂત મોકલી વાનરદળોને આજ્ઞા કરી દરેક દિશામાંથી સીતાને ભાળ મેળવવામાં આદેશ કરે છે. લગભગ સીતા લંકામાં જ હશે એમ માનીને લંકા બાજુ હનુમાન, અંગદ વગેરે બળવાન વાનરો

અને જાંબૂવન જેવા રીંછોને એ દિશામાં મોકલે છે. એમને સીતા જો મળે તો સીતા ખરેખર એ રામના જ માણસો છે. એમ ખાત્રી કરવા માટે રામ પોતાની વીંટી હનુમાનને આપે છે. સીતા સમક્ષ રજૂ કરવા કહે છે. આ બધા વાનરોની સેના રામેશ્વર આગળ સમુદ્ર ઓળંગી લંકા જવાની તૈયારી કરે છે પરંતુ સમુદ્ર કેવી રીતે ઓળંગવો એ ચર્ચા કરતાં છેવટે હનુમાન સમુદ્ર ઓળંગી લંકામાં પ્રવેશ કરે છે.

સુંદરકાંડ :

હનુમાન સમુદ્ર ઓળંગીને રાવણની લંકામાં સીતાની શોધ માટે પ્રવેશે છે. રાવણનું સમગ્ર અંત:પૂર શોધી વળે છે. પરંતુ સીતાનો ક્યાંય પત્તો ન લાગતાં હનુમાન અશોકવનમાં એક એક ઝાડ પર બેસે છે, ત્યાં અશોકવાટિકામાં રાક્ષસોની દેખરેખ નીચે દયામણી સ્થિતિમાં, છૂટા કેશે, પીળાં મલીન વસ્ત્રમાં, શરીર પર એક પણ સૌભાગ્યની નિશાની કે અલંકાર વિનાની સાધ્વી જેવી લાગતી એક સ્ત્રી બેઠેલી જોઈ હનુમાન સમજી જાય છે કે આ જ સીતા છે. સીતાની આવી દશા જોઈ હનુમાનની આંખોમાંથી આંસુ આવવા લાગે છે.

વૃક્ષ પર બેઠેલા હનુમાન અશોકવાટિકાના બની રહેલા બનાવો જોવે છે. જેમાં રાવણ સીતાને લલચાવવા અને ધમકાવવા આવે છે. આથી સીતા પણ ક્રોધિત બની સખ્તાઈથી જવાબ આપતા નજરે પડે છે. રાક્ષસીઓ પણ સીતાને ત્રાસ આપતી હોય છે. એ બધુ સીતા સહન કરે છે. કંટાળેલી સીતા હવે આત્મહત્યા કરવાનું વિચારે છે. ત્યારે હનુમાન સીતા સમક્ષ રજૂ થવાનો આ ખરો સમય છે એમ માનીને ઝાડ પરથી રામનું સંક્ષિપ્તમાં ચરિત્ર ગાવા લાગે છે. ઝાડ પરથી ઉતરીને સીતા સમક્ષ પોતે રામ અને લક્ષ્મણના અનુચર છે એમ સમાચાર આપી રામ દ્વારા અપાયેલ રામની મુદ્રા સીતા સામે રજૂ કરે છે. ત્યારે સીતાને ખાત્રી થાય છે કે ખરેખર આ રામનો જ દૂત છે. સીતા હનુમાનને

રામના સમાચાર પૂછીને રામ સીતાને છોડાવવાના કેવા પ્રયત્નો કરે છે તેની ચર્ચા કરે છે.

હનુમાન સીતાને શોધી તો શક્યા, પરંતુ જતાં જતાં રાવણને પોતાના પરાક્રમ બતાડવા માટે હનુમાન સીતા માતાની રજા લઈ અશોકવાટિકાના બધા ઝાડ ઉખેડી નાખે છે. વાટિકામાં ઝાડ ઉખેડી ઉદ્ધંડ કરનાર કોઈ દુષ્ટ વાનર આવી ચડ્યો છે. એમ રાવણને રાક્ષસીઓ જાણ કરે છે. રાવણ આ દુષ્ટ વાનરને પકડવા રાક્ષસોને હુકમ કરે છે. પરંતુ હનુમાન પોતાની પૂંછડીના જોરે કેટલાય રાક્ષસોનો સંહાર કરે છે. જોતજોતામાં વાટિકામાં કેટલાય રાક્ષસો મરી જાય છે. છેવટે ઇન્દ્રજીત હનુમાન સામે યુધ્ધમાં આવે છે. ઇંદ્રજીત હનુમાનને બાંધે છે. અને પકડીને રાવણ પાસે લઈ જાય છે. રાવણને હનુમાન સીતાને છોડવવા કહે છે અને રાવણે કરેલા આ અધર્મ અને અન્યાય માટે સમજાવે છે. તો રાવણ વધારેને વધારે ગુસ્સે થતાં હનુમાનનો વધ કરવા તૈયાર થાય છે. પરંતુ વિભિષણ હનુમાન દૂત બની આવેલ હોવાથી દૂતનો ક્યારે વધ ન થાય એમ રાવણ સમજાવે છે.

અહીં લેખક આ વાતમાં કંઈ તથ્ય નથી એમ રજૂ કરે છે ‘અશોકવાટિકામાં કરેલા નુકશાન અંગે કઈ રીતે બચાવ કરી શકાય તેમ નહોતું. છતાં રાવણ વિભિષણની વાતમાં આવી હનુમાનને વધ ન કરવામાં સંમતિ બતાવે છે. આ વાત માનવામાં આવતી નથી.

છેવટે વધ કરવાને બદલે પૂંછડું સળગાવવામાં આવે છે. હનુમાનનું પૂંછડું સળગાવતાં બાજુમાં રહેલા રાક્ષસોનાં કપડાં બાળે છે. અને અમુક ઘરના છાપરા પર છલાંગ લગાવતા એ બાળે છે. અને સમુદ્રકિનારે જઈ સમુદ્રમાં પૂંછડી નાખી હોલવી નાખે છે. પોતાના સાથીઓ સમુદ્ર કિનારે જ હનુમાનની રાહ જોતા અને મળેલા યશની રાહ જોતાં જ ઊભા હોય છે. જે રામની પાસે જઈ હનુમાને કરેલા પરાક્રમની વાત કરે છે. રામ હનુમાનને ભેટી પોતે કરેલા

કામનો બદલો કેવી રીતે વાળશે એમ કહેતાં મારુ હૃદય કાયમ માટે આજથી તને અર્પણ કરું છું. એમ કહીને હનુમાનને હૃદયમાં સ્થાન આપે છે.

યુદ્ધકાંડ :

યુદ્ધકાંડમાં રામ રાવણના સૈન્યની લડાઈ દર્શાવી છે. વિભિષણની રામને મળેલી મદદ, રામ, રાવણ યુધ્ધ, સીતાની દિવ્ય કસોટી અયોધ્યાગમન સુધીની કથા આવરી લેવામાં આવી છે.

રામ વાનરસેના સાથે રાવણ પર ચડાઈ કરવા તૈયાર હતા. ત્યારે રાવણ પોતાના ભાઈઓ સહિત મંત્રીઓની સભા ભરી દરેકને સાવચેત રહેવા સૂચના કરે છે. અભિમાની રાવણને કોઈની સલાહ યોગ્ય ન લાગતાં કોઈ પણ સભામાં કંઈ બોલ્યું નહીં. એને કોઈ કઈં કહેતું નથી. પરંતુ ભાઈ કુંભકર્ણ અને વિભિષણ રાવણને સીતામાતાને છોડી મૂકી રાજ્ય પર આવેલી આફતને દૂર કરવા જણાવ્યુ. પરંતુ મુત્સદ્દી રાવણ એ માનવા જ તૈયાર નથી. કુંભકર્ણ તો સલાહ આપી ચૂપ જ રહ્યો. પરંતુ વિભિષણનો વધારે આગ્રહ હોવાથી રાવણ એને કુળકલંક કહી તિરસ્કાર કરે છે. વિભિષણની પોતાના પાંચ મિત્રો સહિત લંકા છોડી રામને જઈ મળે છે. રામ પણ લંકામાંથી આવેલા વિભિષણ સાથે મિત્રતા કરે છે.

લંકા વિષે જાણકાર વિભિષણ આવીને રામને મળતા રામ માટે એ ઘણું ઉપકારક સાબિત થાય છે. રાવણના બળ અને શક્તિની પૂરેપૂરી માહિતી રામને વિભિષણ દ્વારા મળે છે. સમુદ્ર પર સેતુ બનાવીને બધી વાનર સેનાને લંકામાં ઉતારી રામ, લક્ષ્મણ, સુગ્રીવ, વિભિષણ વગેરે પર્વત પરથી લંકાનું નિરીક્ષણ કરે છે. છેલ્લી વખત રાવણ માને તો એમ વિચારી અંગદ દ્વારા રાવણને સમજાવવા માટે મોકલવામાં આવે છે. પરંતુ અભિમાની રાવણ માન્યો જ નહીં. રામે લંકામાં પ્રવેશેલી એમની સેનાને આજ્ઞા કરી યુધ્ધ ચાલુ કરાવ્યુ. એક પછી એક લંકાના માણસો યુધ્ધમાં પડવા લાગ્યા. છેવટે કુંભકર્ણ પણ રામને હાથે માર્યો જાય છે. રાવણનો પુત્ર ઇંદ્રજીત કે જે અજિત

ગણાતો હતો એ બાર વર્ષ જાગરણ કરનાર અને બ્રહ્મચર્ય પાળનાર પુરુષના હાથે મરશે એવા વરદાનને આધારે લક્ષ્મણના હાથે માર્યો જાય છે. છેવટે રાવણ લડાઈમાં ઉતરે છે તો રાવણના એક બાણથી લક્ષ્મણ મૂર્છા ખાઈ પડી જાય છે. પરંતુ હનુમાનના પરાક્રમથી સંજીવની ઔષધિ દ્વારા લક્ષ્મણને જીવતદાન મળે છે. લક્ષ્મણને મળેલ જીવતદાન જોઈ રાવણ વધારે ગુસ્સે થઈ સીતાને મારવા જાય છે તો રાવણના સચિવ સ્ત્રીહત્યાનું પાપ ન કરવાનું સમજાવતા રાવણ પાછો રામ સાથે લડવા તૈયાર થાય છે. રામ રાવણને નાભી પર અચૂક બાણ મારતાં રાવણ મડદું થઈને પડી જાય છે. અને એને અભિમાન, અન્યાય, અધર્મની સજા મળી જાય છે.

રાવણના મૃત્યુ પછી લંકાના રાજા તરીકે વિભિષણનો રાજ્યાભિષેક કરાવીને સીતાને સ્નાન કરાવી, ઉત્તમ અલંકાર પહેરાવીને પાલખીમાં બેસાડી રામ પાસે મોકલવામાં આવે છે. પાલખીમાં આવતાં સીતાને વાનરોના ત્રાસથી પગે લાગી ચાલી આવવું પડે છે. સદૈવ આજ્ઞાપરાયણ દેવી સીતા રામ પાસે આવી હાથ જોડી ઊભા રહેવા છતાં રામ એમની સામે દ્રષ્ટિ પણ કરતા નથી. ઉપરથી કઠોરતાથી ગંભીર વચનો કહે છે.

" સીતા, આ બધી ખટપટ મેં કરી તે તારા માટે નહી મારા પુરૂષાતન પર અને મારા કુળના નામ પર તારા હરણથી જે કલંક ચડ્યું હતું, તેને ધોઈ નાખવા જ મે આ મહાપરિશ્રમ વેઠયો છે. પણ તું શુધ્ધ છે કે નહી તે વિશે મને સંશય છે. માટે હું તારો સ્વીકાર કરિશ નહી. તને જ્યાં જવું હોય ત્યાં જવાની પરવાનગી આપું છું." [3]

રામના મોઢેથી ન ધરેલા આવા વચનો સાંભળી સીતા દુઃખી હૃદયે અગ્નિ પ્રવેશ કરીને પોતાની સચ્ચાઈ અને પવિત્રતા સાબિત કરે છે. બે હાથ જોડી અગ્નિ અને રામની પ્રદક્ષિણા કરતાં કહે છે.

"હે અગ્નિદેવ, જો મારુ ચિત્ત શ્રી રામચંદ્રના ચરણ વિના બીજા કોઈપણ વિષે કદી ન ગયું હોય તો જ મારૂ રક્ષણ કરજો. જો હું અશુધ્ધ ન હોઉ તો જ મારુ રક્ષણ કરજો" [૪]

આટલું બોલી અગ્નિ પરીક્ષા પૂરી થતાં રામે અતિઆનંદથી સીતાનો સ્વીકાર કર્યો.

હવે ચૌદ વર્ષ પૂરાં થતાં રામને અયોધ્યા જવાનો સમય થઈ ગયેલ હોવાથી વિભિષણ પોતાના પુષ્પક વિમાનને સજાવી રામને અયોધ્યા પહોંચાડે છે. વિમાનમાંથી આકાશમાર્ગે પોતાના દેશને જોઈ માતૃભૂમિને સૌ નમસ્કાર કરે છે. એક દિવસ ભારદ્વાજ આશ્રમમાં રહી બીજા દિવસે અયોધ્યા જવાનું નક્કી કરે છે. હનુમાન અયોધ્યા જઈને રામ આવવાનો સંદેશો પહોંચાડવા જતાં ભરતનું અરણ્યમાં જ મિલન થાય છે. શિર પર જટાના ભારથી, રામના વિરહથી બેહોશ જેવા લાગતા ભરતને રામના આવવાના સમાચાર મળતા જ અત્યંત આનંદમાં આવેશથી મૂર્છા આવી જાય છે. સમાચાર આપનાર હનુમાનને ખુશીમાં સો ગામ અને હજારો ગાયો ઈનામમાં આપી દે છે.

રામના અયોધ્યા આગમનથી સૌ તૈયારી કરવા લાગી ગયા. ચૌદ વરસ પછી ઘણા સબંધીઓનું આજે મિલન થવાનું હોવાથી અયોધ્યામાં દિવાળીનો સમય લાગતો હતો 'રાજા રામચંદ્રકી જય' ના જયઘોષ સાથે રાજ્યાભિષેક કરવામાં આવ્યો. ત્યાર પછી રામે પોતાના રાજ્યમાં સુખ, સમૃધ્ધિ લાવી પ્રજા સૌ સુખથી આનંદમાં રહેવા લાગી. સુખ અને શાંતિમાં વધારો થતાં અક્ષય કિર્તિ પામેલું રાજાનું રામ રાજ્ય કહેવા લાગ્યા.

ઉત્તરકાંડ :–

આ પ્રકરણમાં લેખકે નગરચર્ચા કરવાથી સાંભળેલા વચનોને લીધે સીતાનો ત્યાગ કર્યો. વાલ્મીકિના આશ્રમમાં સીતા રહ્યા એ પ્રસંગો અને લક્ષ્મણનું શરીર ત્યાગ કરી દેહાંત રામનું વૈકુંઠગમનની ચર્ચા કરી છે. રામના

કોઈ દૂત નગર ચર્ચા કરવા નીકળ્યા હતા. તેમણે લોકો દ્વારા રામના કરવામાં આવેલા વખાણ સાંભળ્યા અને રામના દોષ પણ કહ્યા. એ દોશમાં સીતા રાવણના ઘરમાં એક વર્ષ સુધી કેદ રહેલી સીતાને છોડાવી પાછી લાવ્યા બાદ રામે અંગીકાર કરી. તો રામ પ્રજાને આવી હરકત કરતાં કેમ રોકી શકે ? એની ચર્ચા રામે દૂત વેશે સાંભળી.

આ દૂત દ્વારા સાંભળેલા વચનોથી રામચંદ્રને ઘણું દુઃખ થયું. ઘણા સમય પછી એકાંતમા બેસી વિચાર કર્યા બાદ લક્ષ્મણને સીતાને વાલ્મીકિ ઋષિના આશ્રમ પાસે અરણ્યમાં મૂકી આવવા આજ્ઞા કરી.

શોકાતુર ચહેરે લક્ષ્મણે રથમાં બેસેલી સીતાને લઈને વાલ્મીકિના આશ્રમ તરફ નીકળ્યા ત્યાં પહોચતાં વંદન કરી પ્રણામ કરી દુઃખી હૃદયે કંઈ બોલી ન શકતા સીતામાતાએ શોકનું કારણ પૂછવા લાગ્યા. છેવટે રામની આજ્ઞા સીતાને જણાવી બંને જણાએ અરણ્યમાં ઘણા વખત સુધી શોક કર્યો. અને સીતાએ હિંમત ધૈર્યથી લક્ષ્મણને વિદાય આપી અને રામને કહેવડાવ્યું.

“સર્વે સાસુને મારા પ્રમાણ કહેજો, અને પરમ ધાર્મિક રાજાને મારા તરફથી સંદેશો કહેજો કે,' મહારાજ સર્વ લોકો સમક્ષ મે અગ્નિમાં પડી મારી શુધ્ધિ કરી આપી, તે છતાં લોકાપવાદની બીકથી તમે મારો ત્યાગ કર્યો તો તે મને સર્વથા કબૂલ છે. લોકાપવાદથી સત્કીર્તિને કલંક લાગે નહી એ તમારી ઈચ્છા શોભા આપનારી છે." [૫]

સીતાને પુષ્કળ રુદન કરતાં વાલ્મીકિના શિષ્યો સાંભળી જાય છે. શિષ્યો વાલ્મીકિને ત્યાં બોલાવે છે. આ વાલ્મીકિ સીતાને દિલાસો આપી પોતાના આશ્રમમાં સ્થાન આપે છે. સીતા વાલ્મીકિના આશ્રમમાં એક ઝૂંપડીમાં રહે છે. ત્યાં બે પુત્રોને જન્મ આપે છે. વાલ્મીકિ આ પુત્રોને લવ અને કુશ નામ આપી ભણાવી–ગણાવી શસ્ત્રવિદ્યા, સંગીતવિદ્યામાં નિપૂર્ણ કરે છે.

ચાર દિવસે લક્ષ્મણ સીતાને મૂકીને અયોધ્યા પાછા ફરે છે. તો રામ એ ચાર દિવસ અતિ શોકમાં ગાળે છે. પરંતુ આદર્શ રાજા હોવાથી પાછા

પ્રજાનું હિત વિચારી રાજકાર્યમાં લાગી ગયા. અહીં લેખક અન્ય ઘટનાઓ પણ મૂકે છે જેમાં અશ્વમેધ યજ્ઞમાં સીતાની સુવર્ણમુર્તિની ઘટના, રામાયણનું ગાન, લક્ષ્મણનું દેહાંત વગેરે ઘટનાઓ મૂકી છે.

કેન્દ્રમાં નાયક :

હિન્દુ સમાજના મોટા ભાગના લોકોના ઈષ્ટદેવ એવા રામની સ્તુતિ લેખક અહીં રજૂ કરી છે. આ ચરિત્રમાં લેખકે કેન્દ્રમાં આવા રામ જેવા મહાન વ્યક્તિને રાખીને રચ્યું છે. રામ એ મર્યાદા પુરુષોત્તમ છે. રામને ઐતિહાસિક દ્રષ્ટિએ અહીં રજૂ કર્યા છે. ઉત્તમ પુરુષના આદર્શોથી ઘેરાયેલા રામના ચરિત્રને લેખકે ઉજળું બતાવવાનો પ્રયત્ન કર્યો છે. આ મહાન પુરુષોના જીવનચરિત્રના અમુક જ અંશો લેખકે અહીં રજૂ કર્યા છે. તોપણ ચરિત્ર નાયક તરીકે રામ ઉપસી આવે છે.

દશરથ રાજાના સૌથી મોટા પુત્ર તરીકે પોતાની જવાબદારી સારી રીતે સમજીને પોતે પિતાની આજ્ઞાનો પલકવારમાં અમલ કરી આજ્ઞાંકિત પુત્ર તરીકે રજૂ થયા છે. પિતાની આજ્ઞાથી યુવરાજ તરીકે રાજ્યાભિષેક કરવાનો નિશ્ચય ચૌદ વર્ષના વનવાસમાં પરિવર્તિત થઈ જતાં, એ જરાય વિચલિત થયા વિના સહર્ષ વનવાસ ભોગવવા તૈયાર થઈ જાય છે.

એવા રામ એકવચની, એકબાણી અને એક પત્નીવ્રતી હતા.

રામના જ શબ્દોમાં સાંભળીએ તો " દેવી, મને કોઈ સામાન્ય માણસના જેવો અર્થલોભી જાણો નહીં. આપનો સનાતન ધર્મ છે." [૬]

આમાં રામના ગુણો દેખાઈ આવે છે. અને રામ મોટા ભાઈ હોવાથી નાના ભાઈઓનો પ્રેમ પણ એમના પ્રત્યે વરતાતો દેખાઈ આવે છે. રામ વનમાં જતાં લક્ષ્મણ પણ સાથે ભાતૃભાવથી આકર્ષાઈને જવા તૈયાર થાય છે. લક્ષ્મણ મૃત્યુ સુધી રામના સેવક બનીને રહે છે. એ રામના ભાતૃપ્રેમના કારણે જ.

ચૌદ વર્ષનો વનવાસ થવાથી ભરતને રાજગાદી સોપતા, ભરત રાજા તરીકે નહીં પણ રામની પાદુકા મૂકીને રાજ્ય ચલાવે છે. રામ અમારા સર્વેમાં વડીલ છે. તો રાજા રામ જ બને એવો ભાવ ઉત્તમ ભાઈને જ આવી શકે. માતાએ પાપ કરી મેળવેલ રાજ્ય હું લેવાનો નથી, એમ કહીં વનમાં રામ જેવા પ્રિય ભાઈને પાછા લેવા જતાં ભરતનો ભાઈ પ્રત્યેનો પ્રેમ ઝળકી ઊઠે છે.

રામ પત્નીવ્રતા હતા. એ સુવર્ણમૃગ લાવી આપવાના પ્રસંગ પરથી જાણી શકાય છે. સુવર્ણમૃગ બની આવેલા રાક્ષસ દ્વારા પાડવામાં આવેલ ચીસ સાંભળીને સીતા રામને બચાવવા લક્ષ્મણને મોકલે છે. લક્ષ્મણ ભાઈની આજ્ઞા માની સીતાને છોડવા તૈયાર નથી. પરંતુ સીતાની રામની વહારે જવાની જીદથી લક્ષ્મણ રામની મદદે જાય છે. ત્યાં જ રાવણ બ્રાહ્મણ વેશે સીતાને ઉપાડી જાય છે. ત્યાં રામને મૃગ એ એક રાક્ષસ હોવાનું જાણ થતાં સીતા પાસે ઝૂંપડીમાં આવે છે. ત્યાં રામ સીતાને ન જોતાં રામ શોકગ્રસ્ત બની જાય છે. તેનું વર્ણન કિશોરલાલ આ પ્રમાણે કરે છે. " સીતા, સીતા કરતા ગાંડા જેવા બની જાય છે. ઝાડ, પાન, પશુ, પક્ષી સર્વેને સીતાના સમાચાર પૂછવા લાગે છે." [૭]

અહીં રામનો સીતા માટેનો પ્રેમ દેખાઈ આવે છે.

એજ પત્ની માટે વલસતા રામ પત્નીના વિરહમાં ઝરતા રામ પોતાની પ્રજાનું સાંભળીને પત્નીને જંગલમાં છોડી મુકતાં જરા પણ અચકાતા નથી. અહીં રામ પ્રજાવત્સલ રાજા પણ છે. રાજા માટે પોતાની પ્રજા જ સર્વોપરી છે. પ્રજાના હિતમાં જ પોતાનું હિત માનનારા રામ અગ્નિપરીક્ષા કરીને આવેલી સીતાને પણ ત્યજતા વાર નથી કરતા.

સુગ્રીવને મદદ કરી વાલીને મારીને રામે મિત્રતા નિભાવી હતી.

વીર યોધ્ધા તરીકે રામે કુંભકર્ણ અને રાવણને માર્યો અને વિભિષણનો રાજ્યાભિષેક કરાવ્યો છે.

પરિવેશ/ વાતાવરણ :

લેખકે પૌરાણિક પાત્ર રામને કેન્દ્રના નાયક તરીકે લઈને ઐતિહાસિક પરિપેક્ષ્યમાં એ જ પૌરાણિક વાતાવરણ રજૂ કર્યું છે. ભક્તિમાર્ગી કવિઓએ રામાયણના પ્રસંગોમાં ચમત્કાર અને અદ્ભભૂત રસનો ઉમેરો કરી વાર્તાના મૂળમાં વાલ્મીકિની વાત ઢંકાઈ જાય તે રીતે રજૂ કરી છે. અહીં લેખકે રામનું ચરિત્ર વર્ણવતા પહેલા 'રામમહિમા' નામે નોંધમાં રામના જન્મ સ્થળ અયોધ્યાને આજના પરિપેક્ષ્યમાં રજૂ કર્યું છે. લેખકે એમના સમયની બ્રિટિશ સલ્તનના શહેનશાહ સાથે રામના સમયને વર્ણવ્યું છે.

"આજની રાક્ષસ જેવી વિશાળ બ્રિટિશ સલ્તનતના સિંહાસન પર બેસનારા શહેનશાહને તુચ્છ ગણે એવા સમ્રાટો પણ કદાચ કોઈ કાળે પૃથ્વી પર અસ્તિત્વમાં આવે અને કાળની અનંતતામાં લીન થઈ જાય"[૮] રામને આજના પરિપેક્ષમાં રજૂ કરાયા છે.

કિશોરલાલે ભારતવર્ષમાં થઈ ગયેલા ક્ષત્રિયોના 'ઇક્ષ્વાકુ' કુળની પરંપરા પ્રતાપી રાજાઓની કિર્તિને ટૂંકમાં નોંધી લીધી છે. આ નોંધ પાદટીપમાં તેમણે આપી છે. જે તે સમયે રાજા પોતાના પ્રાંત કે કુળના આધારે ઓળખાતા એની નોંધ કિશોરલાલે પાદટીપમાં રજૂ કરી છે. જેમ કે " કોસલ પ્રાંત – એટલે અયોધ્યાની આજુબાજુના મુલક. જેમાં ઘણા વર્ષો સુધી રઘુવંશના રાજાઓ રાજ્ય કરતા હતા".

"કૌશલ્યા, કૈકેયી—એટલે અને કૈકેયી પ્રાંત પંજાબ અને કશ્મીર વચ્ચે સમાઈ જાય" [૯]

આમ કિશોરલાલે પૌરાણિક પરિવેશમાં રામ સીતા અને લક્ષ્મણને ઘણા અરણ્યમાં ફરતા દર્શાવ્યા છે. રામનું અરણ્યભ્રમણ કિશોરલાલે પ્રાચીન સંદર્ભો સાથે રજૂ કર્યું છે.

ભરતને મોસાળ તેડાવવા મોકલેલા દૂતને કહેવડાવે છે કે અયોધ્યાના કશા ખબર ત્યાં ન કહેવા કારણ કે કૈકેયીના પિતાના કુળમાં

કન્યાવિક્રયનો રિવાજ હતો. આથી એ આવી અયોધ્યાની પરિસ્થિતિ જોઈને કૈકેયીના પિતા રાજ્યને પચાવવા હલ્લો કરે એ સંભવ છે."

કિશોરલાલે એ સમયના કન્યાવિક્રયના રિવાજની વાત પણ રજૂ કરી છે. ચિત્રકૂટથી માંડીને પંમ્પા સરોવર સુધી માણસનું માંસ ખાનારા રાક્ષસો હતા, એ બધા રાક્ષસોનો ત્રાસ ઓછો કરી રામ છ મહિના કે વર્ષ સુધી ત્યાં રહીને રાક્ષસોને માર્યા એ અરણ્યમાં સમય પસાર કર્યો. એવું વર્ણન કિશોરલાલે રજૂ કર્યું છે.

કિશોરલાલ રામાયણમાં આવતા વાનર જાતિના લોકોનું વર્ણન આ પ્રમાણે કરે છે.

" એ પ્રાણીઓ દેખાવમાં કંઈક માણસને અને કાંઇક વાંદરાને મળતા આવતા હતા. વાંદરાની માફક એમને ડીલે લાંબા કેશ અને પૂંછ હતા. તેઓ ફળ, ફૂલ, મૂળ અને કન્દ ઉપર રહેલા અને ભાગ્યેજ વસ્ત્રનો ઉપયોગ કરતા. પણ એમનામાં માણસોને મળતી રાજ્ય વ્યવસ્થા હતી. અને એમની વાણીની શક્તિ અને બુધ્ધિનો વિકાસ માણસના જેવો જ હતો. સદાચાર, નીતિ, શીલ, પ્રમાણિકતા, શૌર્ય વગેરે બાબતો જોઈએ તો વાનરોની માણસાઈ નર નામે ઓળખાતા પ્રાણીઓ કરતાં ઉતરતી જણાતી નથી ". [૧૦]

આમ, કિશોરલાલે અહીં પૌરાણિક વાતાવરણમાં વાંદરાઓનું વર્ણન કર્યું છે.

પાત્રાલેખન :

લેખકે પૌરાણિક વિષયવસ્તુમાં પોતાની આગવી શૈલીમાં પાત્રોને અહીં ઉપસાવ્યા છે. બધા જ પાત્રો પોતાના આદર્શોથી સૌથી શ્રેષ્ઠ ચડિયાતા બન્યા છે.

આદર્શ રાજા તરીકે રામ, આદર્શ પત્ની સીતા, આદર્શ ભાઈ લક્ષ્મણ. આથી લોકો આજના જમાનામાં પોતાની કૌટુંબિક વાતચીતમાં આ પાત્રોના ઉદાહરણ આપે છે. પુત્ર તો રામ જેવો અને પત્ની તો સીતા જેવી....

માતા સુમિત્રા લક્ષ્મણને રામની સાથે જંગલમાં મોકલી કહેલાં વચનો.

"દીકરા, રામને દશરથના ઠેકાણે ગણજે, મારે ઠેકાણે સીતાને ગણજે, અને અરણ્યને અયોધ્યા માનજે."

એમ કહી અહીં સુમિત્રા પણ માતા તરીકે આદર્શ સાબિત થાય છે.

'ઇક્ષ્વાકું' કુળના રાજાઓની પરંપરામાં આવતા રાજાઓને પણ પોતાની પ્રચંડ તાકાત તેમણે કરેલા પ્રચંડ પ્રયત્નો, સત્યવાદી વચનો વગેરેથી ચડિયાતા બતાવ્યા છે.

"બુધ્ધ, મહાવીર પણ ઇક્ષ્વાકું કુળની બીજી બે શાખાઓ. શાક્ય અને જ્ઞાતૃ નામની એના વંશજ છે. તેમાં એ મહાન પુરુષોનો જન્મ થયેલો મનાય છે."

આમ, નોંધમાં રજૂ કરી ઇક્ષ્વાકું કુળના રાજાઓને ચડિયાતા સાબિત કર્યા છે.

રામને બાળપણથી જ તાકાતવાળા બતાવ્યા છે. વિશ્વામિત્ર દ્વારા ઋષિ દશરથ રાજાના દરબારમાં આવી વિશ્વામિત્રે કરેલા યજ્ઞમાં રાક્ષસો વિઘ્ન પાડતા હતા. ત્યાં શત્રુઓથી બચવા માટે વિશ્વામિત્ર ધનુર્વિદ્યા અને અસ્ત્રવિદ્યા શીખવીને યુદ્ધકળા શીખવીને ઉત્તમ યોધ્ધા બનાવી શત્રુઓનો નાશ કરાવે છે.

દશરથ રાજાએ પોતે કૈકેયીને આપેલા વચનોનો કૈકયી આ રીતે ઉપયોગ કરશે એવી જાણ તો દશરથ રાજાને પણ નહોતી. એથી અજાણ દશરથ રાજા કૈકયી દ્વારા માગેલા વચનો આપવા માટે બંધાઇ જાય છે. ત્યારે આપેલા વચનોથી એ એવા બંધાઈ ગયા હતા કે, હવે એક પ્રાકૃત પુરુષની માફક પશ્ચાતાપ કરે છે. અને પિતાના વચનોને નિભાવવા માટે રામ વનમાં જવા તૈયાર થઇ જાય છે. ત્યારે રામને વનમાં જતાં દેખી મૂર્છા પામેલા દશરથ પુત્રના વિરહથી માંદા થઈ જાય છે. દશરથ રાજાને હાથે મરેલા ઋષિપુત્ર

શ્રવણ અને એના અંધ મા–બાપાના નિશાસા દશરથ રાજાને યાદ આવે છે. અને પોતે રામના વિયોગથી વધારે બીમાર પડે છે. રામ રામ રટણ કરતાં વૃધ્ધ પિતા પુત્રના વિયોગથી મૃત્યુ પામે છે. અને 'રામ રામ' રટણનો પાઠ ભારતવર્ષમાં સૌને આપતા જાય છે. સૌ મૃત્યુ નજીક પહોંચેલા રામ રામ રટણ કરતાં આજે પણ સ્વર્ગ સિધાવે છે.

માતા કૈકેયી દ્વારા ભરતને રાજગાદી સોંપવાના કાવતરાને ભરત જાણે છે, ત્યારે કૈકેયીને ખૂબ તિરસ્કારે છે. અને રાજગાદી સ્વીકારવાની ના પાડી રામને લેવા જાય છે. રામ પાછા ન ફરતા પોતે પણ રાજ દરબારી પોશાક ત્યજીને રામ જ્યાં સુધી અયોધ્યા પાછા ન ફરે ત્યાં સુધી પોતે વનમાં રહી જટા અને વલ્કલ ધારણ કરવાનું વ્રત લે છે. અને રામની પાદુકા સિંહાસન પર મૂકીને રામને નામે રાજ્ય ચલાવે છે.

રામની સાથે અરણ્યમાં ચૌદ વર્ષ સુધી રહેનાર લક્ષ્મણ આદર્શ બની રહે છે. રામના સેવક તરીકેના કાર્યો કરે છે. ચિત્રકૂટની પંચવટી જ્યાં ત્યાં પર્ણકૂટી બાંધવા માટે લક્ષ્મણે ખૂબ મહેનત કરી, શુર્પણખાને મારીને, સુવર્ણમૃગ લેવા ગયેલા રામના આદેશ પ્રમાણે સીતા પાસે રહેલા અને સીતાના કહેવાથી રામની મદદે જવા તૈયાર થનાર લક્ષ્મણ પિતા સમાન ભાઈની આજ્ઞાને વશ થાય છે. સીતાને રાવણ લઈ જતા રસ્તામાં નાખેલા અલંકારોથી ઓળખતા લક્ષ્મણ કહે છે.

" હું આ કડુ કે કુંડળ ઓળખી શકતો નથી ; ફક્ત આ પગનાં નુપુર મારાં જાણીતાં છે ; કારણ કે રોજ હું સીતાને પગે પડતો ત્યારે તે મારી દ્રષ્ટિએ પડતા." [૧૧]

આમ, લક્ષ્મણ આદર્શ પુત્ર સમાન દિયર હતા. સુગ્રીવ, વાલી, વાનરજાતિના અન્ય પાત્રોને પણ લેખકે અહીં રજૂ કર્યા છે.

ઉદ્દેશ :

આ નાનકડી પુસ્તકમાળામાં લેખકે જુદી જુદી પ્રજાઓમાં અતિશય પૂજાયેલા મહાપુરુષોનો ટૂંકો પરિચય કરવા પાછળનો લેખક ઉદ્દેશ પ્રસ્તાવનામાં જણાવે છે.

આપણે હિન્દુઓ માનીએ છીએ કે જ્યારે પૃથ્વી પરથી ધર્મનો લોપ થાય છે. અધર્મ વધી પડે છે. અસૂરોના ઉપદ્રવથી સમાજ પીડાય છે. સાધુતાનો તિરસ્કાર થાય છે. નિર્બળતાનું રક્ષણ થતું નથી ત્યારે પરમાત્માના અવતારો કેવી રીતે પ્રકટ થાય છે. એ પ્રકટ થાય ત્યારે એમને કેવા લક્ષણે ઓળખવા અને એમને ઓળખીને અથવા એમની ભક્તિ કરીને આપણા જીવનમાં કેવા ફેરફાર કરવા એ જાણવું જરૂરી છે.

રામ, કૃષ્ણ આપણા જેવા મનુષ્યો જ હતા એમને પણ મનુષ્યની જેમ દુઃખો વેઠવા પડ્યા હતા. પુરુષાર્થ કરવો પડ્યો હતો છતાં એ અવતારી પુરુષ બની લોકોમાં પૂજાને પાત્ર બન્યા.

આપણે પણ જો એમના જેવા બનવું હોય તો કરુણાહૃદયી, વૈરાગ્યવાન, જ્ઞાનવાસ, પ્રાણીમાત્રના મિત્ર થવાની ઈચ્છા કરી, સ્વાર્થના ત્યાગથી, ઇન્દ્રિયોના જયથી, મનના સંયમથી,ચિત્તની પવિત્રતાથી કરુણાની અતિશયતાથી, પ્રાણીમાત્ર તરફના અત્યંત પ્રેમથી, બીજાનાં દુઃખોનો નાશ કરવા પોતાની સર્વ શક્તિ અર્પણ કરવા માટેની નિરંતર તત્પરતા, નિરહંકારીપણાથી લોકોના હૃદયમાં સ્થાન મેળવી પૂજાને પાત્ર બનાય છે.

લેખક અહીં એ જ ઉદ્દેશથી ચરિત્ર રચ્યું છે કે એ મહાપુરુષોની જેમ આજના લોકોમાં પણ નિષ્કામ, અનાસક્ત, નિરહંકારીપણું જેવા ગુણોને સ્થાન મળે અને એ ગુણો પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે તો એમનું જીવન સુધરે.

કિશોરલાલ પ્રસ્તાવનામાં નોંધે છે તે પ્રમાણે "આ જીવનપરિચય વાંચી વાંચનાર મહાપુરુષોને પૂજતો થાય એટલુ બસ નથી. એમની મહત્તા

શાને લીધે છે તે પારખવા શક્તિમાન થાય અને તેમના જેવા બનવા પ્રયત્નશીલ થાય તો જ આ પુસ્તક વાંચવાનો શ્રમ સફળ થયો ગણાય." [૧૨]

સંવાદકલા / ભાષાશૈલી –:

લેખકની ભાષા એકદમ સરળ અને ટૂંકા વાક્યો વાળી રસાળ શૈલી છે. વાચકને રસ ઉપજે એવા સાદા સાદા વાક્યોથી સંવાદકલા પણ એટલી જ નીરખી ઉઠી છે. જરૂર પડે ટૂંકા ટૂંકા સંવાદ પણ રજૂ કર્યા છે.

વાલી અને સુગ્રીવના યુદ્ધ સમયે વાલીને રામે માર્યો ત્યારે કહ્યું વાલીએ આપેલો ઠપકો :

" હે રામ, તમે સત્યાચરણી, પરાક્રમી, ધર્મશીલ, તેજસ્વી અને સન્માર્ગીય જનારા કહેવડાવો છો. છતાં હું બીજા સાથે યુદ્ધ કરવામાં રોકાયેલો હતો તેવામાં એક બાજુ ભરાઈ જઈ તમે મને બાણ માર્યું એ વાત ન્યાય છે ? મે તમારા રાજા કિંવા નગરમાં આવી તમારો કઈ પણ અપરાધ કર્યો નથી. પાછળથી ભરાઈ રહીને શસ્ત્ર પ્રહાર કરવો, કિંવા પોતાની સાથે યુદ્ધ ન કરનારને મારવો એવું અધર્મકૃત્ય કરી તમે સજ્જનોમાં શું મોઢું બતાવશો. હશે જે થયું તે થયું. મારી પાછળ સુગ્રીવને ગાદીએ બેસાડજો. તમારું આ કર્મનિંદ્ય છે. તથાપિ મારી પાછળ સુગ્રીવને ગાદી મળે એ વ્યાજબી છે." [૧૩]

આ ઠપકાના ઉત્તરમાં રામે કહ્યું : "ધર્માચરણ કાયમ રાખવા હું પૃથ્વી ઉપર ફરું છું. હાલ તું કેવળ કામાન્ધ થઈ ધર્માચરણનો ત્યાગ કરી નિંદ્ય કર્મ કરતો હતો. બાપ, જ્યેષ્ઠ બંધુ અને ગુરુ એ ત્રણે પિતાને ઠેકાણે છે;કશો અધર્મ કર્યો નથી." [૧૪]

આમ, લેખકે લાંબી સંવાદ કળા પણ રજૂ કરી છે.

રામના અભિષેક કરવાના સમયે જ રામને આપવામાં આવેલ વનવાસની સજા દશરથ કહી શકતા નથી.

કૈકેયીએ જ રામ વતી કહ્યું. "રામ, તારી બીકથી રાજા કંઈ બોલી શકતા નથી. પોતાના પ્રિય પુત્રને કડવી આજ્ઞા સંભળાવતાં તે સત્ય તારે માટે રાજા કેમ છોડી શકે ?" [૧૫]

આ સાંભળી રામ દુઃખી સ્વરે બોલ્યા : "દેવી, હું જો એ કોઈ દિવસ અસત્ય બોલતો જ નથી." [૧૬]

ત્યારે વચન સાંભળી અયોધ્યા છોડવા રામ જતાં દુઃખી સ્વરે કહે છે. 'દેવી, મને કોઈ સામાન્ય કારણ કે એ જ આપનો સનાતન ધર્મ છે."

લેખકે રજૂ કરેલ વર્ણનકલા પણ નીરખી ઉઠી છે. પરશુરામનું કરેલું વર્ણન જોતા લાગે છે. એમનું શરીર ખૂબ ઉંચું અને જબરું હતું. માથા પર જટાનો ભાર હતો. નેત્ર લાલચોળ હતાં, એક ખાંધ પર મોટી ફરશી હતી અને બીજી ખાંધ પર એક મોટું ભયંકર વૈષ્ણવી ધનુષ્ય ભરાવેલું હતું.

રાવણના અન્ત : પૂરમાં બેઠેલી સીતાનું વર્ણન લેખકે કર્યું છે.

" ભયંકર રાક્ષસીઓથી રક્ષિત એક મકાનમાં એણે સીતાને જોઈ. એની સ્થિતિ દયામણી હતી. સાધ્વીની આવી દશા જોઈ હનુમાનની આંખોમાંથી આંસુ પડવા લાગ્યાં." [૧૭]

तटस्थता :

જીવનચરિત્ર લેખકે તટસ્થતાથી જ વાત કરવી યોગ્ય રહે છે. અહીં લેખકે રામના જીવન વિશેના પ્રસંગો ઐતિહાસિક, પૌરાણિક વિષયવસ્તુમાંથી લીધેલી છે. લેખકે મૂળ ગ્રંથ વાલ્મીકિનું રામાયણ એમાંથી જ વિષયવસ્તુ પસંદ કરેલ છે. એવું શરૂઆતમાં જ લેખક નોંધે છે.

"રામની ઈશ્વરના આવનારમાં ગણના થવા માંડ્યા પછી ભક્તિમાર્ગી કવિઓએ આ કાવ્યમાંથી રામચરિત્ર કેવું ભાસે છે એ આ નાનકડું ચરિત્ર લખાયું છે.

રામચંદ્ર જેવા પ્રતાપી રાજાના ચરિત્રથી ભાગ્યે જ કોઈ હિન્દુ અજાણ હશે. તો આવા મહાનપુરુષોનું ચરિત્ર લેખક રજૂ કરે છે ત્યારે તેમણે પૂરી તટસ્થતા રાખીને વાત કરી છે. પરંતુ

"રામાયણ લખાયાને કેટલી સદીઓ થઈ ગઈ તેનો પત્તો લગાડવો આજે મુશ્કેલ છે. રામાયણમાં ઐતિહાસિક તત્વ કેટલું છે. તેને તદન છોડી દઈને રામાયણની વાત કહેવી શક્ય નથી." [૧૮]

આમ, રામના પ્રસંગોમાં લખતા લેખકે પૂરી તટસ્થતાથી વાત રજૂ કરી છે.

મર્યાદા :

લેખકે પૌરાણિક વિષય વસ્તુને ધ્યાનમાં રાખી રામાયણનો સહારો લઈને રામનું ચરિત્ર ટૂંકમાં આપવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ એમાં રામ ક્યાંક નીચા પડતા સાબિત થયા છે. સીતા જેવા પતીવ્રતા નારીના મોઢે મુકાયેલા શબ્દોથી સીતા પણ સામાન્ય નારી જેવી ભાસે છે.

લેખકે હિન્દુઓના આટલા મોટા પવિત્ર ગ્રંથમાં આવા શબ્દો વપરાયા હશે કે નહીં પરંતુ લેખકે અહીં રજૂ કર્યા છે એ એમની મર્યાદા જ લાગે છે.

મોટા વિષયવસ્તુને એક નાનકડા ચરિત્રમાં મૂક્યું છે.

કૈકેયીના ક્લેશમાં તેઓ જણાવે છે કે "સાંજે દશરથ એના મહેલમાં આવે તે પહેલાં એણે ક્લેશ શરૂ કરવા માંડ્યો અલંકારો ફેંકી દીધા, વાળ છૂટા કીધા, નવાં કાઢી નાખી જૂનાં અને મેલાં વસ્ત્રો પહેરી લીધાં અને જમીન પર આળોટી એણે મોટેથી રડવા માંડ્યુ." [૧૯]

લક્ષ્મણ જેવા આદર્શ પુત્ર અને આદર્શ ભાઈના મોઢે આવા શબ્દો યોગ્ય નથી લાગતા.

સુગ્રીવ રામને મદદ કરવા તૈયાર થાય છે પરંતુ ઘણા સમય સુધી મદદનું યાદ નથી કરતા ત્યારે લક્ષ્મણ સુગ્રીવને ધમકી આપે છે કે "તારી

પ્રતિજ્ઞા પૂરી કર ; નહીં તો યાદ રાખજે કે વાલી મરણ પામી જે માર્ગે ગયો છે, તે માર્ગ હજુ બંધ થયો નથી."

સુંદરકાંડમાં રજૂ થયેલી સીતાના મોઢે બોલાયેલી આ વાત કેટલે અંશે યોગ્ય લાગે છે.

કેટલાયે મહિના થવા છતાં રામ તરફના કશા સમાચાર ન આવવાથી સીતા હવે નિરાશ થઈ ગઈ. અને રાવણ જોડેના આજના બનાવ પછી એ આત્મહત્યા કરવાનો વિચાર કરવા સીતા રાવાણના ઘરેથી આવે છે. ત્યારે રામ 'સીતા સીતા' કહી શોકથી જે ઝૂરી મરતા હતા, તેને પાછી મેળવવા જેણે આટલા પરાક્રમ કર્યા હતા, તે રામે સીતા જ્યારે પ્રત્યક્ષ આવીને ઊભાં ત્યારે તેની સામે દષ્ટિ પણ માંડી નહીં, ઊલટું પોતાના સાદમાં ગંભીર કઠોરતા આણી એમણે કહ્યું, : "સીતા, આ બધી ખટપટ મેં કરી તે તારે માટે નહીં, મારા પુરુષાતન પર અને મારા કુળના નામ પર, તારા હરણથી જે કલંક ચડ્યું હતું તેને ધોઈ નાખવા જ મેં આ મહાપરિશ્રમ વેઠયો છે.પણ તું શુધ્ધ છે કે નહીં તે વિષે મને સશય છે. માટે હું તારો સ્વીકાર કરીશ નહીં" [૨૦]

સંઘર્ષનું તત્વ :

કિશોરલાલે રામાયણ જેવા મહાન ગ્રંથમાંથી કથાવસ્તુ પસંદ કરેલ છે તો એ મોટા ગ્રંથમાં સંઘર્ષનું તત્વ તો રહેવાનું જ ભગવાન જેવા મહાપુરુષનું જીવન પણ સંઘર્ષયુક્ત જ રહ્યું છે.

શરૂઆત રામનો રાજ્યાભિષેક થવાના સ્થાને ચૌદવર્ષનો વનવાસ એ જ પ્રભુ માટે મોટામાં મોટો સંઘર્ષ હતો, રાજકુંવર તરીકે રાજ્યમાં સુખ સંપત્તિમાં ઉછરેલાને ઘરેણાં, આભૂષણો, મોંઘા પોષાકમાંથી સીધા ઝાડ, પાંદડાના પોષાક તરીકે વલ્કલોનો ઉપયોગ કરવો એ સંઘર્ષ, પર્ણકૂટીરમાં રહેવું, રાવણનું સીતાનું હરણ કરી જતાં થયેલો સંઘર્ષ, વાલી,– સુગ્રીવભાઈઓ વચ્ચેનો સંઘર્ષ રજૂ કર્યો છે. છેલ્લે સીતાના પાછા લાવવા માટે રાવણ સાથે કરેલ સંઘર્ષ એ બધુ સંઘર્ષનું તત્વ છે.

સંદર્ભ

૧. રામ અને કૃષ્ણ લે. કિશોરલાલ મશરૂવાળા, નવજીવન પ્રકાશન મંદીર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, આઠમું પુનર્મૂદ્રણ , નવેમ્બર ૨૦૧૦ કિંમત રૂ. ૬૫ પૃ. ૩૨.

૨. એજન પૃ–૩૨

૩. એજન પૃ–૪૩

૪. એજન પૃ–૪૪

૫. એજન પૃ–૪૮

૬. એજન પૃ–૨૩

૭. એજન પૃ–૨૯

૮. એજન પૃ–૪

૯. એજન પૃ–૬

૧૦. એજન પૃ–૨૭

૧૧. એજન પૃ–૩૧

૧૨. એજન પૃ–૮

૧૩. એજન પૃ–૩૨

૧૪. એજન પૃ–૩૩

૧૫. એજન પૃ–૧૨

૧૬. એજન પૃ–૧૩

૧૭. એજન પૃ–૨૬

૧૮. એજન પૃ–૩

૧૯. એજન પૃ–૧૧

૨૦. એજન પૃ–૪૩

કૃષ્ણ :

રામ ચરિત્ર બાદ કૃષ્ણનું ચરિત્ર લેખકે વર્ણવ્યું છે. કૃષ્ણ ચરિત્રમાં ગોકુળપર્વ, મથુરાપર્વ, દ્વારિકાપર્વ, પાંડવપર્વ, ધૂતપર્વ, યુધ્ધપર્વ, ઉત્તરપર્વ એમ સાત પર્વમાં કૃષ્ણની કથા લેખકે અહીં વર્ણવી છે.

કિશોરલાલ કહે છે કે અનેક ગ્રંથોમાં કૃષ્ણનું ચરિત્ર રચાયું છે. અનેક ભક્તોએ પોતાની પ્રેમવૃત્તિથી કૃષ્ણને અલૌકિક પાત્ર તરીકે રજૂ કર્યું છે. એમાંથી કૃષ્ણની બધી વાતો સાચી હોય કે ન પણ હોય. ઘણા શ્રીકૃષ્ણને આદર્શ પુરુષ તરીકે વર્ણવે છે તો કેટલાક કૃષ્ણના પાત્રને હલકું પાડે છે. ભક્તિમાર્ગી કવિઓએ શ્રીકૃષ્ણની એટલી અવનવી વાતો ઉમેરી શ્રીકૃષ્ણચરિત્ર ગીચ બનાવી દીધું છે. અહીં લેખક રજૂ કરે છે કે, શ્રી ચિંતામણિ વિનાયક વૈધ અને શ્રી બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયના ગ્રંથો પરથી શ્રીકૃષ્ણનું જે વંદનીય નિર્દોષ અને સમ્ય ચરિત્ર છે તે જ મેં આલેખ્યું છે. એમ લેખક જણાવે છે.

ગોકુળપર્વ

ગોકુળપર્વમાં કૃષ્ણનો કારાવાસમાં જન્મ, મામા કંસ દ્વારા કરવામાં આવેલ જુલમ, દેવકીના અન્ય સાત પુત્રોનો કંસ દ્વારા કરવામાં આવેલ નાશ, બલરામ અને કૃષ્ણની શિશુ અવસ્થાથી યૌવનઅવસ્થા, કૃષ્ણ અને ગોપીઓના પ્રેમનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

કૃષ્ણ યદુવંશી વાસુદેવના પુત્ર હતા. વાસુદેવ યદુવંશી ક્ષત્રિય હતા. તેઓ ઘણી ગાયોના અને જમીનના માલીક હતા. મથુરાની આસપાસનો ઘણો ભાગ વાસુદેવ પાસે જ હતો. આ વાસુદેવ ન્યાયપ્રિય અને શૂરવીર યોધ્ધાના કારણે યાદવોના પૂજનીય હતા. તેમની દેવકી અને રોહિણી એમ બે પત્ની હતી. એમાં દેવકી એ મથુરાના રાજા ઉગ્રસેનની ભત્રીજી હતી.

આ ઉગ્રસેનનો મોટો પુત્ર કંસ એ રાજ્યનો અતિ લોભી હોવાના કારણે માતા–પિતાને કેદ કરી રાજ્ય પડાવી લે છે. કંસ જરાસંગની બેદીકરીઓ સાથે

પરણ્યો હતો. આ જરાસંધ અતિબળવાન હોવાથી કંસને એની મદદની હૂંફ મળી રહેતી હતી. આથી કંસ જરાસંધની મદદ લઈ યાદવો પર અત્યાચાર કરતો હતો. કંસ વાસુદેવ અને દેવકીને પણ નજરકેદ કરીને પોતાના કારાવાસમાં રાખી મૂકે છે. અને એમની પર અસહ્ય જૂલમ કરી રહ્યો હતો. કંસને વાસુદેવ દેવકીને મારવાની હિંમત નહોતી પરંતુ એક આકાશવાણીને કારણે એ દેવકીના બધા સંતાનોને જન્મતાંની સાથે જ મારી નાખવા માટે બેન દેવકી અને વાસુદેવના કારાવાસમાં રાખ્યા હતા અને બધા સંતાનોનો વધ કરે છે. દેવકીનું આઠમું સંતાન કંસનો વધ કરશે એવી આકાશવાણી સાંભળી કંસ દેવકીના છ પુત્રોને મારી નાખે છે.

અહીં ચરિત્રલેખક જણાવે છે કે રોહિણીને ગર્ભ રહેલ છે એ સમાચાર સાંભળતા જ વાસુદેવ રોહિણીને પોતાના મિત્ર નંદને ત્યાં મોકલી દે છે. અને ત્યાં જે પુત્રનો જન્મ થાય છે એ પુત્રનું નામ રામ રાખ્યું એના અતિશય બળના કારણે એનું નામ બલરામ પાડ્યું.

આ બાજુ કારાવાસમાં દેવકીના આઠમા સંતાન તરીકે દીકરાનો જન્મ થાય છે. તે દિવસે શ્રાવણ વદ આઠમની મધરાત હોય છે સૌ ચોકીદારો આ વાતથી અજાણ હતા પાછા વરસાદના જોરથી નીંદ્રમાં હતા અને વાસુદેવ આ સમયે પુત્રને વરસાદના ઘોંઘાટમાં નદીમાં ઉતરી સામે કાંઠે નંદના ત્યાં મૂકી આવે છે ત્યાં યશોદાએ એક પુત્રીને જન્મ આપ્યો હતો એ પુત્રીને નંદ જેલમાં લાવી કંસ સામે હાજર કરે છે. કંસ આ દીકરીને મારી નાખે છે.

લેખક આ ઘટનામાં અહીં રજૂ કરે છે કે,સાથે સાથે અન્ય લેખકોના મંતવ્યો રજૂ કરે છે. શ્રી બંકિંમચન્દ્ર ચટ્ટોપાધ્યાય આમ છોકરાઓની અદલાબદલીની વાત માનતા નથી.

છોકરીના રડવાના અવાજથી કંસને બાળકીના જન્મના સમાચાર મળતાં આવી જાય છે બાળકીની હત્યા કરે છે અને છેવટે તેને આ બધા પાપના પશ્ચાતાપ થતાં કંસ પાછળથી વાસુદેવ–દેવકીને કેદખાનામાંથી છોડી

મૂકવાનો વિચાર કરે છે. સામે પક્ષે યશોદાને ઘેર પુત્રના જન્મની હર્ષભેર ઉજવણી કરવામાં આવે છે. શ્યામ હોવાના કારણે કૃષ્ણ એમ નામ રાખી વધામણાના ગીતો ગવાતા હોય છે. અને માતાને તો પોતાનું બાળક ડહાપણ, બુદ્ધિ, તોફાન બધામાં દુનિયાના બધા બાળકો કરતાં જુદું જ લાગતું હતું. એટલે માતાનો હરખ તો વધતો લાગે છે. ગાયો વચ્ચે ઉછરતા આ બાળકને લોકો ગોપકુમાર પણ કહેતા હતા. અને ધીમે ધીમે આ ગોપકુમાર પોતાના પરાક્રમ, સાહસ, વિનોદી સ્વભાવને લીધે બધાના માનીતા બનવા લાગ્યા.

શિશુકાળમાં માખણ ચોરવામાં, ગોરસની માટલી ફોડવા, પાણીનું બેડું કાણું કરવાના, વાછરડાં ચરાવવામાં, કોઈ ભયના પ્રસંગો આવી પડે તો બધાને ઉગારી લેવામાં બાલકૃષ્ણ માહેર હતા. સમય જતાં બલરામ–કૃષ્ણના બુદ્ધિ અને બળ વધતાં ચાલ્યા જતાં હતાં. દિવસે દિવસે રોજ નવા પરાક્રમો, સાહસ, ગોપીઓના પ્રેમ પણ વધવા લાગ્યા. કૃષ્ણતો લોકોને દુઃખમાંથી ઉગારવામાં પોતાની શક્તિ વાપરવા લાગ્યા. અતિવૃષ્ટિથી, દાવાનળથી, કાળીયાનાગ, જંગલી ગધેડા વગેરેનો નાશ કરીને, કૃષ્ણ તો ગોપીઓનો પ્રેમ વધારે ને વધારે પામવા લાગ્યા.

કૃષ્ણએ પોતાની વિવેકબુદ્ધિથી ધર્મ, અધર્મનો વિચાર કરી ગોપોનો જીવન આધાર ગાય અને ગોવર્ધન છે એમ બધાને અનુભવ કરાવ્યો. આથી ગોપોના બલિદાનથી વરસાદ વધી–ઘટી જતો નથી. ગાયોની પવિત્રતા સમજવા કૃષ્ણએ ગાય અને ગોવર્ધનની પુજા ગોકુળવાસીઓને કરાવી અને ઇન્દ્ર પુજા બંધ કરાવી.

હવે સત્તર–અઢાર વર્ષની ઉંમરે કૃષ્ણ અને બલરામ બંને ભાઈઓનુ ઊંચું, ખડતલ, મજબૂત શરીર, પરાક્રમ અને બળની અવનવી વાતો ચોમેર ગુંજવા લાગી. કંસને એ વાતનો શક જાય છે કે, કૃષ્ણ વાસુદેવનો પુત્ર છે. આથી બાહ્યડોળ કરીને ભાણેજને મલ્લની નિપૂણતા જોવા મલ્લયુદ્ધમાં આમંત્રણ આપે છે.

મલ્લના અખાડામાં રામ અને કૃષ્ણ આવે એ પહેલાં જ કાસળ કાઢવાની કંસની યુક્તિને કૃષ્ણ નાકામ કરી દે છે. હવે કંસ અક્રૂરને કૃષ્ણ અને બલરામને લેવા મોકલે છે. પરંતુ અક્રૂર વાસુદેવનો પિતરાઇ હતો એ બહારથી કંસનો રાજસેવક હતો. પરંતુ વાસુદેવના પક્ષનો હતો.એટલે બંને ભાઈઓને મથુરામાં ચાલી રહેલ રાજપ્રકરણથી નંદવાસીઓને, નંદ–કૃષ્ણને વાકેફ કરે છે. અને કંસની યુક્તિની જાણ કરે છે.

અક્રૂર ગોકુળમાં આવી કૃષ્ણ જન્મની વાત બધાને કરે છે. સત્ય હકીકત સાંભળે છે ત્યારે જાણે વ્રજવાસીઓમાં આભ જ તૂટી પડે છે. સૌ વ્રજવાસીઓ મલ્લયુધ્ધમાં રામ–કૃષ્ણને જતાં રોકવાનો પ્રયત્ન કરે છે. પરંતુ મનને મક્કમ કરી નંદ–યશોદા પુત્ર ખોઈ બેસવાની બીકે રામ–કૃષ્ણને વિદાય આપે છે.

મધુર મોરલીનું ગાન, કૃષ્ણ વિનાની ગાયો, ગોપીઓ સૌ ગોકુળવાસીઓને સ્તબ્ધ કરી દે એવું ગાન, ગોપીઓ પ્રત્યેનો નિર્દોષ પ્રેમ આ બધા વિના ગોકુળ હવે સૂનું પડી જશે. કાના વિના કેવી રીતે વ્રજવાસીઓ રહેશે એમ જાણી બધા વ્રજવાસીઓ આક્રંદ રુદન કરે છે.

મથુરાપર્વ :

બલરામ–કૃષ્ણ અક્રૂર સાથે મથુરામાં પ્રવેશ કરે છે, અને મલ્લયુધ્ધના અખાડામાં જવા તૈયાર થાય છે, ત્યાં જ કપટથી કંસ કૃષ્ણ સામે એક મદોન્મત હાથીને છોડે છે. પરંતુ કૃષ્ણ એ હાથીને હરાવી દે છે. એના જ દાંતથી હાથીનું માથું ભાંગી નાખી મારી નાખે છે.

કંસના આવા કાવતરાથી પ્રજાજનો કંસને ધિક્કારે છે. ૧૬–૧૭ વર્ષના બાળક સમાન રામ–કૃષ્ણ સામે મલ્લમાં પ્રસિધ્ધિ મેળવનાર મુષ્ટિક અને ચાણુરને યુધ્ધમાં ઉતારીને કંસ પ્રજાજનોમાં વધારે ધિક્કારની લાગણી મેળવે છે. છેવટે રામ અને કૃષ્ણ મુષ્ટિ અને ચાણુરના પ્રાણ લઈ તેમને યમલોક પહોંચાડે છે.

હવે કંસને પણ રંગમંડપમાં જ પછાડીને કૃષ્ણ મારી નાખે છે. પછી કૃષ્ણ વાસુદેવ–દેવકીને પાસે જઇ ચરણ સ્પર્શ કરે છે. આ કંસની રાજગાદી પર ઉગ્રસેનને સિંહાસન પર બેસાડયા. મથુરામાં બધાને મળી હવે રામ–કૃષ્ણનો ઉપવીત સંસ્કાર થતાં ઉજ્જયિનીમા સાંદીપની ઋષિના આશ્રમમાં અભ્યાસ માટે જાય છે. ત્યાં આશ્રમમાં રહી ગુરુની ભક્તિમાં વનમાંથી લાકડા, સમિધ, દર્ભ વગેરે લાવી ગાયનું દૂધ દોહવાના, ઢોર ચરાવવા વગેરે કાર્યો કરે છે. અભ્યાસ પૂરો થતાં ગુરુ દક્ષિણા આપી બે ભાઈઓ મથુરા પાછા આવે છે. અભ્યાસ પછી કૃષ્ણ અને રામ હવે ધનુર્ધર તરીકે પણ ખ્યાતિ મેળવે છે.

કંસના મૃત્યુ પછી કંસની બે પત્નીઓ કે જે જરાસંધની પુત્રીઓ હતી એ પતિના મરણનો બદલો વળવા જરસંધને ઉશ્કેરે છે. જરાસંધ કંસના મૃત્યુનો બદલો વાળવા માટે દંતવડ, શિશુપાળ, ભીમક વગેરે રાજાઓને એકઠા કરી કૃષ્ણ સામે મથુરામાં બદલો લેવા આક્રમણ કરે છે. જરાસંધ સૌ મથુરાવાસીઓને હેરાન પરેશાન કરી મૂકે છે. જરાસંધનો બધો રોષ કૃષ્ણ પર હતો. આથી કૃષ્ણ હવે મથુરા છોડી જાય તો મથુરામાં પાછી શાંતી ફેલાય આથી કૃષ્ણ ગોમન્તક પર્વતના શિખર પર રહે છે.

બલરામ અને કૃષ્ણ ગોમન્તક પર્વત પર છે એવા સમાચાર મળતા જરાસંધ બંને ભાઈઓને જીવતા સળગાવી મૂકવા પર્વત પર અગ્નિ પેટાવીને બંને ભાઈઓનો નાસ કરવા માગે છે. પરંતુ બલરામે તેમના હળ અને મુશળથી તથા તથા શ્રીકૃષ્ણે ચક્રથી પોતાનું રક્ષણ કરી કૌચપુર પહોંચી જાય છે. આ કૌચપુરના રાજા દમઘોષ શ્રીકૃષ્ણના ફુવા થતાં હોવાથી બંને ભાઈઓનુ સત્કાર કરી થોડું સૈન્ય આપી મથુરા મોકલે છે. મથુરામાં પહોંચેલા બલરામ અને કૃષ્ણને મથુરાવાસીઓ હર્ષભેર વાજતે ગાજતે સ્વાગત કરે છે. આ વખતે કૃષ્ણ વિદર્ભના રાજા ભિષ્મેકની દીકરી રૂકમણીના સ્વયંવરમાં યાદવકુળના હોવાથી હાજરી આપી શકે તેમ ન હોવાથી રુકમણી હરણ કરવા કુણ્ડિનપુર

આવે છે. સ્વયંવરમાં આવેલા બધા રાજાઓ ત્યાંથી ચાલ્યા જાય છે. આથી સ્વયંવર એમનો એમજ રહે છે. કૃષ્ણના લીધે સ્વયંવરમાંથી બધા રાજાઓને પાછા આવવું પડ્યું. આથી મથુરા પર બધા ચડાઈ કરી આવે છે. યાદવો આ ત્રાસ સહન કરી શકે તેમ ના હોવાથી કૃષ્ણ યાદવોને કાયમ માટે શાંતિ અપાવવા કાઠીયાવાડમાં એક નવું શહેર વસાવી રહ્યા. સૌ દ્વારકામાં આવી શાંતિથી રહેવા લાગ્યા.

દ્વારિકાપર્વ :

કૃષ્ણએ મથુરા છોડી દ્વારકા નામે સુંદર નગર વસાવ્યું. અને તેમાં પિતા વસુદેવને યાદવોના રાજા બનાવી બળદેવને યુવરાજ અને વિદ્વાન યાદવોનું મંત્રીમંડળ બનાવીને શાંતિથી રાજ ચાલવા લાગ્યું.

આ સમયે રુકિમણીના ભાઈ રુકમીના આગ્રહથી ભીષ્મક રુક્મણીના લગ્ન શિશુપાળ સાથે કરવા તૈયાર થાય છે તે સમાચાર રુકિમણી કૃષ્ણને મોકલે છે કે, તરત જ શ્રી કૃષ્ણ કુણ્ડિનપુર જઈ રુકમણીને રથમાં બેસાડી દોડ્યા આવે છે. રસ્તામાં શિશુપાળ અને બીજા રાજાઓને હરાવી કૃષ્ણ રુકમી સાથે યુધ્ધમાં ઉતરે છે. પરંતુ ભાઈનો બચાવ કરવા રુકિમણી કૃષ્ણને વિનવે છે. આથી ઘાયલ રુકમીને કૃષ્ણ છોડી મૂકે છે. શરમનો માર્યો રુકમી કુણ્ડિનપુર ન જતાં રસ્તામાં જ નવું રાજ્ય બનાવી હાલના ડભોઈમાં રહે છે.

આસામના નરકાસુરના ત્રાસમાંથી કેટલીય સુંદર છોકરીઓને છોડાવી કૃષ્ણ નરકાસુરનો વધ કરે છે. અને નરકાસુરના પુત્ર ભગદત્તને ગાદી બેસાડે છે.

કૃષ્ણની ગેરહાજરીમાં શિશુપાલ દ્વારિકા પર ચડાઈ કરી દ્વારકાને આગ લગાડી પુષ્કળ નુકશાન કરે છે પરંતુ કૃષ્ણ દ્વારિકાને ફરી પાછી વિશેષ શોભાથી સજાવી મૂકે છે.

પાંડવપર્વ :

આ પર્વમાં પાંડવો ગુપ્તવેશમાં દેશદેશાંતરમાં બ્રાહ્મણ વેશે રહેતા હતા એ દિવસોની વાત રજૂ કરી છે. કૌરવોએ તો પાંડવોને મરેલા છે એમ સમજીને શ્રાધ્ધાદિક ક્રિયા કરી શોક પણ પાળ્યો હતો. પરંતુ દ્રૌપદીના સ્વયંવર વખતે પાંડવોની હાજરીથી કૌરવો પાંડવો જીવીત છે એ વાત જાણી જાય છે. દ્રુપદ રાજાએ દ્રોપદીના સ્વયંવરમાં ફરતા ચક્રમાં રાખેલી માછલીનું પ્રતિબિંબ જોઇને વીંધવાનું હતું. જે એ વીંધે એને જ વરમાળા પહેરાવવાનું વચન આપ્યુ હતું. ત્યાં કેટલાય રાજા મહારાજાઓ હાજર રહ્યા હતા. અને બ્રાહ્મણના વેશમાં અર્જૂન પણ ત્યાં હાજર રહ્યો હતો. અને એણે માછલીનું પ્રતિબિંબ વીંધવાનું કાર્ય કરી બતાવ્યુ. અર્જૂન દ્રૌપદીને વરમાળા પહેરાવીને પરણી ગયો. કુંતીમાતાના આશીર્વાદથી દ્રૌપદી પાંચે પાંડવોની પત્ની બની.

પાંડવો જીવતા છે એ ખબર પડતાં કૌરવો બહારથી તો આનંદ દર્શાવે છે. અને અર્ધુ રાજ્ય કમને સોંપવું પડે છે અને યુધિષ્ઠિર એમના નીતિ અને પરાક્રમથી રાજ્ય વધારે સમૃધ્ધ કરે છે. આ બધુ જોતાં દુર્યોધનને પાંડવો પ્રત્યે ઈર્ષ્યા વધતી જાય છે અને છેવટે યુધ્ધ કરવા તૈયાર થાય છે.

બલરામની બહેન સુભદ્રા સાથે અર્જૂનનું લગ્ન કરેલું હોવાથી કૃષ્ણ યુદ્ધમાં પાંડવોનો પક્ષ લે છે.

જરાસંધના જોરથી, બળથી ઘણા રાજાઓ જરાસંધના કેદમાં હતા. કૃષ્ણ જરાસંધને મારીને આ બધા રાજાઓને છોડવે છે. હવે પાંડવોને જરાસંધનું વિઘ્ન દૂર થવાથી રાજસુય યજ્ઞ કરે છે. અને યજ્ઞ પૂરો થતાં પહેલી પૂજા કોની કરવી એ માટે ચર્ચા કરતાં ભીષ્મએ કૃષ્ણને જ અગ્રપૂજા માટે યોગ્ય ઠેરવ્યા. ત્યારે શિશુપાળથી સહન ન થતાં છેવટે બંને વચ્ચે યુધ્ધ થતાં કૃષ્ણ શિશુપાળની ગરદન પર સુદર્શનચક્ર ફેરવી તેને મારી નાખે છે.

દ્યુતપર્વ :

રાજસુય યજ્ઞ પૂરો થાય છે ત્યાં જરાસંધ, પૌણ્ડક અને શિશુપાલ જેવા રાજાઓનો વધ કરવાથી દંતવક્ર અને શાલ્વ જેવા રાજાઓ કૃષ્ણ સામે લડાઈ કરવા આવે છે. યુધ્ધમાં કૃષ્ણ એ રાજાઓને હરાવે છે.

પરંતુ દુર્યોધનને યુધિષ્ઠિરને મળેલ સંપતિ અને માનથી ઈર્ષ્યા થતાં હવે એ કપટથી મામા શકુની અને કર્ણનો આશરો લઈ યુધિષ્ઠરને જુગાર રમવા આમંત્રણ આપે છે. એ સમયે જુગાર માટે મળેલ આમંત્રણનો જો અસ્વીકાર કરવામાં આવે તો અપમાન સૂચક ગણાતું હતું. આથી એક દિવસ યુધિષ્ઠિર જુગાર રમવા તૈયાર થાય છે. તો યુધિષ્ઠિર હારવા લાગે છે. અને એક એક ભાઈઓને હોડમાં મૂકી છેવટે પોતે પણ દાસ થઈ જાય છે. શકુની મામાના કહેવાથી પોતાની સ્ત્રીને પણ હોડમાં મૂકે છે અને દુર્યોધનના આદેશથી દુઃશાસન ભરી સભામાં નિર્લજ્જપણે દ્રૌપદીનું વસ્ત્રાહરણ કરે છે.

અહીં લેખકે યુધિષ્ઠિર દુર્યોધન સામે જુગારમાં બધુ હારી જતાં ફરીથી રાજ્ય પરત કરી ફરી જુગાર રમવા બોલાવે છે. એ વાત રજૂ કરી છે. છેવટે બધા જ ભાઈઓને વલ્કલો પહેરીને વનમાં જવું પડે છે. એ અજ્ઞાતવાસ રહ્યા એ સમય દરમિયાન કૃષ્ણ યોગીની જેમ તત્વજ્ઞાનના ચિંતનમાં અને યોગાભ્યાસમાં સમય ગાળી યોગીશ્રેષ્ઠ બની ગયા.

યુધ્ધપર્વ :

વનવાસ પૂરો થતાં પાંડવો અજ્ઞાતવાસમાંથી પ્રગટ થાય છે અને પોતાના ભાગના રાજયની માગણી દુર્યોધન પાસે કરે છે. અજ્ઞાતવાસનું વર્ષ ચંદ્રની ગતિ કે સૂર્યની ગતિથી ગણવામાં દુર્યોધન અને પાંડવો વચ્ચે મતભેદ થાય છે. અને ભીષ્મ પાંડવોની તરફેણમાં નિર્ણય આપે છે. પણ દુર્યોધન તેનો સ્વીકાર કરતો નથી. અને છેવટે યુધ્ધ માટે પાંડવો તૈયાર થઈ જાય છે.

આ યુધ્ધમાં કૃષ્ણ પાંડવો પક્ષે રહે છે અને દુર્યોધનને સૈન્ય આપે છે. દુર્યોધન પાસે પાંડવો કરતાં વધારે સૈન્ય હતું. જેમાં અગિયાર અક્ષૌહીણી

(એક અક્ષોહીણી બરાબર 218700 માણસ થાય) અને પાંડવો પક્ષે સાત અક્ષૌહીણી સૈન્ય હતું.

લડાઈ શરૂ થાય તે પહેલા યુધિષ્ઠિર યુધ્ધનો એને સમાધાનથી નિકાલ લાવવા માગતા હતા. એ માટે એમણે ઘણા પ્રયત્નો પણ કર્યા. છેવટે માત્ર પાંચ ગામ જેટલું રાજ્ય લઈ સંતોષ માનવાની તૈયારી બતાવી અને કૃષ્ણને સમાધાન માટે દુર્યોધન પાસે હસ્તિનાપુર મોકલે છે. પરંતુ દુર્યોધને સોય ઊભી રહે તેટલી જગ્યા પણ પાંડવોને આપવાનો ઇનકાર કર્યો. આ યુધ્ધમાં અગત્યની ભૂમિકા ગણાવનાર વિદુર, ભીષ્મ અને કૃષ્ણને લેખેકે અહીં ત્રણ મહાન વ્યક્તિઓ કે જે કુટુંબ કલેશમાં ત્રણ જુદી–જુદી જાતના વ્યક્તિઓ તરીકે ગણાવ્યા છે. ભીષ્મ એ અન્યાયી છતાં ચાલુ મુકુટધારી રાજાને ટકાવી રાખવામાં જગતનું કલ્યાણ માની ટેકો આપ્યો, વિદુરે મૌન ધારણ કર્યું અને ત્રીજાએ એટલે કે કૃષ્ણ ભગવાન કે જે રાજાનો નાશ કરવામાં જ પુરુષાર્થ માનતા હતા.

છેવટે લડાઈની તૈયારી થઈ, કુરુક્ષેત્રમાં બંને બાજુ સૈન્ય ગોઠવાઈ ગયું હતું. કૃષ્ણ અર્જૂનના સારથી બને છે. અર્જૂન બંને બાજુ પોતાના જ સગા વ્હાલાઓને જોઈને પોતે યુધ્ધ ન લડવા જણાવે છે. તો કૃષ્ણ અર્જુનને શોક ન કરવાનું કહીને ગીતાનો ઉપદેશ આપે છે. આ ગીતા ઉપદેશ સાંભળી અર્જૂન પાછો શસ્ત્ર ઉપાડે છે અને અઢાર દિવસ સુધી આ ઘનઘોર યુધ્ધ ખેલાય છે.

આ યુધ્ધનું વર્ણન કરતાં લેખકે કૃષ્ણને લગતા ચાર પાંચ પ્રસંગો અહી રજૂ કર્યા છે. ભીષ્મ અને અર્જૂન વચ્ચે બરાબરનું યુધ્ધ ચાલી રહ્યું હતું. કૌરવોનો પક્ષ લઈ રહેલા ભીષ્મને જો મારવામાં આવે તો લડાઈનો અંત જલદી આવી જાય. એવા ઈરાદા સાથે કૃષ્ણ સુદર્શન ચક્રથી ભીષ્મને મારવા જાય છે ત્યાં જ ભીષ્મ ધનુષ્યબાણ રથમાં નીચે મૂકીને બે હાથ જોડીને બોલે છે :

" દેવદેવેશ જગન્નિવાસ શ્રીકૃષ્ણ ! તારે હાથે મરણ આવે તો ઘણું જ સારું. આલોક અને પરલોક બંને સુધરે આવ અને ખુશીથી મને માર." [૧]

આવો પ્રેમ બતાવેલા ભીષ્મને જોઈને સુદર્શન ચક્ર જાણે બુઠ્ઠું બની જાય છે. અને અર્જૂન કૃષ્ણને પોતે કોઈને ન મારવાની પ્રતિજ્ઞા યાદ કરાવે છે અને પાછા લઈ જાય છે. યુધ્ધ ફરીથી શરૂ થઈ જાય છે. દસમા દિવસે થયેલા યુધ્ધમાં અર્જૂનના બાણની વૃષ્ટિથી ભીષ્મ વીંધાઈ જાય છે. અને એમની જીવન લીલા પૂરી થઈ જાય છે.

ભીષ્મ પછી દ્રોણાચાર્ય કૌરવોના સેનાપતિ બને છે. દ્રોણાચાર્યના સેનાપતી પદે કૌરવો યુધ્ધમાં વધારે લડાયક બને છે. રાત્રિ સમયે ચાલેલા યુધ્ધનું વર્ણન અને દ્રોણાચાર્યએ લીધેલી સમાધિમાં જ ધુષ્ટધૂમ્ને દ્રોણનું માથું ઉડાવી મારી નાખે છે. દ્રોણ પછી કર્ણ સેનાપતિ તરીકે આવે છે. એ પ્રસંગ, કર્ણ અને દુર્યોધનનો વધ થતાં યુદ્ધનો અંત આવી જાય છે.

લડાઈ પૂરી થતાં યુધિષ્ઠિરને કૃષ્ણ દ્વારા ઘણું સમજાવવામાં આવે છે. છેવટે યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક કરવામાં આવે છે. અને અશ્વમેધ યજ્ઞ કરવાની કૃષ્ણ યુધિષ્ઠિરને સલાહ આપે છે. આ બાજુ લડાઈમાં પાંડવોના બધાજ પુત્રો મૃત્યુ પામ્યા હતા. અભિમન્યુની વિધવા પત્ની ઉત્તરા એ વખતે સગર્ભા હતી. અને વંશ ચાલુ રહે તે માટે ઉત્તરા બાળક ને જન્મ આપે તો વંશવૃધ્ધિ ચાલુ રહે. એવી છેલ્લી આશા ઉત્તરા તરફ હતી પરંતુ અશ્વત્થામા એ ગર્ભમાં જ બ્રહ્માસ્ત્ર નાખી મારી નાખે છે. આથી બાળક મરેલું જન્મ્યું. ખૂબ વલોપાત, રડારોડ પછી ઉત્તરાના બાળકને કૃષ્ણ સજીવન કરે છે. એ સજીવન થયેલું બાળક તે રાજા પરિક્ષિત હતા.

ઉત્તરપર્વ:

યુધ્ધ પછી કૃષ્ણ પોતાનું જીવન દ્વારિકા નગરીમાં પસાર કરે છે. આ સમયે કૃષ્ણએ ઘણાને જ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો. ગો–બ્રાહ્મણોની રક્ષા કરી, ગરીબોને દાન ભેટ આપી દુઃખ દૂર કરવાના કાર્યો કર્યા હતા.

આ સમયનો એક પ્રસંગ આપણા સૌના જાણવામાં છે. સુદામા–કૃષ્ણની મૈત્રીનો પ્રસંગ. કૃષ્ણ સુદામાને સુખ, સમૃધ્ધિ, સંપતિ આપી પ્રેમ અને કૃતજ્ઞતા મિત્રતા નિભાવે છે.

આ સમયે યાદવોમાં મદનું સેવન કરવાનું પ્રમાણ ખૂબ વધારે હતું. એ દૂર કરવા કૃષ્ણએ ઘણા પ્રયત્નો કર્યા. સૂર્યગ્રહણના એક પર્વમાં કૃષ્ણ સર્વે યાદવોને પ્રભાસતીર્થમાં ભેગા કરી ઉત્સવની ઉજવણી કરવાનું વિચારી ત્યાં ભેગા કરે છે. તેમાં યાદવો નાચતાલ અને દારૂના સેવનથી અને વાદવિવાદથી ગાળાગાળી કરી અંદરો અંદર લડવા લાગે છે. અને લોહીની નદીઓ વહેવા લાગે છે. યુદ્ધધમાં ઘણા યાદવો મૃત્યુ પામે છે. આ જોઈ કૃષ્ણને ઘણું દુઃખ થતાં છેવટે બલરામ અને કૃષ્ણ પણ પોતાના પ્રાણ છોડી દેહ છોડવા તૈયાર થાય છે. કૃષ્ણ એક ઝાડને અડીને ડાબી સાથળને ટેકે બેસે છે ત્યાં જમણા પગે બ્રહ્માસનમાં બેઠા હતા અને ત્યાં એક ભીલ શિકારીએ પગના તળીયે હરણનું મોઢું સમજીને બાણ મારે છે. આમ આ મહાન પુરુષનો ઓચિંતો આવો અંત આવ્યો.

કૃષ્ણના દેહાંત પછી પાંડવો પણ અશક્ત બની જાય છે. પરિક્ષિતને સિંહાસન પર બેસાડે છે. યાદવોના જુદા જુદા વંશજોને જુદે જુદે ઠેકાણે રાજા બનાવીને પાંચ ભાઈઓ અને દ્રોપદી હિમાલયમાં ચાલી જાય છે. અને ત્યાં જ તેમનો અંત આવે છે.

કેન્દ્રમાં નાયક:

લેખકે આ ચરિત્રકૃતિમાં બે મહાન પુરૂષોને કેન્દ્રમાં રાખીને વાત કરી છે. અહીં કૃષ્ણને ૫૧૦૦ વર્ષ પહેલાંના કૃષ્ણ તરીકે રજૂ કર્યા છે એમના અદ્ભભૂત જીવનની વાત અહી રજૂ કરી છે. કૃષ્ણને પરમેશ્વરનો અવતાર ઠરાવનારા ભક્તિમાર્ગી કવિઓએ શ્રીકૃષ્ણના ચરિત્રની એટલી બધી નવી વાતો ઉમેરી છે, એમાંથી કેટલી વાતો કૃષ્ણને લગતી સાચી કે ખોટી એ જાણી શકાતું

નથી. જો એમાથી કેટલીક વાતો સાચી હોય તો શ્રીકૃષ્ણને આદર્શ પુરુષ તરીકે હલકા પાડે છે.

કૃષ્ણના પિતા વાસુદેવ યદુવંશી ક્ષત્રિય હતા. તે મથુરા પાસેની કેટલીય જમીન અને ગાયોના માલિક હતા. વાસુદેવ એક શૂર યોધ્ધા અને ન્યાયપ્રિય પુરુષ હતા. એ એમની ધર્મનિષ્ઠાને લીધે યાદવોમાં પૂજાતા હતા. આ વાસુદેવને દેવકી અને રોહિણી નામની બે પત્નીઓ હતી. તેમાં દેવકીના આઠમા સંતાન દ્વારા કંસના મૃત્યુ અંગે આકાશવાણી થતાં કંસ વાસુદેવ અને દેવકીને કારાવાસમાં રાખે છે. ત્યાં દેવકી અને વાસુદેવના આઠમા સંતાન તરીકે કૃષ્ણનો જન્મ થાય છે. પહેલાંનાં સાત સંતાન કંસ મારી નાખે છે પરંતુ આઠમા સંતાનને વાસુદેવ મથુરામાં મિત્ર નંદના ઘેર મૂકી આવે છે. અને ત્યાં કૃષ્ણનું બાળપણ ઉછરે છે. ગોવાળિયાઓ સાથે ગાયો ચરાવવી, ગોપોમાં ગોપકુમાર સાથે રમતો રમવી. નાનપણની જ બુધ્ધિમતા અને સાહસિક વૃત્તિની રમતો રમતા, છાશની દોણી ફોડવામાં, માખણ ચોરવામાં, વાછરડા છોડી મૂકવામાં બાળપણ પસાર થવા લાગ્યું.

કૃષ્ણને મારવાના કંસ ઘણા પ્રયાસો કરે છે. મલ્લયુધ્ધના અખાડામાં કેશીનો વધ કરી કૃષ્ણ પોતાની તાકાત બતાવે છે. ગજવધ, મુષ્ટિક, ચાણુર, જેવા કંસના મલ્લયોધ્ધાને હરાવે છે. એમાં પણ કૃષ્ણ ખરી તાકાત વાપરે છે.

કૃષ્ણ કંસને મારી કંસના પિતાને ઉગ્રસેનને પણ કંસના બંધનમાંથી મુક્ત કરાવે છે અને સિંહાસન પર બેસાડી એમનો રાજ્યાભિષેક કરાવે છે. મથુરાની રાજય વ્યવસ્થા કરી શ્રીકૃષ્ણ અને બલરામ ઉપવીત સંસ્કાર થતાં ઉજ્જયિનીમાં સાંદીપની નામના ઋષિના આશ્રમમાં વિદ્યાભ્યાસ માટે જાય છે. ત્યાં આશ્રમમાં વનમાંથી લાકડાં, સમિધ, દર્ભ વગેરે વીણવાનું કામ, ગાય ને દૂધ દોહવાનું કે ઢોર ચરાવવાના કામો એ કરતા હતા. ગુરુ માટે ભિક્ષા માંગી લાવવા જેવા કામ પણ એ આશ્રમ જીવનમાં કરતા હતા અભ્યાસ પૂરો થતાં ગુરુ દક્ષિણા આપી બે ભાઈઓ મથુરા પાછા ફરે છે.

જરાસંધ, શિશુપાળ, નરકાસુર, પૌણ્ડક વગેરે રાજાઓના વધ કરી કૃષ્ણએ પાંડવ પક્ષે કુરુક્ષેત્રના મેદાનમાં લડાઈ કરી જેમાં યુધિષ્ઠિર દ્વારા કરવામાં આવેલા રાજસુય યજ્ઞમાં કૃષ્ણની પ્રથમ પૂજા કરવામાં આવે એવા નિર્ણયથી રોષે ભરાયેલા શિશુપાળનો વધ કૃષ્ણ દ્વારા કરવામાં આવે છે.

પાંડવો અને કૌરવોના યુધ્ધમાં એક પક્ષે કૃષ્ણ અને બીજા કૌરવો પક્ષે કૃષ્ણનું સૈન્ય હતું. એમાં કૃષ્ણ અર્જૂનના સારથી બનીને યુધ્ધમાં પાંડવોને જીત અપાવી હતી.અર્જૂન દ્વારા શસ્ત્રો હેઠા મુકતા કૃષ્ણ ગીતાજ્ઞાનનો જ્ઞાનોપદેશ આપે છે. જેમાં વિવેક સદ્ધવિવેકની વાત કરીને શાસ્ત્રનું જ્ઞાન રજૂ કરી અર્જૂનને સમજાવે છે.

પાત્રાલેખન :

લેખકે મહાન પાત્રને કેન્દ્રમાં નાયક તરીકે બરાબર ઉપસાવ્યું છે. આ મુખ્ય પાત્ર સિવાયના અન્ય પાત્રો પણ અહીં તાદ્રશ્યતાથી લેખક રજૂ કરી શક્યા છે.

કૃષ્ણના પિતાનું પાત્ર અહીં શૂરવીર યોધ્ધા અને ન્યાયપ્રિય પુરુષ તરીકે રજૂ કર્યું છે. કૃષ્ણના પિતા વાસુદેવ યદુવંશી ક્ષત્રિય હતા. તે મથુરાની પાસેની કેટલીક જમીન અને ગાયોના માલિક હતા. અહીં એમની ધર્મનિષ્ઠાને લીધે સર્વ યાદવોમાં વાસુદેવ પૂજ્ય હતા. વાસુદેવને રોહિણી અને દેવકી નામની બે પત્નીઓ હતી.

કંસનું પાત્ર જોઈએ તો કંસ રાજ્યનો બહુ લોભી હતો. પિતાના મૃત્યુ સુધી પણ રાજ્યની સત્તાની રાહ જોઈ શકે એમ એ નહોતો એટલે પિતા ઉગ્રસેનને પણ કંસે કેદ કરે છે. કંસ મગધ (દક્ષિણ બિહાર) ના રાજા જરાસંધની બે દીકરીઓ સાથે પરણ્યો હતો. વાસુદેવ–દેવકીના આઠમા સંતાનથી કંસનું મૃત્યુ થવાની આકાશવાણીથી કંસે દેવકી અને વાસુદેવને કેદ કરે છે. કંસમાં બહુ જુલમીપણું અને નિર્બળતા હતી. બહેનના ગર્ભની હત્યા કરનાર દયાહીન રાજા હતો. કંસ દેવકીના છ પુત્રોને મારી નાખ્યા હતા.

બલરામના પાત્રને પણ બળવાન બહાદુર અને કૃષ્ણના ભાઈ સાથે સાથે મિત્ર તરીકે રજૂ કર્યો છે. રોહિણીના ગર્ભમાં રહેલ બલરામનો નંદને ત્યાં જન્મ થાય છે. તે ઉજળો દૂધ જેવો હતો એનું નામ રામ પાડયું હતું. પછીથી એના અતિશય બળથી એ બલરામ અથવા બળદેવ નામે ઓળખાય છે.

બલરામ પોતાના બળમાં કોઈનાથી ઉતરતા આવે એવા નહોતા. કંસ દ્વારા મુષ્ટિક અને ચાણુંર નામના બે બળવાન મલ્લ સાથે મલ્લયુદ્ધ કરતાં બલરામ અને કૃષ્ણએ બે મલ્લને મારી નાખ્યા હતા. કંસ દ્વારા કેટલાયે રાક્ષસો આ બે પુત્રોને મારવા મોકલેલા હતા. એ રાક્ષસોને દેવલોક પહોંચાડવા કૃષ્ણ અને બલરામ એક સાથે જ યુધ્ધ કરતા. અને પોતાની તાકાત બતાવતા.

પાંડવોના પાત્રોને પણ લેખકે આ ચરિત્રમાં સ્થાન આપ્યું છે. પાંડવો વિના કૃષ્ણ જાણે અધૂરા જ લાગે છે. લેખકે પાંડવોના વનવાસ અને એ પછીના અજ્ઞાતવાસના સમયનું વર્ણન કર્યું છે. દેશદેશાંતર ભટકી દિવસો ગાળતા પાંડવોના સમયનું, દ્રૌપદીના સ્વયંવરમાં પાંડવોનું બ્રાહ્મણ વેશે થયેલ આગમન અને અર્જૂન દ્વારા બાણથી લક્ષ્ય વેધીને દ્રૌપદી સાથે કરેલા લગ્ન અને કુંતીમાતાના આશીર્વાદથી પાંચે ભાઈઓને પત્ની તરીકે મળેલી દ્રૌપદીનું સ્થાન, પાંડવો જુગારમાં હારે છે. અને તેમાં પત્ની અને ભાઇને હોડમાં મૂકી બધુ જ હારી ગયેલ યુધિષ્ઠિર પાછા વનમાં જવા તૈયાર થાય છે. એ દરેક પ્રસંગમાં સાક્ષી બનનાર કૃષ્ણનું સ્થાન લેખક અહીં અલગ રીતે જ રજૂ કર્યુ છે.

ભીષ્મનું પાત્ર પણ સૌ કોઈને ગમી જાય એવું છે. ભીષ્મ ન્યાયપ્રિય અને જ્ઞાની હતા, પણ એ પોતાને અર્થના દાસ ગણી કૌરવોને અન્યાયથી અટકાવવા પોતાને અસમર્થ સમજાવતા હતા. એટલુ જ નહીં પણ કૌરવોનો ત્યાગ પણ પોતે ન કરી શકે એવા અસમર્થ હતા. ભીષ્મને બધા દાદા તરીકે જ ગણતા. દુર્યોધનને રાજકારભારમાં અને યુધ્ધમાં ભીષ્મની મદદ વિના ચાલે એમ નહોતું. કુરુક્ષેત્રના મેદાનમાં પણ નવમા દિવસે ભીષ્મએ પાંડવોનું ખૂબ

નુકશાન કર્યું અને કૌરવો અન્યાયી છે. એમ ખબર હોવા છતાં કૌરવોનો પક્ષ લીધો આથી કૃષ્ણએ સુદર્શન ચક્રથી ભીષ્મને મારવાનો પ્રયત્ન કર્યો. ત્યારે ભીષ્મએ બે હાથ જોડી બોલે છે. "દેવદેવંશ જગનિવાસ શ્રી કૃષ્ણ ! તારે હાથે મરણ આવે તો ઘણું જ સારું આલોક અને પરલોક બંને સુધરે આવ અને ખુશીથી મને માર."

દસમા દિવસે અર્જુન અને ભીષ્મ વચ્ચે યુધ્ધ શરૂ થાય છે. એમાં અર્જુનના બાણોની વૃષ્ટિથી ભીષ્મ વિંધાઈ જાય છે. બ્રહચરી, જ્ઞાની, મહાત્માની જીવનલીલા અહી પૂરી થાય છે.

કુરુક્ષેત્રની લડાઈમાં ભીષ્મના મૃત્યુ પછી દ્રૌણાચાર્ય કૌરવોના સેનાપતિ પદે આવે છે. આ દ્રૌણાચાર્ય સતત પાંચ દિવસ સુધી પૂરી તાકાતથી યુધ્ધમાં લડે છે લડત બાદ પોતે થાકી જવાથી શસ્ત્રો મૂકી દે છે. ધૃષ્ટધૂમના (દ્રૌપદીનો મોટા ભાઈ) સમાધિમાં જ દ્રૌણને મારી નાખે છે.

આ પાત્રો સિવાય કિશોરલાલે કૃષ્ણના ચરિત્રમાં કૃષ્ણની આસપાસ આવતા અન્ય નાના નાના પાત્રોનો ઉલ્લેખ કર્યો છે. જેમાં કર્ણ કે જે દુર્યોધનના પક્ષે યુધ્ધમાં ભાઈઓ સામે લડે છે. દુર્યોધન કે જે સૌથી કપટી પાત્ર તેમજ સાંદીપની ઋષિના આશ્રમમાં કૃષ્ણ સાથે સખા ભાવે રહેલ સુદામાનું પાત્ર પણ તાદ્રશ્ય કર્યું છે.

આમ, પાત્રાલેખનમાં લેખકે આટલા મહાન વ્યક્તિના ચરિત્રમાં નાના નાના પ્રસંગો રજૂ કર્યા છે. છતાં દરેક પાત્રોને પોતાની આગવી સૂઝથી રજૂ કરી શક્યા છે.અને સત્ય ઘટનાને વળગી રહી કથાનું વર્ણન કર્યું છે.

પરિવેશ/વાતાવરણ:

લેખકે શ્રીકૃષ્ણ જેવા મહાન પુરુષ અને મહાત્માનું જીવનચરિત્ર રચ્યું છે. જેમાં આશરે ૫૧૦૦ વર્ષ પહેલાના ભારતવાસીઓએ નિહાળેલું શ્રીકૃષ્ણનું પાત્ર અહી રજૂ કર્યું છે. જેમાં ૫૧૦૦ વર્ષ પહેલાના સમયનો પરિવેશ વાતાવરણ રજૂ કરી કિશોરલાલે એ પાત્રોને જીવંત કર્યા છે.

કંસના કારાવાસમાં રહેલા દેવકી–વાસુદેવના સંતાનમાં સાતમા સંતાન તરીકે શ્રાવણ વદ આઠમની મધરાતે જન્મ લીધેલ શ્રીકૃષ્ણને વાસુદેવ વરસાદના કડકા સાથે વરસાદી વાતાવરણમાં ચોકીદારોની ગાઢ નિંદરામાં મૂકીને, નદીના પાણીમાં ઉતરી સામે કાંઠે વ્રજમાં નંદના ઘરે મૂકવા જાય છે. ત્યાં શ્રાવણ મહિનાની ગાજવીજનું વાતાવરણ રજૂ કર્યું છે.

કૃષ્ણ અને બલરામના પૌગણ્ડાવસ્થામાં કરેલા પરાક્રમોમાં ગાયોને દાવાનળમાંથી બચાવવા, અતિવૃષ્ટિમાંથી રક્ષણ કર્યું એ કાળીનાગનું દમણ કરી યમુના નદીને નિવિષ કરી, જંગલી ગધેડા કે પ્રાણીઓથી ગાયોને, ગોકુળને ભયમુકત કર્યો એ પ્રસંગોમાં એ સમયની ગોકુળની પરિસ્થિતી અને પરિવેશ રજૂ કર્યો છે.

એ સામાની સમાજની પરિસ્થિતી પણ લેખકે રજૂ કરી છે કે અક્રૂર એ વાસુદેવનો પિતરાઇ ભાઈ હતો. એ બહારથી કંસનો રાજ સેવક છતા અંદરથી વાસુદેવના પક્ષનો હતો. આમ અત્યારની સામાજીક પરિસ્થિતી જેવી જ પરિસ્થિતી એ સમય એ હતી એમ રજૂ કર્યું છે.

બલરામ અને કૃષ્ણને મથુરા જતાં થયેલી વિદાય સામાન્ય મનુષ્યની વિદાયની જેમ પ્રભુની પણ વિદાય થાય છે. એ પ્રસંગનું તાર્દશ્ય ચિત્ર રજૂ કર્યું છે.

"વિદાય એટ્લે ;આગભાગ નિરંતરનો જ વિયોગ હતો. એ વેળાનું દ્રશ્ય શુષ્ક હ્રદયને પણ રડાવે એવું હતું. નંદ–યશોદાને તો વગર મોતે એકના એક પુત્ર ને ખોઈ બેસવા જેવુ હતું.

કિશોરલાલે કૃષ્ણ સાથે જોડાયેલા પ્રાચીન સંદર્ભો આ પ્રમાણે આપ્યા છે.

(૧) મથુરા છોડી કાઠીયાવાડ (આનર્ત) દેશમાં નવું શહેર વસાવ્યાનો ઉલ્લેખ.

(૨) કંસની બે પત્નીઓ મગધ (દક્ષિણ બિહાર) ના રાજા જરાસંધની બે પુત્રીઓ હતી. લેખકે યાદવોના સંહાર કેવી રીતે થયો એના માટેના

સમયનો નિર્દેશ કર્યો છે. વિ.સં પૂર્વે ૩૦૧૦ અથવા ૩૦૨૮ માં વર્ષ કાર્તિક વિદિ ૩૦ ને દિવસે સૂર્યગ્રહણ સમયે પર્વનું આયોજન કરેલ. આ સૂર્યગ્રહણના પર્વમાં યાદવો દારૂના બેશુમારમાં રહ્યા અને અંદરો અંદર ગાળા ગાળીમાં કેટલાય યાદવો માર્યા ગયા. એ સમયે યાદવોનો સંહાર કેવી રીતે થયો તેનું વર્ણન કર્યું છે.

(૩) મથુરાની વ્યવસ્થા કરી કૃષ્ણ અને બલરામ ઉપવીત સંસ્કાર કરી ઉજજયિનીમાં સાંદીપની ઋષીના આશ્રમમાં વિદ્યાભ્યાસ માટે જાય છે.

(૪) વિદર્ભના રાજા ભીષ્મકે પોતાની દીકરી રુક્મણીનો સ્વયંવર રચ્યો. વિદર્ભ એટ્લે "હાલના વરાડ અથવા બિહાર એ પ્રાચીન કૂઈદર્ભનો ભાગ ગણાય છે. ઉમરાવતીથી થોડા ગાઉ દૂર કુણ્ડિનપુર હતું. એમ મનાય છે."

(૫) રૂક્મિણનો ભાઈ રૂક્મિને કૃષ્ણએ હરાવ્યો એ શરમનો માર્યો કુણ્ડિનપુર ગયો જ નહીં. પણ ત્યાંજ (હાલના ડભોઈ) પાસે રાજ્ય સ્થાપીને રહ્યો.

લેખકે સાંદિપની ઋષિના આશ્રમમાં અભ્યાસ માટે ગયેલા કૃષ્ણના એ સમયના આશ્રમજીવનના કાર્યોનો ઉલ્લેખ કરી એ સમયની ઋષી પરંપરા વર્ણવી છે.

"થોડા સમયમાં એમને વેદવિદ્યા અને ધનુર્વિદ્યાનો અભ્યાસ કર્યો અને પોતાની ગુરુ ભક્તિથી ઋષિને અતિશય પ્રસન્ન કર્યા. જોકે હવે તે પૂર્ણ વૈભવશાળી બન્યા હતા, તો પણ વનમાથી લાકડા, સમિધ, દર્ભ, ઈત્યાદી લાવી આપવા, ગાયનું દૂધ દોહવું, ઢોર ચરાવવા, વગેરે સર્વ પ્રકારની સેવા તેઓ શ્રદ્ધાથી કરતા, ગૂરુ દક્ષિણા આપી બે ભાઈઓ પાછા મથૂરા આવ્યા.

કિશોરલાલે જે તે સમયે ચાલતા યજ્ઞનો ઉલ્લેખ કર્યો છે. સામાજિક પરિપ્રેક્ષ્ય રજૂ કર્યો છે. પાંડવો દ્વારા કરાયેલા રાજસુય યજ્ઞનો ઉલ્લેખ કર્યો છે.

એ સમયે સમ્રાટ અથવા ચક્રવર્તી રાજા પોતાના રાજ્યારોહણ વખતે અન્ય રાજાઓની સંમતિથી ચક્રવર્તી રાજા બની આ યજ્ઞ કરતાં એનો ઉલ્લેખ લેખકે અહીં રજૂ કર્યો છે.

આ રાજસુય યજ્ઞમાં અવભૃથસ્નાન કરતાં પહેલાં આવેલ મહેમાનોની પૂજા કરવાની સમાજની પરંપરાનું વર્ણન કર્યું છે. આ અવભૃથસ્નાનનો અર્થ સમજાવતા કિશોરલાલ પાદટીપમાં આ પ્રમાણે નોંધે છે. :હિન્દુ જીવનના સર્વ સંસ્કારો, વિધિઓ અને વિશેષ ઉત્સવોની ઉજવણીમાં યજ્ઞ આવશ્યક ગણાય છે. પ્રત્યેક યજ્ઞની શરૂઆત તથા પૂર્ણાહુતિ સ્નાનથી થાય છે. ઉપવીત લીધા પહેલા નાહવું પડે અને વિદ્યાધ્યન પૂરું થાય ત્યારે પાછું નાહવું પડે એ સ્નાતક કહેવાય. તે જ પ્રમાણે વિવાહ, પ્રેતક્રિયા વગેરે સર્વ સંસ્કારોમાં સ્નાન થાય છે. એ જે રીતે રાજસૂર્ય વગેરે વિશિષ્ટ યજ્ઞોની શરૂઆત તેમ જ પૂર્ણાહુતિ સ્નાનથી થાય છે. એ છેવટનું સ્નાન અવભૃથ સ્નાન કહેવાય છે." [૨]

એ સમયે ધૂત રમવું, જુગાર રમવું એ એક સહજ રીતે જ સમાજની પ્રણાલિકામાં રૂઢ થયેલ હતું. સમાજની પરંપરા જ હતી. લેખકે અહીં એ ધુત વિશે રજૂ કર્યુ છે.

એ વખતના ક્ષત્રિયોમાં જુગારનું વ્યસન ઘણું પેસી ગયું હતું. જેમ ઘોડાદોડની શરતનો જુગાર આજે રાજમાન્ય હોવાથી સારા અને પ્રમાણિક માનતા લોકો પણ એમાં રમતા શરમાતા નથી. તેમ કૃષ્ણના કાળના ધાર્મિક રાજાઓ પણ પાસાનો જુગાર રમતાં લજાતા નહી; એટલું જ નહીં પણ જેમ કાઠીયાવાડના દરબારો કસુંબાનો ઈનકાર કરવામાં આવે તો અપમાન માનતા, તેમ જુગાર માટે મળેલા આમંત્રણનો અસ્વીકાર અપમાન સૂચક લેખાતો. યુધિષ્ઠિર ધર્મરાજા હતા ખરા, પણ એ ધર્મ સુધારક ન હતા. ધૂત રમવું નિંદ્ય છે એમ એ જાણતા, પણ જે રિવાજ પડી ગયેલો અને જે માન્યતા રૂઢ થઈ ગયેલી તેમાં સુધારો કરવાનું બળ એમનામાં ન હતું.

આમ, ધૂત રમવું એ સમાજની પરંપરામાં સહજ જ હતું. લોકો જુગારને સામાન્ય જ ગણતાં અને કુટુંબનો વડો માલિક કુટુંબના અન્ય સભ્યોને પણ મિલકત સમજીને હોડમાં મુકતા અચકાતો નહીં, એ કૃષ્ણકાળની સામાજિક સ્થિતિ હતી.

ભાષાશૈલી

કિશોરલાલે નાનકડા જીવનચરિત્રમાં કૃષ્ણના જીવનના બધાજ પ્રસંગો આવરી લીધા છે. જે સરળ અને રસાળ શૈલીમાં રજૂ કર્યા છે. નાના નાના વાક્યોને રજૂ કર્યા છે. પેટાવિભાગ પાડીને વાચકોને રસ પડે તેમ પ્રસંગો રજૂ કર્યા છે. લેખકે સાત પર્વમાં કૃષ્ણની કથાવસ્તુ આવરી લીધી છે. આપેલ કથાવસ્તુમાં અઘરા લાગતા કે અસ્પષ્ટ જાણતા શબ્દોને લેખકે પાદટીપમાં શબ્દોની નોંધ આપી છે. જેમાં પુરુષમેધ યજ્ઞ, રાજસુય યજ્ઞ, અશ્વમેધ યજ્ઞ, અભૃથસ્નાન, જેવા શબ્દોની સમજ આપી છે.

સંવાદવિહીન ભાષાનો ઉપયોગ કરી કૃષ્ણનું ચરિત્ર રસાત્મક બનાવી દીધું છે. કૃષ્ણના જીવનના પ્રસંગો સરળ શૈલીમાં નિરૂપણ કરી રજૂ કર્યો છે. કિશોરલાલે રામના ચરિત્રનું નિરૂપણ કરતાં નાના–મોટા સંવાદોથી કથાવસ્તુની રજૂઆત કરી છે જ્યારે કૃષ્ણના ચરિત્રમાં નહિવત સંવાદોનો ઉપયોગ કર્યો છે.

કિશોરલાલે ધર્મ અને પરમાત્માના ઊંડા અભ્યાસી હોવા છતાં એમના અન્ય ચરિત્રોની જેમ અહી બીજા કોઈ આડકતરી રીતે પરમાત્મા કે આધ્યાત્મિક વાતોને ચરિત્રમાં સ્થાન આપ્યું નથી. પરંતુ ચરિત્રનાયકને જ એટલી સરળ રજૂઆતથી લોકોમાં બોધ જ્ઞાન ફેલાવે તેવી રીતે રજૂ કર્યા છે.

કિશોરલાલે બલરામ અને કૃષ્ણના ગોકુળથી મથુરા જવાની વિદાયનો સમય સચોટ રીતે રજૂ કર્યો છે.

" વિદાય એટલે લગભગ નિરંતરનો જ વિયોગ હતો. એ વેળાનું દ્રશ્ય શુષ્ક હૃદયને પણ રડાવે એવું હતું. નંદ–યશોદાને તો વગર મોતે એકના એક

પુત્રને ખોઈ બેસવા જેવુ હતું. વ્રજવાસીઓના ચિત્તને કનૈયાએ એવા આકર્ષી લીધા હતા, કે શરીરના રંગથી સાર્થક થયેલું નામ એની પ્રેમની શક્તિથી પણ યોગ્ય કર્યું. વ્રજવાસીઓને મન માધુરી મોરલીવાળો સર્વસ્વ થઈ પડ્યો હતો. કૃષ્ણે એમનાં મન તો લઈ જ લીધાં હતાં, અને તન–ધન પણ એ પોતાના પાસે રાખવા ઈચ્છતાં નહોતાં. પતિપુત્રાદિક પરનો એમનો નૈસર્ગિક મોહ પણ કૃષ્ણના દિવ્ય માધુર્ય આગળ હારી ગયો. કૃષ્ણે વ્રજવાસીઓનું જીવન જ ફેરવી નાખ્યું હતું.""[3]

કિશોરલાલે એક જ બેઠકમાં વાંચી શકાય તેવા અગત્યના કથાવસ્તુવાળા પ્રસંગોની સચોટ રીતે રજૂઆત કરી શક્યા છે. એમણે વણ જોઈતા લખાણોને સ્થાન આપ્યું નથી. ચરિત્રલેખક ચરિત્રના નાયકને જ કેન્દ્રમાં રાખીને કથાવસ્તુની રજૂઆત કરી છે.

તટસ્થતા –:

ચરિત્રલેખક ચરિત્ર લખતી વખતે તટસ્થ રીતે રજૂઆત કરે તો જ ચરિત્ર વધારે પ્રભાવક પડે. અહીં કિશોરલાલે ચરિત્રનાયક તરીકે હિન્દુઓના ઈષ્ટ દેવ સમાન અને હિન્દુઓમાં વધારે પૂજાતા હોય એવા વ્યક્તિઓના ચરિત્રો લખ્યા છે. એમાં કૃષ્ણના જીવનના તો ઉતાર ચડાવ જ એવા રહ્યા છે. જે બધા જ અહી રજૂ કર્યા છે. મથુરાની જેલમાં જન્મ, ગોકુળમાં નંદને ત્યાં થયેલ ઉછેર, મથુરા માતા–પિતાને કંસના કારાવાસમાંથી છોડાવ્યા અને કંસનો કરેલો વધ એ શરૂઆતમાં જ એટલી બધી ઘટનાઓનું વર્ણન ચરિત્રલેખકે રજૂ કર્યું છે. પરંતુ એમાં ક્યાંય લેખક વિચલિત થયા નથી અને કોઈ પ્રસંગને વણ જોઈતો વર્ણવ્યો નથી. એ લેખક એટલી જ તટસ્થતાથી પ્રસંગોને રજૂ કરી શક્યા છે.

લેખક પ્રસ્તાવનામાં જ નોંધે છે એ પ્રમાણે 'ચિંતામણિ' વિનાયક વૈધ કૃત મૂળ મરાઠી કૃતિના ગુજરાતી અનુવાદ અને 'કૃષ્ણચરિત્ર' બંકિમચંદ્ર ચટોપાધ્યાય કૃત, બંગાળી કૃતિનો ગુજરાતી અનુવાદને કેન્દ્રમાં રાખીને

કૃષ્ણનું ચરિત્ર રજૂ કર્યું છે. એમાં આવતા પ્રસંગોને પૂરી તટસ્થતાથી લેખકે અહી રજૂ કર્યો છે.

અહીં કિશોરલાલે કૃષ્ણને એક સામાન્ય મનુષ્યની તોલે જ રજૂ કર્યા છે તેમાં ક્યાંય ભગવાન જેટલું સ્થાન પણ આપ્યું નથી.

સંઘર્ષનું તત્વ

લેખકે કૃષ્ણચરિત્ર લખ્યું છે એમાં કૃષ્ણને કેન્દ્રના નાયક તરીકે રજૂ કર્યા છે. લેખકે હિન્દુઓમાં વધારે પૂજાતા એવા કૃષ્ણનું ચરિત્ર લખ્યું છે. એમાં આપણે સૌ જાણીએ છીએ કે કૃષ્ણનો જન્મ જ સંઘર્ષ વચ્ચે થયેલો છે. સામાન્ય મનુષ્યની જેમ ઉછરેલા છે.સામાન્ય મનુષ્યની જેમ એમને પણ દુઃખો વેઠવા પડ્યા છે. સંઘર્ષમાંથી પસાર થવું પડ્યું છે. આથી ચરિત્રલેખકે આ ચરિત્રને સંઘર્ષ યુક્ત બનાવ્યું છે. એટલે જ જાણે વધારે રસાત્મક બન્યું છે. અને વાચકને આકર્ષી શક્યું છે. બાહ્ય સંઘર્ષની આ રજૂઆત વાચકને કૃષ્ણ અને કંસના આંતરિક સંઘર્ષ સુધી લઈ જાય છે.

શરૂઆતમાં જોઈએ તો કૃષ્ણના મામા કંસ માતા દેવકી પિતા વસુદેવને કારાવાસમાં અંધારી કોટડીમાં પૂરી રાખે છે. ત્યાં દેવકીના સાત સંતાનોની કંસ હત્યા કરી નાખે છે. અહીં એક માતા તરીકે દેવકી અને પિતા તરીકે વાસુદેવને મોટામાં મોટો સંઘર્ષ વેઠવો પડ્યો હતો. કૃષ્ણનો જન્મ થતાં વરસાદી ગાજવીજ સાથે વસુદેવ ટોપલામાં મૂકી યમુના નદી ઓળંગી મિત્રનંદને ત્યાં મૂકવા જાય છે. ત્યાં વાસુદેવ પિતા તરીકે પુત્રથી અળગા રહેવાનો સંઘર્ષ અનુભવે છે. કૃષ્ણ શિશુ અવસ્થામાં વ્રજમાં રહેતા હોય છે. ત્યાં કંસ દ્વારા મોકલેલા રાક્ષસી માણસો દ્વારા કૃષ્ણને મારવાના કરેલા પ્રયત્નો એનો કૃષ્ણએ કરેલો સામનો એ સંઘર્ષમય બની રહ્યો છે. વ્રજવાસીઓને દાવાનળ, અતિવૃષ્ટિ, જંગલી પ્રાણીઓના ત્રાસથી બચાવવાના પ્રયત્નો કર્યા છે.

'પાંડવપર્વ'માં પાંડવોને કરવો પડેલો દેશવટો, પાંડવોને જુગારમાં હારી જતાં ભાઈઓ અને પત્નીને હોડમાં મૂકવાની પરિસ્થિતી સંઘર્ષમય રહી

છે. તેમજ દ્રૌપદીના વસ્ત્રાહરણનો પ્રસંગ અને છેલ્લે પાંડવો અને કૌરવો વચ્ચે થયેલ કુરુક્ષેત્રનું યુદ્ધ વધારે સંઘર્ષમય બનાવ્યું છે. તો યાદવ કૂળનો નાશ દારૂના રવાડે જવાથી થયેલ અંતમાં કૃષ્ણનો સંઘર્ષ દર્શાવ્યો છે.

સંદર્ભ :

૧. રામ અને કૃષ્ણ લે.કિશોરલાલ મશરૂવાળા , નવજીવન પ્રકાશન મંદિર, ગુજરાત વિદ્યાપીઠ, આઠમું પુનર્મૂદ્રણ, ૨૦૧૦ પૃ–૧૦૬.

૨. એજન પૃ–૧૨૦

૩. એજન પૃ.૭૯

બુધ્ધ :

(બુધ્ધ,કિશોરલાલ ઘનશ્યામ મશરૂવાળા,નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ,નવમું પુનમુદ્રણ, માર્ચ – ૨૦૧૫,પચાસ રૂપિયા)

ગાંધીયુગના સાહિત્યમાં સમાજ જીવનને કેન્દ્રમાં રાખીને મૂલગામી અને ક્રાંતિકારી સુક્ષ્મદ્રષ્ટિના વિચારક તરીકે કિશોરલાલ મશરૂવાળાનું ચરિત્રલેખક તરીકે અનોખું અને અનન્ય સ્થાન છે.

કેટલાક અવતારી મનાતા પુરુષોનો ટૂંકો જીવનપરિચય આપવા માટે શ્રી મશરૂવાળાએ પુસ્તકમાળા શરૂ કરેલી, ' રામ અને કૃષ્ણ ' ને ' બુધ્ધ અને મહાવીર ' એ ચારેના જીવનચરિત્રોની પ્રથમ આવૃતિની પ્રસ્તાવનામાં એમણે અવતારી પુરુષો તરીકે ઓળખાવ્યા હતા. પરંતુ મરાઠી ભાષામાં અવતારી પુરુષ એક રૂઢિપ્રયોગ છે. તેનો અર્થ કેવળ ' વિશેષ વિભૂતિમાન પુરુષ' એટલો જ થાય છે. એ શબ્દ ગોંટાળો ઉત્પન્ન કરે એવો હોવાથી નવમી આવૃતિમાથી આ શબ્દ કાઢી નાખી તેને બદલે ' મહાપુરુષો ' શબ્દ વાપર્યો છે. આ શબ્દ શ્રી મશરૂવાળાના દ્રષ્ટિબિંદુ જોડે સુસંગત છે. કારણ કે તેઓ આ પુરૂષોને દેવાંશી કે ઈશ્વરના અવતાર માનતા નથી. પરંતુ મહાપુરુષો જ ગણે છે.

‘બુધ્ધ અને મહાવીર ‘ ના ચરિત્રોમાં એમને ધર્મપરાયણ પુરુષના ચરિત્રો લખવા પ્રેરાયા છે.

મહાભિનિષ્ક્રમણ, તપશ્ચર્યા, સંપ્રદાય, ઉપદેશ, બૌધ્ધ શિક્ષાપદો, કેટલાક પ્રસંગો અને અંત વગેરે મુદાઓમાં બુધ્ધનું જીવન આલેખવ્યું છે.

આશરે 2500 વર્ષ પૂર્વે હિમાલયની તળેટીમાં, ચંપારણની ઉતરે, નેપાળની તરાઈમાં કપિલ વસ્તુ નામના નગરમાં શાકય કૂળમાં બુધ્ધનો જન્મ થયો હતો.

બુધ્ધના પિતા શુધ્ધોધન શાકયના અધ્યક્ષ પદે હોવાથી રાજાનું પદ મળ્યું હતું. શુધ્ધોધનને માયાવતી અને મહાપ્રજાપતિ નામની બે બહેનો સાથે લગ્ન કર્યા હતા. એમાં માયાવતીએ એક પુત્રને જન્મ આપ્યો હતો. પુત્રને જન્મ આપ્યાના સાત દિવસમાં જ મૃત્યુ થવાથી એને મહાપ્રજાપતિ એ સગી માતાની જેમ ઉછેર કર્યો હતો. આ બાળક એ સિધ્ધાર્થ એટલે કે બુધ્ધ જ હતા.

શુધ્ધોધને સિધ્ધાર્થને રાજકુમારને છાજે એમ કેળવણી આપી લાડથી ઉછેર કર્યો હતો. દરેક સુખ સગવડમાં ઉછેર કર્યો હતો. યશોધરા જેવી ગુણવાન કન્યા સાથે લગ્ન કર્યા હતા. એને રાહુલ નામના છોકરાને જન્મ આપ્યો હતો. સિધ્ધાર્થના પોતાના જ શબ્દોમાં લેખકે પોતાના ભોગવિલાસનું વર્ણન કર્યું છે.એમ લેખક અહી નોધે છે.

“ હું બહુ સુકુમાર હતો. મારા સુખ માટે મારા પિતાએ તળાવ ખોડાવી તેમાં વિવિધ પ્રકારની કમલિનીઓ વાવી હતી. મારા વસ્ત્રો રેશમી હતા. ટાઢતાપની મારા ઉપર અસર ન થાય એટલા માટે મારા સેવકો મારી ઉપર શ્વેત છત્ર ધરતા. શિયાળા માટે, ઉનાળા માટે, અને ચોમાસા માટે મારા જુદા જુદા ત્રણ રાજમહેલ હતા. જ્યારે હું ચોમાસા માટે બાંધેલા મહેલમાં રહેવા જતો. ત્યારે ચાર મહિના સુધી બહાર ન નીકળતા, સ્ત્રીઓનાં ગીત અને વાદ્ય સાંભળી કાલક્રમણ કરતો બીજાઓને ત્યાં સેવકોને હલકા પ્રકારનું અન્ન

અપાતું. પણ મારે ત્યાં મારા દાસદાસીઓને ઉતમ ખોરાક સાથે ભાત અપાતો હતો." [૧]

આમ, આવા ભોગવિલાસમાં બાળપણ પસાર કરેલ સિધ્ધાર્થને અચાનક જ સામાન્ય પુરુષને ભોગવતા પડતાં જોયેલા વ્યાધિ, ઘડપણ, દુખ વગેરેથી કંટાળીને સંસાર ત્યજવાનું વિચારે છે.

બાળપણથી જ સિધ્ધાર્થ વિચારશીલ અને એકાગ્ર ચિત્તવાળો હોવાથી સતત વિચારશીલ રહેતો. અવિદ્વાન સામાન્ય પુરુષોમાં એશઆરામ, વ્યાધિના સપાટાથી જોઈને સૌ કોઈ એને તિરસ્કાર છે. તો આ તિરસ્કાર મને શોભે નહીં, આવા વિચારથી ઘર, ગાડી,ઘોડા,પશુધન,સ્ત્રી,પુત્ર,દાસ,દાસી વગેરે જગતની સુખ આપનાર વસ્તુઓને સિધ્ધાર્થ છોડવા તૈયાર થાય છે. અને જ્યાં જરા વ્યાધિ મરણ કે શોક ન હોય એવી વસ્તુની શોધ કરી અને એનો આશ્ચર્ય લેવો એમ વિચારીને વૈરાગ્ય વૃતિ તરફ આકર્ષાય છે. આ વૈરાગ્ય પ્રાપ્ત કરવા માટે કેટલાય વિચારમંથન કર્યા બાદ એ મા–બાપ વૈરાગ્ય વૃતિ માટે તૈયાર ન હોવા છતાં ૨૯ વર્ષની નાની ઉમરે શિરોમુંડન કરી ભગવા વસ્ત્રો ધારણ કરીને ગૃહત્યાગ કરવાનું વિચાર્યું.

સિધ્ધાર્થ પોતે મોક્ષ પ્રાપ્ત કરવા માટે ગૃહત્યાગ કરવા પ્રેરાયા ન હોતા. પરંતુ પ્રાણીમાત્ર તરફ પ્રેમભાવ રાખનાર આ જગતમાં દુખનિવારણના ઉપાય શોધવા માટે સન્યાસ ધર્મ સ્વીકારેલ હતો.

તપશ્ચર્યા :

ગૃહત્યાગ પછી સિધ્ધાર્થ તપશ્ચર્યા માટે દૂર દૂર ચાલી નીકળે છે. ત્યાં ચમારથી લઈ બ્રાહ્મણ સુધી જે કોઈના ઘરેથી મળેલ ભિક્ષા એક પાત્રમાં ભેગી કરી ખાવા લાગે છે. સુખસાહબીમાં ઉછરેલ કુંવરે શરૂઆતમાં મનને મનાવતા કહેલાં વચનો લેખક અહી રજૂ કરે છે.

" અરે જીવ ! તને કોઈએ સન્યાસ લેવાની જબરજસ્તી કરી ન હતી. રાજીખુશીથી તે આ વેષ લીધો છે. રાજસંપતિનો આનંદથી ત્યાગ કર્યો છે.

હવે તને આ ભિક્ષાઅન્ન ખાવામાં શાનો કંટાળો આવે છે. મનુષ્ય મનુષ્ય વચ્ચે ભેદભાવ જોઈને તારું હૃદય ચિરાઈ જતું, પણ હવે તારી પોતાની ઉપર હિન જાતિના માણસનું અન્ન ખાવાનો પ્રસંગ આવતાં જ તારા મનમાં એ લોકો વિષે અનુકંપા ન આવતા કંટાળો કેમ આવે છે ? સિધ્ધાર્થ, છોડી દે આ નબળાઈ ! સુગંધી ભાતમાં અને હિન લોકોએ આપેલા આ અન્નમાં તને ભેદભાવ ન લાગવો જોઈએ. આ સ્થિતિ તું પ્રાપ્ત કરીશ તો જ તારી પ્રવજ્યા સફળ થશે."

આમ આ વિચારની વિષમ દ્રષ્ટિથી છેવટે મનને દઢ બનાવીને સિધ્ધાર્થ ગુરુની શોધમાં નીકળી પડે છે. આત્યંતિક સુખનો માર્ગ બતાવનાર ગુરુની શોધમાં નીકળતા કાલામ નામે યોગીના શિષ્ય બની સિધ્ધાર્થ રહે છે. થોડાક જ સમયમાં સિધ્ધાર્થ બધા જ સિંધ્ધાતો શીખી ગયા. કોઈ પૂછે તો બરાબર ચર્ચામાં ઉતારીને બધુ જ્ઞાન આપી દે એવા કુશળ પંડિત થયા. એમને સિધ્ધાર્થને એટલા જ જ્ઞાનથી સંતોષ નહોતો. એમને તો દુખ નિવારણ કરવાનું ઓસડ જોઈતું હતું. કાલામ ગુરુ પાસે જેટલું જ્ઞાન હતું એટલું બધુ જ પ્રાપ્ત કરી લીધું.

કાલામનો આશ્રમ છોડી ઉદક નામના યોગી પાસે આઠમી સમાધિ માર્ગને પ્રાપ્ત કર્યો. પરંતુ એટલાથી સિધ્ધાર્થ સંતુષ્ટ ન હોવાથી, હવે પોતે જ સુખનો માર્ગ શોધવા પ્રયત્ન કરવો એમ વિચારી આગળ નીકળી પડે છે.

હવે સિધ્ધાર્થ તપ કરવાનો નિશ્ચય કરી, શરીરનુ ઉગ્રપણે દમન આચર્યું. ઋતુઓથી પર જઈ. શરીરને ઉપવાસથી, શ્વાસોશ્વાસથી રોકી ધ્યાનસ્થ બનાવી દીધું. એકવાર મૂર્છા પામી ઢળી જતાં ભરવાડે દૂધ પાઈને જાગ્રત કર્યા.

આટલું કષ્ટ વેઠવા છતાં સિધ્ધાર્થ કંઈ જ પ્રાપ્ત ન કર્યું એમ અનુભવીને અન્નગ્રહણ કરવા માંડ્યુ. અન્નગ્રહણ કરતાં હોવાથી સિધ્ધાર્થને લોકોએ હલકા અને યોગભ્રષ્ટ માનીને ત્યાગ કર્યો.

સિધ્ધાર્થ પોતાનું રાજ્ય છોડી પછી છ વર્ષનો સમય આસુરી વૃતિઓ સાથે ઝઘડીને સર્વ વિકારોને જીતીને ચિતની અંત્યત શુધ્ધિ કરી. ચિતની સંપૂર્ણ શુધ્ધિ થઈ જતાં જ્ઞાનનો પ્રકાશ થયો. જન્મ અને મરણ શું, સુખ અને દુખ શું, દુખનો નાશ થાય કે નહીં, થાય તો કેમ થાય, એ સર્વ વાતનો ખુલાસો થઈ ગયો.

સંપ્રદાય :

કેટલીય તપશ્ચર્યા કર્યા પછી બુધ્ધ અનેક તપસ્વીઓના સંસગમાં રહ્યા. એ બધાની તપશ્ચર્યા કરવાની રીતથી બુધ્ધને એમની શરીરને કષ્ટ આપવાની રીત ભૂલ ભરેલી લાગી. હવે કેટલાય સિધ્ધાર્થના શિષ્ય બન્યા. બુધ્ધે પ્રાપ્ત કરેલું જ્ઞાન એ સૌ કોઈ સાથે પ્રસરાવવા લાગ્યા. જેટલા વેગથી સત્યની શોધ માટે રાજ્યનો ત્યાગ કર્યો તેટલા વેગથી એમનો પોતાના સિંધ્ધાતનો પ્રચાર કરવા માંડ્યો. જોતજોતામાં હજારો માણસો સંસારનો ત્યાગ કરી. એમના ભિક્ષુસંઘમાં દાખલ થયા. એમના એ સંઘમાં ઊંચ નીચ,ધનવાન–ગરીબ,વર્ણ–કુલના ભેદભાવ વિના દરેક પ્રકારના લોકો જોડાયા. કેટલીય સ્ત્રીઓ ભિક્ષુણી તરીકે જોડાઈ.

એ સમયની ત્રણ વર્ગોની દશાનું વર્ણન સિધ્ધાર્થ કર્યું છે. બુધ્ધના સમયમાં મધ્યમ વર્ગના લોકોની મનોદશાનું વર્ણન કર્યું છે. મધ્યમ માર્ગનો ઉપદેશ આપી મધ્યમ માર્ગે આપેલ આર્યસત્યોનું જ્ઞાન આ પ્રમાણે આપ્યું. એ ચાર આર્યસત્યો.

(૧) પહેલા આર્યસત્યમાં એમને જન્મ, જરા,વ્યાધિ,મરણ અપ્રિય વસ્તુનો યોગ અને પ્રિય વસ્તુનો વિયોગ એ પાંચ દુખો જ ખરા છે.

(૨) સંસારના સુખોની તૃષ્ણા, સ્વર્ગના સુખોની તૃષ્ણા અને આત્મનાશની તૃષ્ણા એ બધા દુ:ખોનું કારણ છે.

(૩) આ ત્રણ તૃષ્ણાઓને નિર્મૂળ કરવાથી જ મોક્ષ પ્રાપ્તિ થાય છે.

(૪) તૃષ્ણાઓનો નિરોધ કરી દુ:ખનો નાશ કરવા માટેના સાધનના આઠ અંગ દર્શાવ્યા છે. સમ્યક જ્ઞાન, સંકલ્પ, વાચા, કર્મ, આજીવ,પ્રયત્ન, સ્મૃતિ, સમાધિ વગેરે અષ્ટાંગ માર્ગ દ્વારા શુભનો સ્વીકાર અને અશુભનો ત્યાગ કરવાનો છે. બુધ્ધે ધર્મનો ઉપદેશ આપી શિષ્યોનાં ત્રણ ભેદ પાડ્યા છે. ગૃહસ્થ, ઉપાસક અને ભિક્ષુ.

બુધ્ધે ગૃહસ્થ, ઉપાસક અને ભિક્ષુએ કઈ અશુભ પ્રવૃતિથી દૂર રહેવું અને કઈ શુભ પ્રવૃતિઓ કરવી, ભિક્ષુના ધર્મો, ઉપાસકના ધર્મો વગેરેની વિગતે ચર્ચા કરી છે.

બુધ્ધનાં સંપ્રદાયની વિશેષતા, જન્મ–જન્માંતરનો ખ્યાલ વગેરેની ચર્ચા કરી છે.

ઉપદેશ :

લેખકે અહી બુધ્ધ દ્વારા અપાએલા ઉપદેશ માટેના વિચારો રજૂ કર્યા છે.

ઉપદેશ માટે તેમણે દિશાવંદનને મહત્વ આપ્યું છે. તે સમયનાં લોકોમાં છ દિશાઓનું ક્યા સમયે વંદન જરૂરી છે તેનું મહત્વ જણાવ્યુ છે. કઈ દિશાની ક્યારે પૂજા કરવી એ પણ દર્શાવ્યું છે. ઉપોસથવ્રતમાં એમણે ચોરી ન કરવા, બ્રહ્મચર્યનું પાલન કરવા, અસત્ય ન બોલવા માટેના એમ આઠ નિયમને પાળીને અનુકરણ કરવાનું દર્શાવ્યું છે. વધક, ચોર, શેઠ, માતા, બહેન, મિત્ર અને દાસી એમ સાત પ્રકારની પત્નીઓ સાથે પત્નીઓની તૂલના કરી છે. સર્વ વર્ણની સમાનતા અને વર્ણમાં કેવા કાર્યોથી સ્વર્ગ, નરકની પ્રાપ્તિની થાય છે તેની ચર્ચા કરી છે. ચારેય વર્ણનો સરખો અધિકારની ચર્ચા કરી.

શ્રેષ્ઠ યજ્ઞ :

બુધ્ધની ઉપદેશ આપવાની પધ્ધતિનું લેખકે અહી એક ઉદાહરણ સાથેની સમજૂતી રજૂ કરી છે. બુધ્ધના સમયે યજ્ઞમાં પ્રાણીઓનો વધ

કરવાનો રિવાજ પ્રચલિત હતો. યજ્ઞમાં પ્રાણી પર થતી આ હિંસા બંધ કરવાની લડત બુધ્ધના કાળથી ચાલી આવે છે. એનું અહી દ્રષ્ટાંત આપ્યું છે.

બુધ્ધને કૂટદંત નામના બ્રાહમણ દ્વારા પ્રશ્ન પુછવામાં આવ્યો કે, " શ્રેષ્ઠ યજ્ઞ કયો, અને તેનો વિધિ શો ?" બુધ્ધ એક પ્રાચિનકાળના મહાવિજીત નામના રાજાનું ઉદાહરણ આપીને યજ્ઞ કેવો હોવો જોઈએ એ બુધ્ધે કૂટદંતને સમજાવ્યું.

યજ્ઞ ક્યારેય સુખ સંપતિનો દેખાડો કરવા કે અન્ય વ્યક્તિને એનાથી કેટલું નુકશાન થશે એનો ખ્યાલ રાખીને જો કરવામાં આવે કે ધનનો વ્યય કર્યા વગર ઝાડ–પાન,ઢોર કે કોઈ મનુષ્યને જબરદાસતી કે હેરાન ન કરવામાં આવે તો યજ્ઞ સફળ થયો ગણાય. આ યજ્ઞમાં કોઈ નજરાણું કે ભેટ સોગાત સ્વીકાર્યો વિના, ઘી, તેલ, માખણ, દહી, મધ અને ગોળ જેવા પદાર્થોથી યજ્ઞ પૂર્ણ કરવામાં આવે અને આજુબાજુના અંધ,લૂલા,અનાથ લોકો કે ગરીબોને દાન આપવામાં આવે તો યજ્ઞ ખરેખર સફળ થયો ગણાય.

એ જ રીતે બુધ્ધે રાજા અજાતશત્રુના અમાત્યને પોતાના શિષ્ય આનંદ દ્વારા સાત પ્રકારનો ઉપદેશ પ્રશ્નોતરી દ્વારા અપાય છે.

બુધ્ધે ભિક્ષુઓને એકાગ્ર કરી અભ્યુન્નતિના નિયમોની શિખામણ આપી.

બુધ્ધના ઉપદેશની અસર ઉપદેશ સાંભળનાર પર તત્કાળ થઈ જતી. એમના વચનોથી શિષ્યો વૈરાગ્ય તરફ જોડાતા. સુખસંપતિ છોડી ભિક્ષુસંઘમાં દાખલ થઈ જતાં. આટલી ઉપદેશની અસર શિષ્યો પર પડતી એના બે પ્રસંગો લેખકે અહી રજૂ કર્યો છે.

બુધ્ધના ઉપદેશથી કેટલાક સ્ત્રી પુરુષોના ચરિત્ર ઘડાયા છે. પૂર્ણ નામના શિષ્યના વિચારોથી બુધ્ધ સંતોષ અનુભવી એને હવે ધર્મોપદેશ આપવા માટે સમર્થન આપ્યું.

નકુલમાતા નામની એક સ્ત્રીએ મરણ પથારી પર પડેલા પોતાના પતિને ઉપદેશ વચનોથી માનસિક ઉપાધિ કે કોઈ જાતના ચિંતા કે વિચારોથી મૃત્યુ શરણ ન થવા અને શાંતિથી સમાધી સાથે ચિંતામૂક્ત મૃત્યુ માટે સારા વચનોથી તૈયાર કર્યા. છેવટે એ સદભાગ્યે આ જ્ઞાની સ્ત્રીનો પતિ સાજો થઈ ગયો. હદયને આવી રીતે પલટાવી નાખતા લોકોના મોટા ચમત્કારો દર્શાવ્યા છે.

બૌધ્ધ શિક્ષાપદો :

કિશોરલાલે બૌધ્ધ શિક્ષાપદોના કેવા નિયમો છે એની ચર્ચા કરી છે.

દરેક સંપ્રદાયે પોતાના શિષ્યોના વર્તન, સદાચાર,શુધ્ધાચાર, સભ્યતા અને નીતિને પોષક થાય એ માટે નિયમો ઘડેલા હોય છે. એમાં કેટલાય સવાર્જનિક સ્વરૂપના ખાસ રુઢિઓના સ્વરૂપના સર્વકાળમાં મહત્વના હોય એવા નિયમો ઘડેલા હોય એ નિયમોને શિક્ષાપદો કહેવાય છે.

બુધ્ધે ભિક્ષુઓ કે ભિક્ષુણીઓને આપેલા નિયમો અહી લેખકે રજૂ નથી કર્યા પરંતુ સાર્વજનિક રીતે સમાજ સેવકો માટે મહત્વના હોય એવા નિયમોની માહિતી ટૂંકી રીતે રજૂ કરી છે.

શિષ્યોના ધર્મમાં ગુરુની શિષ્ય દ્વારા કેવી રીતે સેવા કરવી એના માટે જુદા જુદા અનુસંધાને કેવા નિયમોનું પાલન કરવું એના નિયમો દર્શાવ્યા છે.

પ્રાત:કર્મ વહેલા ઉઠી, કપડાં વ્યવસ્થિત કરી, ગુરુના દાતણ મો ધોવાના પાણીની વ્યવસ્થાથી માંડી દિવસ દરમ્યાન ગુરુના કરવાના કાર્યોની ઝીણામાં ઝીણી વિગતથી લઈ ગુરુના સાથે કરવામાં આવતી વાચાના સંયમની ચર્ચા કરવામાં આવી છે.

ગુરુ સાથેના પ્રત્યાગમન પછી ગુરુની સેવા કેવી રીતે કરવી, ગુરુની ભોજન વ્યવસ્થા, સ્નાન, નિવાસ, સ્થાનની સ્વચ્છતા, ગુરુ દ્વારા કરવામાં આવતા અધ્યાપન, ગુરુના દોષની શુધ્ધિ,મંદવાડ, શિષ્યની સંભાળ, કર્મકૌશલ્ય વ્રતો વગેરેની ઝીણામાં ઝીણી વિગતથી ગુરુનું માન જાળવવાનાં નિયમો અહી રજૂ કર્યા છે.

આ બધા ઉપદેશ લોકભાષામાં જ રજૂ કરવાની આજ્ઞા કરવામાં આવે છે. અને આ શિક્ષાપદોને વૈદિક સંસ્કૃત ભાષામાં ભાષાંતર કરવાની પણ મનાઈ કરવામાં આવેલ છે.

ભિક્ષુકે બહારગામ વિહાર વખતે જતાં ત્યાં પહોંચી મહેમાન તરીકે કેવું વર્તન કરવું એ, અને આવનાર ભિક્ષુકનો વિહારમાં કેવી રીતે સત્કાર કરવો એ પણ જણાવ્યુ છે. ભિક્ષુકનો અન્ય સ્ત્રીઓ સાથે કેટલી મર્યાદા અને સંબધ કેવો રાખવો એની ચર્ચા કરવામાં આવી છે.

કેટલાક પ્રસંગો અને અંત :

આ નામના પ્રકરણમાં લેખકે બુધ્ધના આપેલા ઉપદેશોથી સમાજ પર કેવી અસર થાય છે. એ જીવનમાં બનેલા પ્રસંગો પરથી જાણી શકાય છે. એમજ જ્ઞાનની કસોટી પણ થઈ જાય છે. એ જ્ઞાનની કસોટીને લગતા બે ત્રણ પ્રસંગો પણ રજૂ કર્યા છે.

બુધ્ધના જીવનમાં એમના વિરોધીઓ દ્વારા કેટલીય વાર હલકા પાડવાના પ્રયત્નો થયા છે. તેમને મારી નાખવાના પ્રયત્નો પણ થયા છતાં, પ્રાણીમાત્ર પર પ્રેમ રાખનાર, વિરોધીઓને પણ મિત્રતાથી રાખતાં દેખાઈ આવે છે.

કૌશાંબીની રાણી દ્વારા બુધ્ધ પર કરવામાં આવેલા આકરા પ્રહારોની બુધ્ધ અને શિષ્યો પર કઈ અસર થઈ નહીં. એ જ રીતે બુધ્ધ પર ખૂનનો આરોપ મૂકીને બુધ્ધને હલકા પાડવાના પ્રયત્નો કરવામાં આવ્યા. પરંતુ એની બુધ્ધ પર કઈ અસર થઈ જ નહીં.

બુધ્ધના જ એક શિષ્ય દેવદત બિંબિસાર રાજાના પુત્ર અજાતશત્રુની મદદ લઈને યુક્તિ રચીને બુધ્ધને મારવાના પ્રયત્નો કર્યા.પરંતુ બુધ્ધના અહિંસા પ્રેમવૃતિથી આકર્ષાઈને બુધ્ધના શિષ્ય બની ગયા,

દેવદત નામના શિષ્યે રાજા અજાતશત્રુ દ્વારા મારવાના કરેલા પ્રયત્નો સફળ ન થતાં શીલા પ્રહાર કરાવ્યો. છેવટે દેવદતે બુધ્ધના કેટલાય

શિષ્યો પોતાની તરફ ખેંચી લઈને એક નવો જુદો પાઠ શરૂ કરાવ્યો. પરંતુ એ શિષ્યો તો બુધ્ધના શરણે આવી ગયા. દેવદત માંદો પડતાં એના કર્મોથી પાશ્ચયાતાપ થવા લાગ્યો. પરંતુ બુધ્ધ આગળ રજૂ કરતાં પહેલા જ મૃત્યુ પામ્યો.

પરિનિર્વાણ :

એંશી વર્ષના આયુષમા સતત ધર્મોપદેશ આપી બુદ્ધે આખા મગધમાં ઠેર ઠેર વિહારો સ્થાપવ્યા હતા. આથી મગધનું નામ બિહાર પડી ગયું. હજારો માણસો બુધ્ધના ઉપદેશથી આકર્ષાઈ શિષ્યો બન્યા. કેટલાય લોકો પોતાનું જીવન સુધારી સન્માર્ગે વળ્યા. કોઈ વાર ભિક્ષામાં કઈક અયોગ્ય અન્ન મળવાથી બુધ્ધને અતિસારનો રોગ થતાં બુધ્ધ પથારીમાથી પાછા ઊભા થયા જ નહીં. કૂસિનારા નામના આ ગામમાં પરિનિર્વાણ થયા.

બુધ્ધનું મૃત્યુ થવાથી શિષ્યોમાં અત્યંત શોક છવાઈ ગયો. પરંતુ વિવેક બુધ્ધિથી વિયોગ સહન કરી એમની સમાધિ બંધાવી. આ સમાધિ બાંધતા શિષ્યો આપસમાં મતભેદ જણાતા બુધ્ધના કૂલો પર સમાધિ બંધાવી. એમાં કૂલોનાં આઠ વિભાગ પાડી આઠ સમાધિ બંધાવી. એ આઠ સમાધિ સ્થળો બૌધ્ધ તીર્થસ્થાન તરીકે લોકોમાં પૂજાવા લાગ્યા. આવા બુધ્ધના જીવનથી આપણે અહિંસાવ્રત, મૈત્રી, કરુણા, વગેરે સદભાવનાઓ આપના હદયમાં ઉતારીએ, એમના બોધ વચનોનું મનન કરીએ તો બુધ્ધની પૂજા અને યાત્રા કર્યા બરાબર જ છે.

વ્યક્તિચિત્રો

કિશોરલાલે ' બુધ્ધ' ના ચરિત્રમાં બુધ્ધને કેન્દ્ર સ્થાને રાખીને બુધ્ધના સંપર્કમાં આવેલા કે બુધ્ધ સાથે એક યા બીજી રીતે જોડાયેલા વ્યક્તિઓના ચિત્રો ઉપસાવી કાઢ્યા છે. એને પોતાની શૈલીમાં રજૂ કર્યા છે.

સૌપ્રથમ તો કપિલવસ્તુ નગરીના શાક્યકુળના રાજા શુધ્ધોધન, આ રાજા શુધ્ધોધન ગૌતમવંશની માયાવતી અને મહાપ્રજાપતિ નામે બે બહેનો

સાથે પરણ્યો હતો. એમાં માયાવતી બાળકને જન્મ આપ્યાના સાતેક દિવસમાં મૃત્યુ પામતા. મહાપ્રજાપતિ એ બાળકને પોતાના સગા દીકરાની જેમ લાડકોડથી બાળકનો ઉછેર કરે છે. અને આ બાળક તે સિધ્ધાર્થ. શુધ્ધોધન એ સિધ્ધાર્થના પિતા હતા.તેમણે સિધ્ધાર્થને સંસારમાં તમામ સુખસગવડો, સાહ્યાબી આપીને લાડકોડમાં ઉછેર કર્યો હતો.

સિધ્ધાર્થ શુધ્ધોધને આપેલા વિલાસોમાં ઉછેરીને મોટા થાય છે. ત્યાં હવે સિધ્ધાર્થના યશોધરા નામે એક ગુણવાન કન્યા સાથે લગ્ન થાય છે. યશોધરા રાહુલ નામના પુત્રને જન્મ આપે છે ત્યાં સિધ્ધાર્થનાં જીવનમાં આવતા વ્યક્તિઓના ચિત્રો રજૂ કર્યા છે. કાલમમુનિ નામના ગુરુ પાસે સિધ્ધાર્થ પોતાના સિંધ્ધાતો શીખ્યા અને સાત સમાધિઓના માર્ગની સાત ભૂમિકાઓનું જ્ઞાન મેળવી લીધું જેટલું જ્ઞાન ગુરુ કાલામ પાસે હતું. એટલું પોતે મેળવીને અન્ય જ્ઞાની ગુરુની શોધમાં નીકળે છે.

'ઉદક મૂનિ' નામના ગુરુના શિષ્ય બની સિધ્ધાર્થ ઉદક મૂનિના આશ્રમમાં રહે છે. સિધ્ધાર્થ ઉદક ગુરુ પાસેથી સમાધિની આઠમી ભૂમિકા વિષે જાણે છે. ઉદક ઋષિ પાસે હોય છે તે જ્ઞાન પ્રાપ્ત કરી આશ્રમમાથી સુખનો માર્ગ શોધવા પોતે જ પ્રયત્ન કરવા ત્યાથી ચાલ્યો જાય છે.

બુધ્ધની તપશ્ચર્યા અને અનેક તપસ્વીઓના સંસર્ગથી ઘણા શિષ્યો બુધ્ધ પાસે આવી શિષ્ય બનવા લાગ્યા. જેમાં બુધ્ધના સંપ્રદાયમાં કોઈ ઊંચ નીચ, ધનવાન, ગરીબ કે વર્ણ કુળના ભેદભાવ વિના જ શિષ્યો ભિક્ષુસંઘમાં દાખલ થતાં હતા. એ શિષ્યોમાં મગધનો રાજા બિંબિસાર એમનો પિતા શુધ્ધોધન કોસલનો રાજા પાસેનદિ તથા અનાથપિંડક વગેરે ધનાઢ્ય ગૃહસ્થોએ જેમ એમનો ધર્મ સ્વીકાર્યો હતો , તેમ ઉપાલિ હજામ ચુંદ, લુહાર આંબાપાલી ગણિકા વગેરે પછાત કોમમાંથીએ એમના આગેવાન શિષ્યો હતા. સ્ત્રીઓ પણ એમનો ઉપદેશ સાંભળી ભિક્ષુણી થવા પ્રેરાઈ. પ્રથમ તો સ્ત્રીઓને ભિક્ષુણી કરવા બુધ્ધ નારાજ હતા. પણ એમની માતા ગોતમી અને

પત્ની યશોધરાએ ભિક્ષુણી થવા અત્યંત આતુરતા બતાવી અને તેમના આગ્રહને વશ થઈ એમને પણ ભિક્ષુણી થવાની બુધ્ધને છૂટ આપવી પડી.

બુધ્ધના પોતાના શિષ્યો સાથે કરેલા સંવાદોથી બુધ્ધના શિષ્યોની ઉપદેશ ગ્રહણ કરવાની અને અન્ય વ્યક્તિઓ સાથેના શિષ્યોની પરીક્ષા બુધ્ધ લેતા શિષ્યો ખરેખર ઘડાયા છે. એમ જણાય છે. એવા શિષ્યોમાં આનંદ, પૂર્ણ અને નકુલમાતા નામની સ્ત્રી વગેરે પર થયેલા બુધ્ધના ઉપદેશની અસર એ શિષ્યો પર થઈ.

બુધ્ધની સારી લોકપ્રિયતાથી એના ઘણા વિરોધીઓ બન્યા હતા. જેમાં દેવદત એ મુખ્ય હતો. દેવદત બુધ્ધનો શિષ્ય હતો. એ શાક્ય વંશનો હતો. એને બહુમાન જોઈતું હતું. આ દેવદતે બુધ્ધને પર્વતની શીલા મારીને, હાથી નીચે ચગદાવી નાખવાનો અને ખૂન કરાવવાનો પ્રયત્ન કરેલ.

આમ, બુધ્ધના સંપર્કમાં આવેલા વ્યક્તિઓના વ્યક્તિચિત્રો લેખકે સચોટ તાર્દશ્યતાથી રજૂ કરી શક્યા છે.

કેન્દ્રમાં નાયક

2500 વર્ષ પહેલા નેપાળની તરાઈમાં કપિલ વસ્તુ નામના નગરમાં જન્મેલા સિધ્ધાર્થનું ચરિત્ર કિશોરલાલે રજૂ કર્યું છે. એમાં સિધ્ધાર્થના જીવનના જન્મ, સુખનો ત્યાગ, તપશ્ચર્યા, શિષ્યોને આપેલા ઉપદેશ અને બૌધ્ધ શિક્ષાપદોના ગુરુ શિષ્યોના ધર્મમાં લાગુ પડતાં નિયમો, યજમાન, અતિથિનાં ધર્મો વગેરે અને કેટલાક વિરોધીઓ દ્વારા બુધ્ધને મારવાના કરેલા પ્રયત્નોનું લેખકે ટૂંકમાં નિરૂપણ કર્યું છે.

આ બધા નાના નાના પ્રસંગોમાં લેખકે નાયકને કેન્દ્રમાં રાખીને પ્રસંગોને કેવી રીતે વર્ણવ્યા છે એ નિરૂપ્યું છે. એમાં બુધ્ધનું બાળપણનું નામ સિધ્ધાર્થ હતું.

આ સિધ્ધાર્થ શાકય કુળના અધ્યક્ષ જેને 'રાજા' નું પદ મળ્યું હતું. એ શુધ્ધોધનનો પુત્ર હતો. આ શુધ્ધોધનને બે પત્નીઓ માયાવતી અને

મહાપ્રજાપતિ હતી. જેમાં માયાવતીને પુત્ર થતાં જન્મના સાત દિવસમાં માયાવતી મૃત્યુ પામતા મહાપ્રજાપતિએ એનો ઉછેર કર્યો હતો.

આ સિધ્ધાર્થનો બાળપણમાં રાજકુમારની જેમ ઉછેર કરેલો હતો. જુવાન થતાં યશોધરા નામની ગુણવાન કન્યા સાથે લગ્ન કર્યા હતા. એને રાહુલ નામના પુત્રને જન્મ આપ્યો હતો. આ સિધ્ધાર્થ બાળપણમાં કેટલાય ભોગ વિલાસમાં ઉછેરેલા હતા. પરંતુ અચાનક આટલા એશ આરામમાં એ સિધ્ધાર્થનું ચિત ઠેકાણે ન રહ્યું. સતત વિચારશીલ, એકાગ્ર ચીતવાળા સિધ્ધાર્થે સંસારનો ત્યાગ કરવાનું વિચાર્યું.

જુવાનીમાં ભોગવેલા ભોગવિલાસ ઘડપણમાં સાથે આવતા નથી. અવિદ્વાન સામાન્ય મનુષ્યને પણ આ વ્યાધિ, દુ:ખ, મરણ સૌ ભોગવવા પડે છે. આથી સંસાર છોડી મોક્ષની જિજ્ઞાસાવાળા સિધ્ધાર્થ ઘર છોડી ચાલ્યા જાય છે. ઘર છોડયા પછી દૂર નીકળી ગયા. ભિક્ષા માંગીને ગુરુની શોધ નીકળી પડે છે.

કાલામ મુનિ પાસે જીવનની સાત સમાધિને પ્રાપ્ત કરવા છતાં સંતુષ્ટ ન થયેલા સિધ્ધાર્થ બીજા ગુરુની શોધમાં નીકળતા ઉદક મુનિ સાથે સંપર્કમાં આવે છે. ઉદક મુનિ સમાધિની આઠમી ભૂમિકા બતાવે છે. પરંતુ એથી પણ સંતોષ ન થતાં સિધ્ધાર્થ પોતેજ તપ કરીને શરીરને ઉગ્રપણે ટાઢ, તાપ, વરસાદ જોયા વિના શરીરને દમન કરી સત્યનાં માર્ગને શોધવા પ્રયત્ન કરવા લાગ્યા. વૈશાખ સુદ પુનમને દિવસે પ્રથમ વખત જ્ઞાન પ્રાપ્ત થતાં સિધ્ધાર્થમાંથી બુધ્ધ બન્યા.

બુધ્ધ બન્યા પછી ઘણા બધા શિષ્યો એમના સંસર્ગમાં આવી ભિક્ષુસંઘમાં જોડાયા. બુધ્ધે શિષ્યોને ત્રણ ભેદમાં પાડી,ધર્મનો ઉપદેશ આપવા લાગ્યા. એમાં ગૃહસ્થ, ઉપાસક અને ભિક્ષુ એમ ત્રણ પ્રકારે શિષ્યોને વહેચ્યા.

લેખકે બુધ્ધે આપેલા શિક્ષાપદો, ભિક્ષુએ પાળવાના વ્રત, શિષ્યોના ધર્મ વગેરેની ચર્ચા કરી છે. બુધ્ધના જીવનમાં પડેલી મુશ્કેલીઓ વર્ણવી બુધ્ધના ચરિત્રને નિરૂપ્યું છે. આ બધામાં લેખકે નાયકને કેન્દ્રમાં રાખીને પ્રસંગો વર્ણવ્યા છે.

ભાષાશૈલી :

કિશોરલાલની તમામ કૃતિઓને સાહિત્યની દ્રષ્ટિએ જોતાં એમની ગધશૈલીમાં વૈવિધ્ય જોવા મળે છે.સાહિત્યક સુંદરતાની સાથે એક વિચારશીલ લેખક હોવાથી વિચારની અભિવ્યક્તિ ગધમાં મુખ્ય બની જાય છે.

બુધ્ધના જીવનના પ્રસંગોને ટૂંકમાં રજૂ કરીને કિશોરલાલે બુધ્ધ દ્વારા અપાયેલ ઉપદેશો અને બુધ્ધના વિચારોને પ્રસંગો દ્વારા રજૂ કર્યા છે. કિશોરલાલે 'ધર્મપદ' નામના પુસ્તકમાંથી બુધ્ધના જીવનનો સહારો લીધો હોવાથી દરેક પ્રકરણની શરૂઆતમાં એક શ્લોક રજૂ કરી પાદટીપમાં એનો સંસ્કૃત શ્લોક પણ રજૂ કર્યો છે.

શ્રી મશરૂવાળાની પ્રસંગોની પસંદગી અને આલેખન રીત ક્યારેક ચિત્રાત્મક બની જાય છે. જેમ કે બુધ્ધે શિષ્ય પુર્ણને સ્ત્રી પુરુષોના ચરિત્ર કેવા ઘડવા એનું આલેખન સંવાદ દ્વારા રજૂ કર્યું છે.

બુધ્ધ : પૂર્ણ, હવે તું ક્યા પ્રદેશમાં જઈશ ?

પૂર્ણ : ભગવાન, આપના ઉપદેશને ગ્રહણ કરીને હું હવે સુનાપરન્ત પ્રાંતમાં જનાર છું.

બુધ્ધ : પૂર્ણ, સુનાપરન્ત પ્રાંતના લોકો અતિ કઠોર છે, બહુ ક્રૂર છે, તે જ્યારે તને ગાળો દેશે, તારી નિંદા કરશે, ત્યારે તેને કેવું લાગશે ?

પૂર્ણ : તે વખતે હે ભગવાન, હું માનીશ કે આ લોકો બહુ સારા છે કારણ કે તેઓએ મારા ઉપર હાથથી પ્રહાર કર્યા નથી.

બુધ્ધ : અને જો તેઓએ તારા ઉપર હાથથી પ્રહાર કર્યા તો ?

પૂર્ણ : મને તેઓએ પથ્થરથી માર્યા નહીં, તેથી તે લોકો સારા જ છે એમ હું સમજીશ.

બુધ્ધ : અને પથરાઓથી માર્યો તો ?

પૂર્ણ : મારી ઉપર તેઓએ દંડપ્રહાર કર્યા નહીં, તેથી તે બહુ સારા લોકો છે એમ હું સમજીશ.

બુધ્ધ : અને દંડપ્રહાર કર્યા તો ?

પૂર્ણ : શસ્ત્રપ્રહાર કર્યા નહીં, એ તેમનું ભલપણ છે એમ હું સમજીશ.

બુધ્ધ : અને શસ્ત્રપ્રહાર કર્યા તો ?

પુર્ણ : મને ઠાર માર્યો નહીં, એ એમની ભલાઈ છે એમ હું સમજીશ .

બુધ્ધ : અને ઠાર માર્યા તો ?

પૂર્ણ : ભગવાન, કેટલા એક ભિક્ષુ આ શરીરથી કંટાળીને આત્મઘાત કરે છે. એવા શરીરનો જો આ સુનાપરન્તના રહેવાસીઓએ નાશ કર્યો. તો તેમણે મારા ઉપર ઉપકાર કર્યો એમ માનીશ.

આમ, કિશોરલાલે પોતાની ભાષા પરનું પ્રભુત્વ જરૂર જણાય ત્યાં સંવાદકલાના દ્રષ્ટાંતો આપીને કર્યું છે. સંવાદ્કળાથી ભાષાને સરળ, રસપ્રદ શૈલીમાં વર્ણવી છે.

ઉદેશ :

કિશોરલાલે સર્વધર્મ સમભાવથી જુદા જુદા ધર્મોમાં પૂજાયેલા વ્યક્તિઓના ચરિત્ર નિરૂપવાનો પ્રયત્ન કર્યો છે.

અહી આ છ ચરિત્રો તેમણે જુદા જુદા ધર્મમાં પૂજ્ય એવા અવતારી પુરૂષોને કેન્દ્રમાં રાખીને નાયક તરીકે રજૂ કર્યા છે. જુદા જુદા ધર્મોના અવતારી પુરુષોની સાથે સાથે જે તે ધર્મના જ્ઞાન વિષેની સમજ ટૂંકમાં રજૂ કરી છે. કિશોરલાલ પોતે એક વિચારક હતા. એમના વિચારોને વાચા આપીને લેખકે આ ચરિત્રો રજૂ કર્યા છે.

કિશોરલાલે પોતાની પ્રસ્તાવનામાં આ ચરિત્રો લખવા પાછળનો એમનો ઉદેશ રજૂ કર્યો છે. આપણે હિન્દુઓ માનીએ છીએ કે પૃથ્વી પર ધર્મનો લોપ થાય, અધર્મ વધી જાય ત્યારે અસૂરોના ઉપદ્રવથી સમાજને બચાવવા એક અવતારી પુરુષ પ્રકટ થાય છે. આ અવતારી પુરુષ આપણા સામાન્ય મનુષ્ય જેવા લક્ષણો ધરાવનાર હોવા છતાં એમના આચરણોથી એ પરમાત્મા તરીકે પૂજાવા લાગે છે.

આપણે ધારીએ તો આપણે પણ એવા પવિત્ર થઈ શકીએ એવા કર્તવ્યપરાયણ થઈ શકીએ, એટલી કરુણાવૃતિ કેળવી શકીએ, એવા નિષ્કામ, અનાસક્ત અને નિરહંકારી થઈ શકીએ. એવા થવાનો આપણો નિરંતર પ્રયત્ન રહે એ જ તેમની ઉપાસના કરવાનો હેતુ, જેટલે અંશે આપણે એમના જેવા થઈએ તેટલે અંશે જ આપણે એમની સમીપ પહોચ્યા એમ કહેવાય. જો આપણો એમના જેવા થવા પ્રયત્ન ન હોય તો, આપણે કરેલું એમનું નામસ્મરણ પણ વૃથા છે. એ નામસ્મરણથી એમની સમીપ જવાની આશા રાખવી પણ વૃથા છે. લેખક રજૂ કરે છે કે,

'આ જીવનપરિચય વાંચી વાંચનાર મહાપુરુષોને પૂજતા થાય એટલુ બસ નથી. એમની મહત્તા શાને લીધે છે તે પારખવા શક્તિમાન થાય અને તેમના જેવા થવા પ્રયત્નશીલ થાય તોજ આ પુસ્તક વાંચવાનો શ્રમ સફળ થયો ગણાય'

આમ, લેખકે સામાન્ય મનુષ્ય તરીકે જન્મેલા પરંતુ એમના કાર્યો, વિચારશક્તિ અને આચરણથી લોકોમાં પૂજ્ય બનેલા માનુષીઓનાં જીવનચરિત્ર રચી લોકોને એ મહાપુરુષો જેવા કરૂણાવૃતિ, અનાસકત, નિરંહકારી થઈ આ જીવનચરિત્રને સાર્થક બનાવવા જણાવ્યું છે.

પરિવેશ / વાતાવરણ :

કિશોરલાલે બુધ્ધ જેવા મહાપુરુષનું જીવનચરિત્ર રજૂ કર્યું એમાં બુધ્ધ ૨૫૦૦ વર્ષ પહેલા હિમાલયની તળેટી આગળ ચંપારણ્યની ઉત્તરે

નેપાળની તરાઈમાં કપિલવસ્તુ નામે એક નગરીમાં જન્મ થયો હતો. તેમને રાજા શુધ્ધોધનના રાજ્યમાં સિધ્ધાર્થ ભોગવેલ ભોગ–વિલાસનું વર્ણન કિશોરલાલે રજૂ કરી એ સમયના રાજાઓના રાજ્યની સુખ સંપત્તિનો પરિચય કરતાં રાજકુમારની સગવડોનું વર્ણન કર્યું છે.

" હું બહુ સુકુમાર હતો. મારા સુખ માટે મારા પિતાએ તળાવ ખોદાવી તેમાં વિવિધ પ્રકારની કમલિનીઓ વાવી હતી. મારા વસ્ત્રો રેશમી હતા. ટાઢ તાપની મારા પર અસર ન થાય એટલા માટે મારા સેવકો મારી પર શ્વેત છત્ર ધરતા. શિયાળા માટે, ઉનાળા માટે અને ચોમાસા માટે મારા અલગ અલગ ત્રણ રાજમહેલો હતા. જ્યારે હું ચોમાસા માટે બાંધેલા મહેલમાં રહેવા જતો ત્યારે ચાર મહીના સુધી બહાર ન નીકળતા, સ્ત્રીઓના ગીત અને વાદ્ય સાંભળી કાલક્રમણ કરતો."

કિશોરલાલે બુધ્ધના સમયની સામાજિક પરસ્થિતિને અહી તેમના શબ્દોમાં રજૂ કરી છે. "બુધ્ધના સમયમાં મધ્યમ વર્ગના લોકોની મનોદશા નીચે પ્રમાણે હોય એમ લાગે છે. એક વર્ગ ઐહિક સુખોમાં રચ્યો–પચ્યો રહેતો. મદ્યપાન અને વિલાસમાં જ એ વર્ગ જીવનની સાર્થકતા માણતો. બીજો એક વર્ગ ઐહીક સુખની કાઇક અવગણના કરતો. પણ સ્વર્ગમાં એ વાજ સુખો પ્રાપ્ત કરવાની લાલસાથી મૂંગા પ્રાણીઓના બલિદાન દેવોને પહોંચાડવાના કામમાં રોકાયેલો હતો. ત્રીજો એક વર્ગ એથી ઉલટે જ માર્ગે જઈ શરીરનો નાશ થાય ત્યાં સુધી તેનું દમન કરવામાં રોકાઈ ગયો હતો" બુધ્ધના સમયમાં ચાલતા રિવાજની વાત કિશોરલાલે અહી પાદટીપમાં કરી છે.

"બુધ્ધના કાળમાં માંસાહારનો રિવાજ સાધારણ હતો. આજે પણ બિહાર તરફ વૈષ્ણવો સિવાય બીજા વર્ગો માંસાહારી છે. અને વૈષ્ણવોમાં પણ બધાને મચ્છી વજર્ય હોય એમ લાગતું નથી. બુધ્ધ અને બૌધ્ધ ભિક્ષુઓ (અને કદાચ શરૂઆતના જૈન ભિક્ષુઓ પણ) શાકાહારી જ હતા. એમ

માનવાને આધાર નથી. નિરામિષ ભોજન જ કરનારો વર્ગ દેશમાં ધીમે ધીમે ઉત્પન્ન થયેલા છે. અને તેની શરૂઆત જૈનોમાંથી થયેલી છે."

કિશોરલાલે બુધ્ધના સમયમાં યજ્ઞમાં પ્રાણીઓના વધ કરવાના રિવાજની ચર્ચા અને હિંસા બંધ કરાવ્યા. એનો પ્રસંગ પણ અહી તાર્દશ્ય રીતે રજૂ કર્યો છે.

બુધ્ધના મૃત્યુ પછી સમાધિના કૂલોના આઠ વિભાગ પાડજીને એમના શિષ્યો દ્વારા આઠ સ્તૂપો બંધાવ્યા છે. આ સમાધિ સ્થળોનો કિશોરલાલે અહી પરિવેશ રજૂ કર્યો છે. જેમાં રાજગૃહ, વૈશાલી, કપિલવસ્તુ, અલ્લકપ્પ, રામગ્રામ, વેટઠદ્વીપ, પાવા અને કુસીનાર આ સિવાય જન્મ સ્થળ, લુંમ્બિનીવન અને પરિનિર્વાણનું સ્થાન કુસિનારા બૌધ્ધ ધર્મના મુખ્ય તીર્થો ગણાવ્યા છે. આ બધા સ્થળોનો ઐતિહાસિક દ્રષ્ટિએ પરિવેશ રજૂ કર્યો છે.

તાટસ્થ્ય :

લેખક કિશોરલાલ મશરૂવાળાએ આ મહાપુરુષોના જીવનચરિત્રો રચ્યા. એમાં પૂરી તટસ્થતાથી દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. લેખકે પ્રસ્તાવનામાં રજૂ કરેલ છે કે બુધ્ધના જીવનના પ્રસંગો અને બુધ્ધે આપેલા જ્ઞાનના લેખો એ માટે શ્રી ધર્માનંદ કોસંબીના બુધ્ધલીલા સારસંગ્રહ અને બુધ્ધ ધર્મ અને સંઘનો તેમજ ધમ્મપદનો આશરો લઈને જીવન રજૂ કર્યું છે.

લેખકે બુધ્ધના જીવનનો આછો પરિચય કરાવીને વૈચારિક બોધ કે બુધ્ધે આપેલા ઉપદેશો પર વધારે ધ્યાન આપી લંબાણ કર્યું છે. બુધ્ધના જીવનના બહુ ઓછા પ્રસંગો આપીને લેખકે બુધ્ધના જીવનને નિરૂપ્યું છે. પરંતુ આપેલ બધા પ્રસંગોમાં તટસ્થતાથી વ્યક્ત કર્યો છે.

લેખક કિશોરલાલે બુધ્ધને મહાન જ બતાવીને ઊંચે ચડાવી દેવાનો પ્રયત્ન કર્યો નથી. પરંતુ બુધ્ધના વિરોધીઓ દ્વારા બુધ્ધને જાનથી મારી નાખવા માટે કરેલા પ્રયાસોનું પણ વર્ણન કર્યું છે.

બુધ્ધના જીવનમાં આવેલી મુશ્કેલી તકલીફોને પણ કિશોરલાલે અહી સ્થાન આપ્યું છે.

સંઘર્ષનું તત્વ :

કિશોરલાલે બુધ્ધનું જીવનચરિત્ર રજૂ કર્યું છે. એમાં બુધ્ધના જીવનમાં આવતાં જુદા–જુદા પ્રકારના સંઘર્ષોનું નિરૂપણ કર્યું છે.

બાળમાનસપટ પર શરૂઆતના સમયે જ મનોમન ચાલતો સંઘર્ષ રજૂ કર્યો છે. અત્યંત લાડકોડમાં આટલા એશોઆરામ વચ્ચે પણ સતત વિચારશીલ ચિંતન કરતા મન સાથેનો સંઘર્ષ રજૂ કર્યો છે. મોક્ષની જિજ્ઞાસામાં ઘર, ગાડી, પશુ, દાસદાસી વગેરેને છોડીને જગતના તમામ સુખોને ત્યજીને જતાં ઘરના પ્રિયજનોના હૃદયનો સંઘર્ષ રજૂ કર્યો છે.

"સગા–સંબંધી, માતા–પિતા, પત્નીપુત્ર વગેરેને છોડવામાં સિધ્ધાર્થ કાઇ નિષ્ઠુર ન હતો. એનું હૃદય તો પારિજાતકથી પણ કોમળ થયું હતું." આમ, આવા હૃદયને મનાવીને સંઘર્ષની જિંદગી જીવવા ચાલી નીકળ્યો.

આત્યંતિક સુખનો માર્ગ બતાવનાર ગુરુને શોધવામાં નીકળતા પણ સંઘર્ષ અનુભવે છે. છેવટે સંતોષ ન થતાં શરીરનું દમન કરી ઉગ્ર તપ કરે છે.

આમ, ઉગ્રપણે કરેલા શરીરના દમનથી સંતોષ ન પ્રાપ્ત થતાં સત્યનો માર્ગ શોધવા શરીરની શક્તિનો નાશ ન થવો જોઈએ. એમ લાગતાં અન્ન ગ્રહણ કરવા લાગ્યું.

બુધ્ધના ઘણા વિરોધીઓ દ્વારા પણ બુધ્ધને તિરસ્કારવામાં આવતા ઘણું સહન કરવું પડ્યું હતું. બુધ્ધ પર ખૂનનો આરોપ લગાડવામાં આવેલો જોકે છેવટે તે નિર્દોષ સાબિત થયા. બુધ્ધના શિષ્ય દેવદત્તે પણ બિંબિસારના રાજાના અજાતશત્રુ પુત્રને વશમાં લઈને બુધ્ધનો ભારે લોકોમાં વિરોધ કરાવ્યો.અને બુધ્ધને મરાવવાના પ્રયત્નો કર્યા છેવટે એ નિષ્ફળ રહ્યો.

આમ, બુધ્ધ પોતાના જીવનમાં ઘણા સંઘર્ષો સાથે જીવ્યા છે.

સંદર્ભ:

૧. કિશોરલાલ ઘનશ્યામ મશરૂવાળા,નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ,નવમું પુનમુદ્રણ, માર્ચ – ૨૦૧૫,પચાસ રૂપિયા

મહાવીર :

લેખક કિશોરલાલે સર્વધર્મ સમભાવની ભાવનાથી છ જુદા–જુદા ધર્મના મહાપુરુષોના ચરિત્રોની રચના કરી છે. એમાં રામ–કૃષ્ણ, બુધ્ધ–મહાવીર, સહજાનંદ સ્વામી અને ઈશુ ખ્રિસ્ત. આ બધા જીવનચરિત્રોમાં ટૂંકાણમાં એમના જીવનનો પરીચય આપવાનો પ્રયત્ન કરેલ છે. મહાવીરના જીવનને તો લેખકે ખૂબજ ઓછી વિગતોથી ટૂંકાણમાં રજૂ કર્યું છે. આ જીવનચરિત્ર માટે લેખકે ગૃહસ્થાશ્રમ, સાધના, ઉપદેશ અને ઉત્તરકાળના નાના નાના પ્રકારણોમાં વહેંચીને '૨૫' પાનામાં મહાવીરનું જીવનચરિત્ર ટૂંકમાં રજૂ કર્યું છે, તો લેખક દ્વારા રજૂ થયેલા મહાવીરનું જીવન ટૂંકમાં અહી રજૂ કરીશ.

ગૃહસ્થાશ્રમ :

મહાવીરનો જન્મ બુધ્ધદેવના જન્મના થોડાક વર્ષ પહેલા મગધ દેશમાં ઈશ્વાકુકુળની એક શાખામાં થયો હતો. મહાવીર જૈનોના છેલ્લા તીર્થકર હતા. આ પહેલા જૈન ધર્મ હતો જ. એ કેટલા વર્ષ જૂનો છે એ જાણવું મુશ્કેલ છે. મહાવીરના પિતા સિદ્ધાર્થ ક્ષત્રિયકુંડ નામના ગામના રાજા હતા. મહાવીરનો જન્મ ચૈત્ર સુદ તેરસને દિવસે થયો હતો. નિર્વાણ સમયે મહાવીર ૭૨ વર્ષના હતા.

મહાવીરનું જન્મ સમયે વર્ધમાન નામ હતું. બાળપણમાં અત્યંત માતૃભક્ત અને દયાળુ સ્વભાવના હતા. બાળપણથી જ વૈરાગ્ય અને તપ પ્રત્યે રૂચી ધરાવનાર વર્ધમાનનું શરીર ઊંચું અને બળવાન હતું. સ્વભાવ પરાક્રમી હતો. ક્યારેય બીક શબ્દથી ડર્યા ન હતા. આઠ વર્ષની વયે જંગલમાં

છોકરાઓ સાથે રમતા આવેલા સાપને ઊંચો કરી ફેંકી દેનાર વર્ધમાન પરાક્રમમાં તેજ હતા.

પરાક્રમની સાથે ભણવામાં પણ હોંશિયાર મહાવીરે નવ વર્ષની ઉંમરે વ્યાકરણ શીખી લીધું હતું. નાનપણથી વૈરાગ્યવૃતિ હોવાથી મહાવીર લગ્ન કરવા તૈયાર જ નહોતા, છતાં માતાના અત્યંત આગ્રહથી, માતાના દૂ:ખને જોઈ ન શકનાર વર્ધમાન માતાના સંતોષાર્થે યશોદા નામની રાજપુત્રી સાથે લગ્ન કરે છે. યશોદા પ્રિયદર્શના નામની પુત્રીને જન્મ આપે છે. પુત્રી પાછળથી જમાલિ નામના રાજપુત્રની સાથે પરણે છે.

હવે માતા–પિતા વર્ધમાન અઠ્ઠાવીસ વર્ષના હોય છે ત્યારે જૈન ભાવના પ્રમાણે અનશનવૃત કરી દેહત્યાગ કરે છે. પિતાના મૃત્યુ પછી મોટો ભાઈ નંદિવર્ધન રાજ્યારૂઢ થાય છે. હવે વર્ધમાનને પાછું સંસારમાં રહેવાનુ પ્રયોજન ન દેખાતા સંન્યાસ જીવન માટે નિશ્ચય કરી લે છે. પોતાની સર્વ સંપતિનું દાન કરી, એક વસ્ત્ર ધારણ કરી, રાજ્ય છોડી દીક્ષા લઈ ચાલ્યા જાય છે. વર્ધમાન જતાં હોય છે ત્યાં રસ્તામાં એક બ્રાહ્મણ ભિક્ષા માટે આવતા વર્ધમાન પાસે પહેરેલ વસ્ત્ર સિવાય કશુ જ ન હોવાથી, પહેરેલ વસ્ત્રનો અડધો ભાગ બ્રાહ્મણને આપી દે છે.બ્રાહ્મણ ગામમાં આવી વસ્ત્ર વણનાર પાસે વસ્ત્રના છેડા બંધાવવા જાય છે.ત્યાં વસ્ત્ર વણનાર વસ્ત્ર વધારે મૂલ્યવાન હોવાની વાત કરે છે. ત્યારે બ્રાહ્મણ લોભાઈને વસ્ત્રની લાલચમાં વર્ધમાનને શોધવા નીકળી પડે છે.

આમ, વર્ધમાન ઘર છોડી, અડધા વસ્ત્રનું દાન કરીને, કદી ક્રોધ ન કરવા અને ક્ષમા એ બંનેને પોતાનું જીવનવ્રત ગણી ચાલ્યા સત્યને શોધવા માટે.

વર્ધમાન પરાક્રમી હોવા છતાં ક્ષમાશીલ થયા. તેથી એમનું નામ ‘મહાવીર’ પડ્યું.

આ મહાવીર ઘર છોડયાના બાર વર્ષ સુધી જીવનની તપશ્ચર્યાનું ઉગ્રમાં ઉગ્ર સ્વરૂપ, સત્યની શોધ, સત્ય, અહિંસા, ક્ષમા, દયા, જ્ઞાન, યોગની સ્થિતિ, અપરિગ્રહ, શાંતિ, દમ ઈત્યાદિ દૈવી ગુણોનો ઉત્કર્ષ સાધવા માટેના ઉત્તમ દ્રષ્ટાંતો આપ્યા છે.

લેખકે મહાવીરના જીવનનો વિગતવાર અહેવાલ તો રજૂ નથી કર્યો. પરંતુ થોડાક પ્રસંગો રજૂ કરી જીવન વૃતાંત બતાવ્યુ છે.

મહાવીરે મોરાક નામના ગામના આશ્રમમાં ઝૂંપડી સળગી જતાં આશ્રમમાં રહેતા બીજા તાપસો દ્વારા આશ્રમના કુલપતિને મહાવીરની બેદરકારીની વાત જણાવી ત્યારે મહાવીરે આ પાંચ પંચપ્રતો ધારણ કર્યા.

૧. જ્યાં બીજાને અપ્રીતિ થાય ત્યાં બેસવું નહી.

૨. જ્યાં રહેવું ત્યાં સદા કાર્યોત્સર્ગ કરીને જ રહેવું.

૩. સામાન્ય રીતે મૌન રહેવું.

૪. હાથમાં જ ભોજન કરવું.

૫. ગૃહસ્થનો વિનય કરવો નહી.

એ જ વર્ષે મહાવીરનું અડધું વસ્ત્ર હતું એ છીંડામાં ભરાઈ જતાં એ નકામું જ છે એમ જાણી મહાવીર ત્યાંથી આગળ નીકળી પડે છે. અને ત્યાર પછી મહાવીર અંતકાળ સુધી વસ્ત્રરહિત દશામાં જ ફર્યા છે.

લેખક અહી પાદટીપમાં રજૂ કરે છે. કે જૈન મહાવીરની ઉપાસનામાં આના લીધે ભેદ પડી ગયા છે. જે વસ્ત્ર સહીત મહાવીરની ઉપાસના કરે છે તે શ્વેતાંબર, જે નિર્વસ્ત્ર ઉપાસના કરે છે તે દિગંબર.

મહાવીર માટે સૌથી ક્રૂર વર્તન લાઢ પરદેશમાં થયું એમ લેખક રજૂ કરે છે. અને ત્યાંના લોક આસુરી વૃતિવાળા લોકોને સુધારવા મહાવીર આ પરદેશમાં ઘણો વખત ફર્યા હતા. બીજે કોઈ ઠેકાણે પ્રસિધ્ધિને કારણે લાંબો સમય સુધી રોકાતા ન હતા.

આમ બાર વર્ષ સુધી જુદે જુદે ઠેકાણે સમય પસાર કર્યો અને સૌથી ભારે ઉપસર્ગ એમને એક ભરવાડ સાથે થયો. આ પ્રસંગ સૌ કોઈ જાણે છે. લેખકે અહી આ પ્રસંગ મૂકીને મહાવીરની ધીરજતાની કસોટીની વાત રજૂ કરી છે. છેલ્લે એ પણ રજૂ કર્યું છે કે મહાવીરના કાન સાજા કરવા વૈધ દ્વારા કરવામાં આવેલ શસ્ત્રક્રિયામાં મહાવીર ચીસ પાડી ઉઠે છે. બાર વર્ષના કઠોર તપને અને વૈશાખ સુદ દશમના દિવસે જીમ્ભક ગામના પાસેના વનમાં મહાવીરને જ્ઞાન ઉપજ્યું અને ચિત્તને શાંતિ મળી. એજ ગામ થી મહાવીરે ઉપદેશ શરૂ કર્યો. અહિંસા ,સત્ય ,બ્રહ્મચર્ય ,અસ્તેય અને અપરિગ્રહ મોક્ષના સાધનો છે. કર્મ થી જ બંધન અને મોક્ષ થાય છે. એવો એમના પહેલા ઉપદેશનો સાર હતો. આ પછી દશ ધર્મો વિશે સમજ આપી. એ દશ ધર્મોની ચર્ચા કરી છે. આ દસ ધર્મોથી ભય ,રાગ ,દ્વેષ નાશ પામે છે. જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. વિચારોમાં સમતોલપણું હોવાની વાત મહાવીરે રજૂ કરી તત્વચિંતન કર્યું.

મહાવીરે જૈન ધર્મમાં નવું ચેતન રેડીને પ્રજાને પાછું જૈન ધર્મ પ્રત્યે આકર્ષણ ઊભું કરી પ્રજાને જૈન ધર્મમાં એકત્રીત કરી. કેટલાય રાજાઓ ,ગૃહસ્થો ,સ્ત્રીઓ સંસારનો ત્યાગ કરી સન્યાસ ધર્મ ગ્રહણ કર્યો. મહાવીરના કેટલાય ઉપદેશોને પરિણામે આ ધર્મના ચાહકો વધવા લાગ્યા. છેવટ જતાં જમાઈ જમાલી સાથે મતભેદ થયા. બુદ્ધ અને મહાવીરના જૈન અને બોદ્ધ વચ્ચે મત પંથીની ઈર્ષાથી ઝઘડા ચાલવા લાગ્યા. આમ મહાવીરે જૈન ધર્મનો ફેલાવો કરવાની શરૂઆત કરી દીધી હતી. જૈન ધર્મને નવું સ્વરૂપ આપ્યું બોત્તેર વર્ષ સુધી ધર્મ ઉપદેશ આપ્યા બાદ બોત્તેરમે વર્ષે આસો વદ અમાસને દિવસે નિર્વાણ પામ્યા.

વ્યક્તિચિત્રો :

કિશોરલાલ મશરૂવાળાએ મહાવીરના જીવનચરિત્રને ખુબ જ ટૂંકાણમાં લાઘવ રીતે જ વર્ણવ્યુ છે. જેમાં અન્ય કોઈ વ્યક્તિચિત્રો કે કોઈ વ્યક્તિ સાથે મહાવીરને ચીતરવાનો પ્રયત્ન કરેલ નથી. મહાવીરનો જન્મ

ટૂંકમાં જ રજૂ કરીને એમના ઉપદેશ આપવાના નાના નાના પ્રસંગોથી જીવનચરિત્ર પૂરું કર્યું છે.લેખકે અન્ય કોઈ વ્યક્તિઓને આ જીવનચરિત્રમાં રજૂ કર્યા નથી. મહાવીરના જન્મ આપનાર માતા પિતાના નામનો માત્ર ઉલ્લેખ જ કરીને, એમના માતા પિતાના વ્યક્તિત્વને અહી લેખકે રજૂ કર્યો નથી.

કેન્દ્રમાં નાયક :

કિશોરલાલે મહાવીરને કેન્દ્રમાં રાખીને એમના જીવનના નાના નાના પ્રસંગો તેમજ મહાવીર દ્વારા આપવામાં આવેલા ઉપદેશોને ટૂંકમાં રજૂ કર્યા છે. જેમાં કેન્દ્રમાં નાયક તરીકે મહાવીરને રાખ્યા છે.

ઈશુખ્રિસ્ત :

(કિશોરલાલ મશરૂવાળા,નવજીવન પ્રકાશન મંદિર,ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ,મૂલ્ય કિમત 20 રૂ,પહેલી આવૃતિ, ૧૯૨૫,સુધારેલી બીજી આવૃતિ પ્રત ૧૦૦૦, છઠું પુનમુદ્રણ પ્રત. ૧૦૦૦ ફેબ્રુઆરી ૨૦૧૨,કુલ પ્રત– ૧૪૫૦૦)

કિશોરલાલ રચિત આ નાનકડી પુસ્તકમાળામાં કેટલાક અવતારી પુરુષોનો ટૂંકો જીવન પરિચય કરાવવાનું પ્રયોજન રચાયેલ છે. જેમાં લેખકે આ અવતારી પુરુષોના ચમત્કારો લોકો સમક્ષ રજૂ કરવા છે. હિન્દુલોકોની માન્યતા પ્રમાણે જ્યારે પૃથ્વી પરથી ધર્મનો લોપ થાય છે, અધર્મ વધી પડે છે. અસૂરોના ઉપદ્રવથી સમાજ પીડાય છે, સંતતાનનો તિરસ્કાર થાય છે. પણ આવા સમયે અવતારો કેવી રીતે પ્રકટ થાય છે. એ પ્રકટ થાય ત્યારે કેવા લક્ષણો હોય છે. એમને કેવી રીતે ઓળખવા એનો ઉપક્રમ અહીં લેખકે રજૂ કર્યો છે.

જેમાં લેખકે અહીં ખ્રિસ્તી ધર્મના ભગવાન સમાન પૂજાતા ઈશુખ્રિસ્તનો ટૂંકમાં પરિચય કરાવીને ઈશુના પ્રવચનો, ભાષણો દ્વારા લોકોને અપાયેલા ઉપદેશો રજૂ કર્યા છે. આ ઉપદેશોને કેવા રૂપકો દ્વારા અહીં સમજાવ્યા છે. એ રૂપકો સાથે અહીં રજૂ કર્યા છે.

આ પુસ્તિકાને લેખકે ખંડ ૧ અને ખંડ ૨ એમ બે વિભાગમાં વિભાજન કરેલ છે. જેમાં ખંડ ૧ માં ઈશુનું જીવન કે જેમાં યહુદીઓ, યૌહાન, જન્મ અને સાધના, પ્રવુતિઓ, ગુરુદ્રોહ અને ક્રુસારોહણની ઘટનાઓને અહીં રજૂ કરી છે. જ્યારે ખંડ ૨ માં ઈશુની વાણીને વાચા આપી છે. જેમાં ઈશુએ કરેલ ચમત્કારો વિવિધ સ્થળોએ અને વિવિધ લોકોને આપેલાં પ્રવચનો મૂક્યા છે. અન્ય એક ભાગમાં લેખકે ઈશુને લગતા પ્રવચનો રૂપકોના સ્વરૂપમાં મૂક્યા છે. ત્યારબાદ ખંડ ૩ ને સમાલોચના તરીકે રજૂ કર્યો છે.

લેખકે આ પુસ્તિકામાં શરૂઆતમાં જ પેલેસ્ટાઈનના નકશાનું વર્ણન કરી નજીકના આવતા સ્થળોનો ઉલ્લેખ અહીં નકશામાં રજૂ કર્યો છે. લેખકે બીજા ખંડમાં ઈશુના પ્રવચનોને વધુ વિસ્તારથી રજૂ કર્યા છે. જેમાં વિવિધ સ્થળો અને સમયે ઈશુ દ્વારા કેવા ઉપદેશો, પ્રવચનો આપ્યા છે એ અહીં રજૂ કર્યા છે. જેનો ટૂંકમાં આછો ખ્યાલ મેળવીએ.

ખંડ ૧ લો જીવન :

યહુદીઓ :

લેખકે આ ખંડમાં ઈશુના જન્મ પહેલાંના યહૂદી લોકોની પરિસ્થિતી અને યહુદીઓના પ્રદેશ પરિવેશની વાત રજૂ કરી છે.

એશિયાના પેલેસ્ટાઈન પ્રદેશની ભૂગોળની પરિસ્થિતિથી વાચકોને વાકેફ કરીને ત્યાંની આબોહવા, વાતાવરણની વાત રજૂ કરી છે.

યાર્દન નદી દ્વારા પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વહેચાઈને બે તાલુકા પૂર્વમાં અને ત્રણ પશ્ચિમમાં જાય છે. ત્યાંના લોકો મુખ્યત્વે યહૂદી જાતિના હતા. આ યહુદીઓનું મોટામાં મોટું મંદિર યરુશાલેમમાં હતું. અને આ યહૂદી પ્રજા જૂની પ્રજાઓમાંની એક હતી. યહૂદી પ્રજાઓની ખ્રિસ્તી પ્રજાઓ પર છાપ પડેલી જણાય છે. યહૂદી પ્રજા શરૂઆતના વર્ષમાં બહુમુખી હતી. અને વિક્રમ સંવત શરુઆતના કાળમાં આ પ્રજાની પડતી શરુ થઇ અને યહુદી રાજા લોકોને વધારે હેરાન કરવા લાગે છે. એ યહૂદી પ્રજાના બે મુખ્ય સંપ્રદાયો હતા. ફેરિસીઓ અને સેડ્યૂસીઓના આમાં ફેરિસીઓ કર્મકાંડી હતા. વિવિધ યજ્ઞો, વ્રતો અને ઉત્સવોમાં ક્રિયાઓ કરાવતા. સેડ્યુસી પ્રજા લોકોને સુધારવાનું કાર્ય કરતાં હતા. અને વેપાર નોકરીમાં આગળ પડતા હતા.

યહૂદી પ્રજાના પૂજારી અને શાસ્ત્રી લોકોની વાત રજૂ કરીને લેખકે સામાજિક, ધાર્મિક, રાજકીય હકો કયા વર્ગને હતા તેની ચર્ચા કરી હતી. વ્રત ઉત્સવોની વાત રજૂ કરી છે. શરદઋતુમાં ઉજવાતું સુક્કોથ અથવા તંબુનિવાસ પર્વ એ યહૂદી પ્રજાનું બહુ મોટું પર્વ મનાતું હતું. આ પર્વમાં બધા યહુદીઓ ઘરબાર છોડી ગામ બહાર તંબુ કે ઝૂપડીમાં રહેવા જતા.

આ બધી યહૂદી પ્રજાઓને હેરોદ નામનો ક્રૂર રાજા સત્તાના મોહે યહૂદી પ્રજાને અધિકારોથી વંચિત રાખીને ત્રાસ આપતો હતો. લેખકે યહૂદીઓની પરિસ્થિતિ વર્ણવીને કહ્યું છે કે, આવી પરિસ્થિતીમાં ત્યાં બે સત્પુરુષોનો જન્મ થાય છે.એક છે યોહાન અને બીજો ઈશુ.

(૧) યોહાન :

યોહાનના માતા–પિતાને ઘરડા ઘડપણે પુત્રની પ્રાપ્તિ થાય છે. આ યોહાનના બાળપણની કોઈપણ વાત લેખકે અહીં રજૂ કરી નથી. ત્રીસ વર્ષની ઉંમરથી જ ઉપદેશ કાર્ય શરૂ કરી લોકોમાં ઓળખાવવા લાગ્યા હતા, એમ રજૂ કર્યું છે. સાદાઈ, પ્રવિત્રતા, સ્પષ્ટવક્તાથી આકર્ષાઈને લોકો એને સાંભળવા ભેગા થતા. અને લોકો એના શિષ્યો પણ થવા લાગ્યા હતા. આ યોહાનના જીવનની બહુ ટૂંકી અવસ્થામાં કેવો કરૂણ અંત આવે છે એનું વર્ણન અહીં રજૂ કર્યું છે.

(૨) ઈશુનો જન્મ અને સાધના :

ઈશુનો જન્મ યોહાનના જન્મ પછી છ એક મહિના પછી થયો હોય એમ મનાય છે.

ઈશુની માતા મારિયા કુમારી માતા બની હોવાનો લેખકે ઉલ્લેખ કર્યો છે. મેરીના પિયર ગેલિલી તાલુકાના નેઝરથમાં એક બેથલેહેમ નામનો તરુણ સુથાર જુવાન સાથે મેરિયાનું વેવિશાળ નક્કી થયું હતું. આ બંને ઈશુનો જન્મ એના વતન બેથલેહેમમાં થાય, આ વિચારીને બેથલેહેમ જાય છે. ત્યાં ઈશુનો જન્મ ડિસેમ્બરની નાતાલની મધરાતે થયેલો મનાય છે. આથી યહૂદી લોકોમાં આ દિવસે મોટો પર્વ ઉજવાય છે.

ઈશુનું બાળપણ શ્રીકૃષ્ણ સાથે સરખાવીને લેખક કૃષ્ણ સાથે સરખાવી ને અહીં રજૂ કરે છે, કે જેમ કંસને આકાશવાણી સાંભળીને દેવકી

વાસુદેવ ને કેદ કર્યા અને કૃષ્ણ તેને મારી નાખશે એમ હોવાથી પૂતના દ્વારા ગોકુલના બધા બાળકોનો નાશ કરાવે છે. એમ ઈશુના જન્મનું સાંભળતા હેરાદે નામના રાજા એમના જોશીઓથી એવું સાંભળવામાં આવે છે કે તારો શત્રુ બેથલેહેમમાં પેદા થઈ ગયો છે, આમ સાંભળીને હેરાદે પણ કંસ ની જેમ તે ગામના બે વર્ષની અંદરના સર્વ બાળકોને મારી નાખવાનો આદેશ આપે છે. આ સમાચાર મળતા યોસેફ પત્ની મેરિયા બાળકને લઈને નેઝરેથ નાસી જાય છે.

નેઝરેથ ગયેલા ઈશુના જીવન સમયના તે પછીના બારેક વર્ષનો કાંઈ જ કાર્યકાળ કે માહિતી લેખકે અહીં રજૂ કરી નથી. પરંતુ બાર વર્ષની ઉંમરે ઈશુ પોતાના મા–બાપ અને ભાઈભાંડુઓ સાથે પેસાદ પર્વ પર યરુશાલેમ ગયો હતો. એ સમયની ઘટના રજૂ કરી છે. ઈશુએ આધ્યાત્મિકતામાં પગરણ કેવી રીતે પાડ્યાની પણ વાત રજૂ કરી છે.

પેસાદ પર્વ માં જતાં રસ્તામાં માતા–પિતાનું ધ્યાન ઈશુ તરફ જાય છે. તો ઈશુ ક્યાંય દેખાતો નથી. અને શોધા શોધ ચાલુ થઈ જાય છે. સાંજ પડે મંદિરમાં શાસ્ત્રીઓ સાથે ઊંડી ગહન ધર્મચર્ચામાં જોડાયેલા ઈશુને જોઈને માતા–પિતા ગુસ્સે થાય અને ઠપકો આપીને ઘેર લઈ જાય છે. ઈશુનું મન આધ્યાત્મિકતા તરફ વળેલું જ રહ્યું. આમ આધ્યાત્મિકતા તરફ બાળક વળેલું જોઈ માતા–પિતા દુઃખી થાય છે. પછીના સમયની ઈશુની કંઈ વાત રજૂ કરી નથી આથી લેખક એવા વિચાર પર છે કે આ સમય ઈશુએ આધ્યાત્મિક ચિંતનમાં ગાળેલો હોવા જોઈએ.

આમ તપશ્ચર્યામાં ગાળેલા દિવસોથી ઈશુ વધારે તેજસ્વી બનતો જણાય છે. ત્રીસેક વર્ષની ઉંમરે ઈશુએ યોહાન ના હાથે દિક્ષા લીધી અને પોતાની પૂરી નિષ્ઠા ઈશ્વરને અર્પણ કરી દીધી. પોતાની સિદ્ધિઓ વધારી.

આધ્યાત્મિક સાથેના આટલા વર્ષોથી સંકળાયેલા ઈશુ પોતાની શક્તિઓ વધારવા પ્રયત્ન કરે છે. અને અન્ય શક્તિઓનો ઉપયોગ કરી મંદવાડ, વ્યક્તિને રોગ મટાડવાનું, ખોરાકનું પાત્ર અક્ષય કરવાનું, તોફાન રોકવાનું, પાણી પર ચાલવાનું જેવી વિવિધ શક્તિ વધવા લાગે છે. લેખકે ઈશુની આ વિવિધ સિદ્ધિઓને ઈશુએ કરેલા ચમત્કારો નામે વર્ણવે છે.

ચમત્કારોનું સુખ સંતને માટે ટકે એવું હોતું નથી. ચમત્કારો ગમે તેવા હોય પરંતુ તે કોઈ સંતને શાંતિ અપાવી શકે એવા હોતા નથી. સંતો માટે એ ચમત્કારો કેવળ પાણી ખાતરની ગરજ સારે. આમ ચમત્કારની વાતો રજૂ કરી છે પરંતુ ઈશુના જીવનમાં કરેલા એવા કોઈ ચમત્કારની વાત અહીં રજૂ કરી નથી.

પ્રવૃત્તિ :

ઈશુનો આધ્યાત્મિક ચિંતનના સમયગાળા બાદના ચમત્કારોથી એમનું જીવન બદલાવવા લાગ્યું હોય એમ જણાય છે. ઈશુની વિવિધ પ્રવૃત્તિ દ્વારા તેમજ તેમના ચમત્કારો દ્વારા એ રજૂ કરી શકાય છે. આ ચમત્કારોનું અહીં લેખકે વર્ણન કર્યું છે. કેટલાક ચમત્કારોથી તો એમની કીર્તિ ગામેગામ ફેલાવા લાગી હોય છે. આવા ચમત્કારોને પ્રવૃત્તિ એવું નામ આપી લેખકે અહીં એમની વિવિધ પ્રવૃત્તિઓ વર્ણવી છે.

એમાંની ઘણી પ્રવૃત્તિના દ્રષ્ટાંત અહીં રજૂ કર્યા છે. જ્યાં તીર્થસ્થાનને બજાર બનાવી દેતા ઈશુએ કરેલા વિરોધ જેમાં લેખક આધ્યાત્મિકતા તરફ લઈ જાય છે.

ઈંટ અને ચૂનાનું ચણતર તે કોઈ મંદિર નથી. તેની અંદર જળવાયેલી પવિત્રતા તે જ મંદિર છે. એમ કહેનાર ઈશુને તાલુકાના ઘણા લોકોએ આવો ઉપદેશ આપવા બદલ ઈશુનો ઘણી જગ્યાએ વિરોધ કર્યો હતો. ફેરિસી, શાસ્ત્રી પૂજારી વર્ગ વગેરેનો ગુસ્સો ઈશુ પર વધવા લાગ્યો હતો.

આવા યહૂદીઓના રાજા અને પૂજારીના વિરોધ જોઈને ઈશુ ગેલિલીમાં જવાનું વિચાર્યું. ગેલિલી અને સેમેરિયા વચ્ચે આવતા ગેરીઝમ પર્વત પરના યહૂદીઓને ઉપદશો સંભળાવ્યા.

કૂવા પર પાણી ભરવા આવેલી સેમારિયાનું પાણી પીને યહૂદી હોવા છતાં તે બાઈ પાસે પાણી માગીને પીવે છે. એ ઘટના પરથી સ્ત્રીઓને ઈશુ પ્રત્યે શ્રધ્ધા બેસે છે. અને સ્ત્રીઓ પણ ઈશુની દીક્ષા લે છે. પોતાનું પૂર્વ જીવન અશુધ્ધ હતું એને પવિત્ર બનાવે છે.

લેખકે અહીં હિનજાતિના ભક્તોની નામાવલી પણ રજૂ કરી છે.

"પવિત્ર તે કુળ, પાવન તે દેશ, જ્યાં હરિના દાસ ઘરે જન્મ',

‘ કર્મધર્મ તેના સર્વ નારાયણ, તેનાથી પાવન ત્રણે લોક" [૧]

સેમોરિયનથી પાછો ફરેલો ઈશુ પોતાના ગામ તરફ જાય છે. ત્યાં તેઓ મંદિરમાં પણ ઉપદેશ આપવા લાગે છે. પરંતુ અમારી નજર આગળ મોટો થયેલો અને આવી ડાહી વાતો સંભળાવનાર મરીયાનો દીકરો ‘ઈશ્વરપુત્ર’ હોઈ જ ન શકે એમ કહી એ લોકોથી એ ખમાયું નહીં. અને ઈશુનો વિરોધ કરી મારવા જાય છે. અને ગામ બહાર કાઢી મૂકે છે. ‘સાધુ ઘેર પૂજાય નહીં’ એ કહેવત પ્રમાણે ઈશુ પોતાના વતન ગેલિલીથી ત્યજાતા કર્પરનાઉમ' જઈને રહે છે. ત્યાં તેના બે ચાર શિષ્યો બને છે અને લોકોને એ ઉપદેશ આપવા લાગે છે.

યહૂદીઓના પર્વ વખતે યરુશાલેમ ગયેલો ત્યાં એક ૩૮ વર્ષના અર્ધાગ–વાયુથી પીડાતા માણસને રોગથી મુક્તિ અપાવે છે. આ દિવસ વિશ્રાંતિનો હતો આ દિવસે કોઈ સારા કાર્ય ન કરાય એમ માનનારા ખ્રિસ્તી લોકોએ ઈશુનો ઘણો વિરોધ કર્યો અને ધર્મભંગનો ખુલાસો કરાવ્યો. ઈશુ પોતે કહે છે કે એ પ્રમાણે “પરમેશ્વરના ધ્યાન કર્મો હરઘડીએ કર્યા કરે છે માટે દયાના કર્મો માટે ઈશ્વરના પુત્રને વિશ્રાંતિવારની બંધી હોય ન શકે.” [૨]

ઈશુ પોતાને ભગવાન માનતા હોવાથી લોકોનો એમની પ્રત્યે રોષ દિવસે દિવસે વધવા લાગ્યો. ઈશુના બાર શિષ્યોમાંથી યેહૂદા નામના શિષ્યે ઈશુને મારી નંખાવવા કાવતરું કર્યું હોય એવું સૂચન છે. પરંતુ ઈશુએ તો ઉપદેશ આપવાનું કાર્ય ચાલુ જ રાખ્યું છે. ઈશુ વિવિધ દ્રષ્ટાંતો અને કહાનીઓથી ઉપદેશ આપતા જ રહ્યા હતા. અને ઊંચામાં ઊંચા આદર્શો અને સિંધ્ધાતો સરળતાથી સમજાવતા રહ્યા હતા.

આ બધા ઈશુના સારા પ્રયત્નો, લોકોને સુધારવાના પ્રયત્નો લોકોથી સહન થયા નહીં, આથી ફેરિસી પ્રજાની હેરાનગતિ ઉજવણી ઈશુ પ્રત્યે વધવા લાગી હતી.

ફરી છેલ્લા પ્રેસાદ પર્વના વખતે ઈશુના યરુશાલેમ આવવાનો પ્રસંગ પર લોકો એમનો વિરોધ કરે છે. આ પ્રસંગોમાં આપેલા ઉપદેશોને લીધે ૩૩ વર્ષના કાર્યના વિરોધ રૂપે લોકો ઈશુનો વિરોધ કરવા લાગ્યા. ફેરિસીઓ અને પૂજારીઓ એના દુશ્મન થઈ બેઠા હતા. ઈશુના જ શિષ્યો એના દુશ્મન થઈને

બેઠા હતા. પેસાદ પર્વ પુરુ થતાં જ યહૂદીઓ લોકો દ્વારા ઈશુનું કાસળ કાઢી નાખવાની ચર્ચા થવા લાગી હતી.

ઈશુને પોતાના અવસાનના એંધાણ આવી ચૂક્યા હતા. અને એલિવની ટેકરી પર પ્રાર્થના કરવા ગયેલા ઈશુ પોતાના શિષ્યોને કહે છે કે "તમારી નિંદા શાંતિમય થાઓ, તમારો સાથી હવે વિરોધીઓના હાથમાં પકડાય છે.". [3]

ત્યાં જ એક યહૂદી હાથમાં હથીયાર લઈ ટોળા સાથે જ ઈશુની પાસે આવી પહોંચે છે. પરંતુ ઈશુના છેલ્લા વાક્યમાં પણ ધર્મ છે. અને ભગવાન છે એમ જણાય છે.

ઈશુ બોલે છે 'ભાઈ તારી તલવાર મ્યાન કર' કારણ કે જે તલવાર ઉગામશે તે તલવારથી જ મરશે. હું બાલ ફરિશ્તાઓને મારા રક્ષણ માટે બોલાવી શકું તેમ છું. પણ મારે એ રીતે બચવું નથી.

ક્રુસારોહણ :–

અહીં આ પ્રકરણમાં લેખકે ઈશુનું ક્રુસારોહણની ઘટના વિષે વર્ણવ્યું છે. ઈશુનું ક્રુસારોહણ કરવાનું લોકો વિચારી રહ્યા છે. એ વાત રજૂ થઈ છે. ઈશુને કેટલાય વિરોધીઓ સુબાને સોંપીને મારી નાખવાનું વિચારે છે. ઈશુ પોતાને ભગવાનનો પુત્ર છે એમ માને છે. અને જો એને મારશે તો સ્વયં ભગવાન એને બચાવવા આવશે એવા વાક્યો ઉચ્ચારે છે. આ સાંભળીને લોકો ઈશુ પર ફિટકારનો વરસાદ વરસાવે છે. કોઈ એના મૌ પર થૂંકે છે તો કોઈ ટપલા મારે છે, લોકો એની ઠેકડી ઉડાડે છે અને 'મારી નાખો', 'મારી નાખો' ની બૂમો પાડે છે. આ લોકો દ્વારા ઈશુનો થતો આવો ફિટકાર છતાં એવા સમયે ઈશુનો શિષ્ય પિટર સગડીએ તાપતો જોતો હોય છે. લોકો એને પૂછે છે કે તું કોણ છે? ત્યારે એ પોતે ઈશુને જાણતો જ નથી એમ જણાવે છે. આ પીટર દ્વારા પણ ઈશુનો વિરોધ થતો જ દર્શાવ્યો છે.

આ વાતની ઈશુને જાણ થાય છે, ત્યારે પિટરને પણ ખૂબ પસ્તાવો થાય છે. અને અંદરો અંદર પશ્ચાતાપ કરવા લાગે છે.

છેવટે આ બધા ટોળાને ઈશુને દેહાંતદંડની સજા કરવાનો કોઈ અધિકાર ન હોવાથી એ ઈશુને સૂબા પાસે લઈ જાય છે. સૂબો ઈશુની બધી

તપાસ કરે છે. પરંતુ પૂજારી, મહાપૂજારી બધા જ લોકો ઈશુ વિરુધ્ધ જુબાની આપે છે. છતાં ઈશુ પોતે બચાવ માટે એક શબ્દ પણ બોલતો નથી. સૂબો ઈશુને પેસાદ પર્વ હોવાથી છોડી મુકવાનો પ્રયત્ન કરે છે. પરંતુ યહૂદીઓના પોકાર સતત ચાલુ જ રહે છે. આથી છેવટે ઈશુને ક્રુસારોહણ કરવાનું નક્કી જ થાય છે.

બે હાથને પગ પર લાંબા ખીલા ઠોકાડેલા છે. અને ક્રુસ પર ચડાવેલ છતાં ઈશુની પાછળ લોકોનો ફિટકાર ચાલું છે. અને ઈશુને ક્રોસ પર ચડાવવા માટે લઈ જાય છે. ત્યાં ઈશુની મા, માસી અને બીજી સ્ત્રીઓ પૈકી ઈશુના શિષ્ય યોહાન અને મિત્રો પણ ત્યાં ઊભા છે. છેવટે ત્યાં ઈશુ પોતાના પ્રાણ છોડી દે છે.

ઈશુના મરણ પછી એના વાવેલા બીજનું ફળ ફાલીને વૃક્ષ બની જાય છે. અને ઘણા યહૂદીઓ ખ્રિસ્તી બની જાય છે.

અને એક એવી માન્યતા છે કે ઈશુના મર્યાના ત્રીજે દિવસે ઈશુ ફરીથી જીવતા થયા છે. એ ચમત્કાર અહીં લેખકે રજૂ કર્યા છે. આ ઘટનાનું ઐતિહાસિક પણ મહત્વ છે. અને જો કોઈ ખ્રિસ્તી આ વાતનો ઇનકાર કરે તો એ ખ્રિસ્તી ન ગણાય એમ લોકો કહે છે.

યહૂદી ધર્મગ્રંથની આગાહી પ્રમાણે ઈશુના મર્યા પછીના ત્રણ દિવસે કબરમાંથી ઈશુ પાછો ઊઠે છે. અને ભક્તોને દર્શન આપે છે. એમ ઘણા જીવનચરિત્રોમાં અને પુરાણોમાં આ વાત રજૂ કરેલ છે.

ઈશુની કબર પર ફરતો ચોકી પહેરો ગોઠવી દીધો હતો. ત્રણ દિવસ પછી ઈશુના કબર પરથી શીલા ખસી ગઈ હોય એમ જણાય છે. અને લોકો આશ્ચર્ય પામી જાય છે. અને શબ ન જોતાં આ કોઈ ફરિસ્તો જ હોવાનું જ જણાવે છે. અને ઘણો સમય ઈશુ ત્યાં હાજર રહ્યો પછી અદ્રશ્ય થઈ ગયો. એમ પણ લોકો કહે છે પરંતુ ઘણા લોકોને એક કાવતરું લાગે છે.

ખંડ ૨ જો : ઈશુની વાણી

લેખકે ઈશુનું જીવન બહુ ઓછા જ સમયમાં અને ઓછા પ્રકરણોમાં આલેખ્યું છે. અને બીજો ખંડ આખો જ ઈશુના પ્રવચનો માટે રજૂ કર્યો છે.

પ્રવચનનોને ટૂંકો સાર અહીં લેખકે રજૂ કર્યા છે. અહીં લેખકે ઈશુના અલગ અલગ જગ્યાએ અને અલગ સ્થળ સમયે અલગ–અલગ લોકોને આપેલા પ્રવચનો રજૂ કર્યો છે. જેમાં લેખક અહીં જીવનચરિત્રકાર તરીકે કંઈ વધારે ઉપસી આવતા જણાતા નથી.

આ પ્રવચનોમાં પ્રથમ એમણે પર્વત પર પોતાના બાર શિષ્યોને દીક્ષા આપ્યા પછી પર્વત પર આપેલા પ્રવચનને બહુ મહત્વનુ ગણાવે છે. અને જીવનનું સર્વ રહસ્ય જાણે એમાં ઠાલવ્યું હોય એવું દર્શાવ્યુ છે. જેનો સાર આ પ્રમાણે છે.

આ પ્રવચનોમાં સાચા ધર્મરાજ્યના અધિકારી કોણ, જગતના પ્રાણ કોણ ? અહિંસા કોને કહેવાય ? વગેરે વિશેના પ્રવચનો રજૂ કર્યા છે.

આ સંસારમાં દીન, દુઃખી, નમ્ર, દયાળુ, પવિત્ર મનના અને શાંતિ તથા સંપને વધારવાવાળા લોકો છે. તે ખરેખરો ધન્ય છે. અને મોક્ષના અધિકારી છે. જો તમે તમારા ભાઈ સાથે ગુસ્સો કરો તો પણ નરકના અધિકારી થવાના લાયક છો, અને અધોગતિ પામશો. એમ લેખક અહીં જણાવે છે. ઈશુ કહે છે, કે તમે દુષ્ટની સામે દુષ્ટતા ન કરશો. મિત્ર પર પ્રેમ કરવો અને શત્રુનો દ્વેશ ન કરવો શત્રુ પર પણ પ્રેમ કરવો ક્યારેય કોઈ સાથે દ્વેશ કરવો જોઈએ નહીં. કોઈ શાપ દે તો પણ તેનું હિત ઈચ્છવું જોઈએ .કોઈ હેરાન કરે તો તેની ઉપર ઉપકાર કરશો. એ જ પ્રભુ પામવાનો માર્ગ છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે ખોટા સોગંદ લેવા નહીં પણ તે બરાબર પાળવા, મંદિર, પૃથ્વી, ભગવાન, કોઈ તીર્થના કે કોઈ બીજાના પણ ક્યારેય સોગંદ લેવા જોઈએ નહીં.

તમારા જમણા હાથે કરેલું દાન ડાબા હાથને ન જાણ થાય એમ દાન કરવું, ઉપવાસ સમયે હંમેશા હસતું મુખ રાખવું.

આવતી કાલ માટે આજથી ચિંતા ન કરો આવતી કાલ આવતી કાલને સંભાળી લેશે. આજને જ બરાબર પાર પાડવા માટે તમારે માથે ઓછો ભાર નથી.

બીજા પ્રવચનો :

(૧) શિષ્યોની વિદાયગીરી :

શિષ્યોને ઉપદેશ આપવા મોકલે છે ત્યારે ઈશુ તેને જણાવે છે કે તમારી સાથે ન સોનું રાખશો, નહીં કે રૂપું, કે પીતલ કે સિક્કા તમારી કોથળીમાં ભરશો નહીં.

વરુઓની વચ્ચે ઘેટાંની જેમ, ઈશુ એના શિષ્યોને સાપની જેમ સાવધાન થઈને મોકલે છે. ખરાબ માણસોથી સંભાળીને સાચવીને રહેવાનું કહે છે. ઘણી જગ્યાએ હેરાન પણ થવું પડશે તો કેટલાય વિરોધીઓનો સામનો કરીને બીક માત્રનો ત્યાગ કરીને, ઈશ્વરનો જ ડર, બીજા કોઈનો ડર ન રાખવો, ડર રાખ્યા વિના જીવન જીવવાનું કહ્યું છે. આમ શિષ્યોને જ્ઞાન આપવા જતાં શીખ આપે છે.

(૨) પ્રભુનું ધ્યાન :

પ્રભુનું ધામ રાઈના દાણા જેવુ ગણાવ્યું છે. ખમીરના જેવુ, પુષ્કળ ખજાનો દાટેલા ખેતર જેવુ છે.

(૩) મોંની બહાર અને અંદર :

હૃદયમાંથી જે કુવિચારો, ખૂન, વ્યભિચાર, લંપટતા, ચોરી, ખોટી સાક્ષી અને નિંદા નીકળે છે માણસને અપવિત્ર કરાવનાર ચીજ છે.

(૪) બાલવૃતિ :

બાળક જેવા નમ્ર વૃત્તિવાળા થવા માટે ઈશુએ સૂચન કર્યું છે. નિર્દોષ બાળક સામે કોઈ ગુનો કરે તો તેને ઘંટીના પડ સાથે બાંધી ડૂબાડી દેવા જેવા છે.

નાના બાળકની લાગણીને દુભાવવી જોઈએ નહીં. બાળકોને પ્રભુના ફિરસ્તાઓ કહ્યા છે એ સૌ માનીતા હોય છે. આમ બાલવૃત્તિ તરફ ઈશુ વિચારે છે.

ઈશુ આ રીતે બાળક પર, ભક્તો પર, લોકો દ્વારા અપાયેલા શાપ અને મહેમાન પર ટૂંકા–ટૂંકા લખાણ આપ્યા છે. એટલે કે જે બદલો ન આપી શકે તેવા માણસને જમાડો કે નિષ્કામ સેવા કરો કે ઈશ્વરના નિયમ પ્રમાણે

રહો જેવા કેટલાય સૂચનો આપ્યા છે. જેના ટૂંકા–ટૂંકા લખાણ લેખકે અહીં રજૂ કર્યા છે.

આ લખાણમાં જરૂરી દષ્ટાંત આપીને પણ લેખકે અહીં રજૂ કર્યા છે. કેટલાય દ્રષ્ટાંતો દ્વારા સંગ્રહશક્તિ, અવિવેકી પણાને પણ રજૂ કર્યો છે.

રૂપકો :

કિશોરલાલ મશરૂવાળાએ ઈશુના જીવનચરિત્રમાં ઈશુના જીવનની વાત ખૂબ જ ઓછા પ્રકરણમાં કરી છે. પરંતુ ઈશુ દ્વારા આપવામાં આવેલ ભાષણ અને એ ભાષણોને પાછા રૂપકો સ્વરૂપે વધારે રજૂ કર્યા હોય એમ લાગે છે. આ રૂપકો આ પ્રમાણે છે.

ખેતરની વાવણીના ઉદાહરણ દ્વારા સદ્ગુરુના ઉપદેશો કેટલાક લોકો મન પરથી લઈ લે છે, તો કેટલાક મનમાં એ ઉપદેશ ઉતારે છે એના સંદર્ભમાં રૂપક આપ્યું છે.

દુષ્ટ માણસોને પણ ખેડૂતના ખેતરમાં ઘઉં સાથે વાવેલા ઝાડ ઘાસનું રૂપક આપીને ખળામાંથી દૂર કરવા જણાવ્યું છે. પોતાના પર ભૂલ થનાર એજ બીજા પર થાય એવું વર્તન કરે તો એ ગુનેગારને ભગવાન માફ કરતા નથી.

આમ, ઈશુએ વિવિધ રૂપકો દ્વારા સમાજમાં લોકોને જુદા જુદા સંદેશા પહોચાડ્યા છે. જેમાં સરખી મજૂરી, આજ્ઞાધારક અને આજ્ઞાપાલક પુત્રો, દુષ્ટ ગણોતધારો, અભિમાની મહેમાનો, ગફલતી નોકરો, ડાહી અને મૂર્ખ કન્યાઓ, કુશળ અને અકુશળ મુનીમો, ભલો સેમેરિયન, આગ્રહી મિત્ર, ઉડાઉ દીકરો, ચાલક કારભારી, કાજી અને વિધવા, ફેરિસી અને કારકુન, ભરવાડ, ખોવાયેલું ઘેટું જેવા વિવિધ રૂપકો દ્વારા સમાજના વર્ગને જુદા જુદા સંદેશા પહોચાડવાનો પ્રયત્ન કર્યો છે.

આ સિવાય આ પુસ્તિકામાં ઈશુ દ્વારા આપવામાં આવેલા સુભાષિતો પણ રજૂ કરવામાં આવ્યા છે. ઈશ્વર જે જ્ઞાન મોટાઓથી સંતાડે છે, તે બાળકોને આપે છે.

જે ઈશ્વરનો નથી તે તેનો પોતાનો પણ વિરોધી જ કહેવાય. જે બધાની સાથે રહી લણવામાં ભળતો નથી. તે ધાન્યને રગદોળનારો જ ગણાય. જે તલવાર ઉગામશે તે તલવારથી જ મરશે.

સમૃધ્ધિમાંથી આપેલું દાન તંગીમાંથી આપેલા દાન આગળ નજીવું છે.

આમ, વિવિધ સુભાષિત પણ અહીં લેખકે રજૂ કરીને જાણે જીવનચરિત્રને વધારવાનો પ્રયત્ન કર્યા છે.

ખંડ 3 સમાલોચના :

સમાલોચનાનુ નામ આપીને આ પ્રકરણમાં લેખકે ધર્મ સંપ્રદાયની વિવિધ વાતો રજૂ કરી છે. પ્રત્યેક માણસ કે જાતિની જેમ પ્રત્યેક ધર્મની કોઈ ખાસિયત હોય એમ રજૂ કર્યું છે. અને એમના અનુયાયીઓએ સંકટ, અજ્ઞાનતા દૂર કરવા પ્રયત્ન કરે છે.

ખ્રિસ્તી ધર્મ સૌ પ્રથમ દક્ષિણ હિંદુસ્તાનમાં તામિલ, કેરલ વગેરે પ્રાંતોમાં હજાર કે તેથી વધુ વર્ષો સુધી સ્થપાયો હતો. ત્યાર પછી અંગ્રેજોના શાસનકાળમાં યુરોપ– અમેરિકાના અનેક દેશોના અનેક પંથોના પાદરીઓ દેશભરમાં ફેલાઈ ગયા. અને ખ્રિસ્તી ધર્મના ફેલાવવામાં જ પડી ગયા. ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કેવી રીતે થયો અને આ ધર્મની ખાસિયતો શી હતી અને આ ધર્મ પ્રચાર માટે વિવિધ સંસ્થાઓ કામે લાગી ગઈ હતી. એ વાત અહીં રજૂ કર્યું છે.

અન્ય ધર્મમાંથી લોકોને ખ્રિસ્તી ધર્મમાં વાળવાનો પ્રયત્નો ઈશુએ કેવી રીતે કર્યો. એનો પ્રચાર કેવો રહ્યો અને કેટલો પ્રચાર કર્યો એ સમાલોચનામાં રજૂ કર્યો છે.

" જે માણસ આજ સુધી રામ–કૃષ્ણ કે શિવને માનતો અને પૂજતો આવ્યો તે હવેથી ઈશુને પૂજવા લાગ્યો છે. કોઈ હિન્દુ આચાર્યની ગાદીને માનતો તે હવે પોપની ગાદીને માનવા લાગ્યો છે. તો તે અસહ્ય ન થાય, પણ જ્યારે તેની સામે એના જીવન રહેણીકરણી, લગ્ન–વારસા, વગેરેના કાયદા–કાનૂન તથા ખાન–પાન વગેરેમાં પણ એટલો ફેરફાર કરવો જરૂરી સમજવામાં આવે કે તેનાથી પોતાના આગલા સમાજ ભેળા અને તે સમાજથીય તેને પોતા ભેળા રાખી શકાય જ નહીં." [૪]

ઈશુના શબ્દોમાં જ લેખક અહી જણાવે છે કે 'હું ઘરઘરમાં ઝઘડા કરાવવાયે આવ્યો છું'. એ ઈશુની પ્રતિજ્ઞા જાણે અક્ષરશઃ સાચી બતાવવાતો આ પ્રચાર છે.

લેખક અહીં તાત્વિક જ્ઞાન, સંપ્રદાયિક જ્ઞાનના ભેદ પાડીને લોકોને ઈશુના ચમત્કારોની ઝલક બતાવે છે, અને આ પ્રકરણ લેખક પોતે આધ્યાત્મિક અને સ્વામીસંપ્રદાયના એક અનન્ય નિષ્ઠ અનુયાયી હોવાના નાતે વધારે ઊંડાણમાં ઉપનિષદ, સંપ્રદાય, ધર્મના નામે થતા આડંબર વગેરેનું વર્ણન અહીં રજૂ કર્યું છે.

આ સમાલોચના પ્રકરણમાં લેખક સંપૂર્ણ પોતાના દ્વારા રચાયેલા આધ્યાત્મિકતાના અનુભવો જ વ્યક્ત કર્યા છે.

ઉદ્દેશ :

કિશોરલાલ મશરૂવાળા આ પુસ્તક રચવા પાછળનો એમનો ઉદ્દેશ પોતાની પ્રસ્તાવનામાં આ પ્રમાણે દર્શાવે છે.

" સર્વત્ર એક પરમાત્માની શક્તિ–સત્તા જ કાર્ય કરી રહી છે. મારામાં તમારામાં સર્વમાં એક પ્રભુ વ્યાપી રહ્યો છે. એની જ શક્તિથી સર્વેનું હલન, ચલન, વલણ છે. રામ, કૃષ્ણ, ઈશુ, બુધ્ધ, વગેરેમાં પણ એ જ પરમાત્માની શક્તિ હતી. ત્યારે આપણામાં અને રામ–કૃષ્ણ હિતમાં શો ફેર' એ પણ મારા તમારા જેવા જ મનુષ્ય દેખાતા હતા. એમને પણ મારી તમારી માફક દુઃખો વેઠવા પડ્યા હતા. અને પુરુષાર્થ કરવો પડ્યો હતો. છતાં આપણે એમને અવતાર શા માટે કહીએ છીએ ? હજારો વર્ષ વીતી જવા છતાં શું કામ આપણે એમને પૂજીએ છીએ ?"" [૫]

આમ આ અવતારી પુરુષોના પુરુષાર્થને લોકો સમક્ષ દર્શાવવાના ઉદ્દેશ સાથે અહીં લેખકે આ પુસ્તિકા રજૂ કરી છે.

આ સિવાયનો ઉદ્દેશ કોઈએ તો આપણે આપણી ક્ષુદ્ર વાસનાઓને તૃપ્ત કરવા પ્રભુનો ઉપયોગ કરીએ છીએ, અવતારી પુરુષની આકાંક્ષાઓ, એમના આશયો મહાન અને ઉદાર હોય છે આત્મબળનો આશ્રય લઈને આપણે ચાલીએ છીએ.

આ સિવાયના લેખકના ઉદ્દેશને જોઈએ તો આપણે પણ પવિત્ર બનવા માગતા હોઈએ છીએ. તો આ પવિત્રતા આવા અવતારી પુરુષો દ્વારા જ પ્રાપ્ત થાય છે. અને કર્તવ્યપરાયણતા, કરુણાવૃત્તિ કેળવવી, નિષ્કામ અનાસક્તતા અને નિરહંકારીપણા જેવા ગુનો આવા મહાન પુરુષોના સંપર્કમાં અને સંસર્ગમાં આવવાથી પ્રાપ્ત થતા હોય છે. આવા મહાન વ્યક્તિઓમાંથી આપણે એમના અવતારની શક્તિઓ પારખીને આ અવતારી પુરુષો જેવા બનવા પ્રયતનશીલ રહીએ તો આ લેખકનો પુસ્તક રચવાનો ઉદ્દેશ સાર્થક જણાય છે.

આમ, આવા કંઈક આધ્યાત્મિક ગુણો વાચકમાં આવે અને વાચક આધ્યાત્મિકતા તરફ વળે અને સમાજમાં કંઈક અંશે મદદરૂપ થાય એવા આશય કે ઉદ્દેશે આ ચરિત્ર રચાયું જણાય છે.

લેખક પોતે આટલા ઉચ્ચ વિચારવાળા હોય ત્યારે ઘણી વખત ઈશુના મુખે પોતાના વિચારો રજૂ કરતાં જણાય છે.

પાત્ર પરિચય :

લેખકે અહી ઈશુ ખ્રિસ્તના જીવનના બહુ ઓછા પ્રસંગો રજૂ કર્યા છે. તો પાત્રપરિચયમાં બહુ ઓછા પાત્રોનો પરિચય કરાવ્યો હોય એ સ્વાભાવિક છે. પાત્ર પરિચયને ગૌણ રાખીને લેખકે ઈશુને કેન્દ્ર સ્થાને રાખી અહીં આ ચરિત્ર રજૂ કર્યું છે.

આ ચરિત્રમાં લેખકે ઈશુના જીવનના ખૂબ જ ઓછા પ્રસંગોને અહીં રજૂ કર્યું છે. શરૂઆતમાં પેલેસ્ટાઇનના ભૂગોળની પરિસ્થિતી વર્ણવીને યહૂદી જીવન પરિસ્થિતિનું વર્ણન કર્યું છે. પછી ઈશુના જીવન તરફ લેખક વળ્યા છે. લેખકે કોઈ એક વ્યક્તિનો પરિચય કરાવ્યો નથી. પરંતુ યહૂદી સમગ્ર ધર્મની પરિસ્થિતિ વર્ણવી છે. યહૂદી લોકોમાં બે વર્ગ પડેલા છે. જેમાં એક વર્ગ લેખકનું કામ કરતો અને બીજો વર્ગ બહુ વિદ્વાન શાસ્ત્રીઓનો રહેતો જેને રેબ્બી કહેવાતા.

યહૂદી લોકોના મોટા પર્વ પેસાદ પર્વની વાત રજૂ કરીને આ સિવાય સુકકોથ અથવા તંબુનિવાસ પર્વ આમ યહૂદીઓની પરિસ્થિતિ, પર્વની વાત

રજૂ કરી છે. ઈશુના જ સમયમાં જન્મ પામેલ યોહાનનું વ્યક્તિત્વ અહીં લેખકે રજૂ કર્યું છે.

ઈશુના જીવનમાં આવતા ખૂબ જ ઓછા પાત્રોના લેખકે અહીં ખાલી નામનિર્દેશ કરીને અધૂરા છોડી દીધા હોય એમ જણાય છે. લેખકે ઈશુને જ કેન્દ્રમાં રાખ્યો છે. પરંતુ ઈશુના સૌથી નજીક રહેનાર માણસને પણ અહીં આલેખ્યો નથી.

અહીં જે લોકો ઈશુના સંપર્કમાં આવે છે. એવા લોકોના નામ–નિર્દેશ કરીને છોડી મૂકવાનો પ્રયાસ કર્યો છે. યોહાનનો થોડોક પરિચય જાણે કરાવ્યો હોય એમ લાગ્યું છે. યોહાનનો ઝખારીયા અને એલીઝીબેથ નામના એક પૂજારી દંપત્તિને ત્યાં જન્મ થયો. એ એકમાર્ગી અને ધાર્મિક ક્રિયાઓમાં સરળપણે શ્રધ્ધા ધરાવતા હતા. આ દંપતિને ઘણી મોટી ઉંમરે પુત્ર જન્મ થયો હતો. યોહાન એ કેટલાય સમય સુધી તપશ્ચર્યામાં સમય ગાળ્યો એવું સૂચન અહીં કરવામાં આવ્યું છે. અને એનું વર્ણન કરતાં જણાવ્યુ છે કે " યોહાન કફની કે જામાના ઊંટના વાળનું એક વસ્ત્ર પહેરતો એને તે ચામડાના પટ્ટાથી કમર આગળ બાંધી રાખતો. લોકસ્ટ નામના બી અને જંગલી મધ એટલો જ એનો આહાર હતો." [૬]

આ યોહાને ત્રીસ વર્ષની ઉંમરે ઉપદેશ આપવાનું શરૂ કર્યું હતું. અને પોતાના શિષ્યોને પાણીનું સિંચન કરાવીને દિક્ષા આપતો હતો. આથી દિક્ષા આપનાર યોહાન તરીકે જાણીતો થયો. એની સાદાઈ, નિષ્કંચનતા, પવિત્રતા અને સ્પષ્ટવક્તાથી આકર્ષાઈ ઘણા લોકો એનો ઉપદેશ સાંભળવા ભેગા થતા.

આમ યોહાનના જીવનનો ટૂંકો પરિચય કરાવીને લેખક ઈશુના જીવનમાં આવતા અન્ય પાત્રોમાં માતા મારિયા, યોસેફ, માતા પિતાને જેલવાસ ભોગવનાર, જેલવાસ અપાવનાર હેરોદ જેવાન સમાવેશ થાય છે. રાજા અને તેના અન્ય શિષ્યોની વાત રજૂ કરી છે. આ શિષ્યોમાં આવેલી સ્ત્રી શિષ્યાનો પણ સમાવેશ થાય છે. આમ, ઈશુની આસપાસ પસાર થતાં ગૌણ પાત્રોનો નામનિર્દેશ કર્યો છે.

અન્ય એક પાત્ર હેરોદનો પરિચય અહીં રજૂ કર્યો છે. યહૂદીના રાજા તરીકે હેરોદ નીમાયો હતો. પોતે યહૂદી નહોતો પરંતુ છેલ્લા યહૂદી રાજાની પુત્રીને પરણીને રાજ્યાધીકારી થયો હતો. તે સત્તાનો લોભી હતો. અને આપખુદ ભોગવવા ઈચ્છતો હતો. વગવાળા યહૂદીઓને ઊંચા અધિકાર આપી તે તેમના મોંઢા બંધ કરાવતો અને પ્રજાને ત્રાસ આપતો.

કેન્દ્રમાં નાયક :

ઈશુના જીવનના બહુ ઓછા પ્રસંગો આલેખતા લેખકે અહીં આ પુસ્તિકામાં ઈશુને કેન્દ્રમાં રાખીને ખંડ ૧માં આપેલા પ્રકરણોમાં સમાવ્યા છે. આપેલ પ્રસંગોમાં કેન્દ્રમાં નાયક તરીકે ઈશુને યથાયોગ્ય જ વર્ણવ્યો છે. આ પ્રકરણોમાં શરૂઆતમાં યહૂદીઓના જીવનનો અને ઈશુનો કેવી પરિસ્થિતિમાં જન્મ થયો એની વાત રજૂ કરી છે. યહૂદી ધર્મગ્રંથોના પૂજાપાઠની વિધિ, એમની પ્રાચીનતા વર્ણવીને પેસાદ પર્વની વાત રજૂ કરી છે. વણ જોઈતું વર્ણન કરીને છેવટે ખ્રિસ્તીના ધર્મના જન્મ વખતની વાત કરી છે, તે લેખકના જ શબ્દોમાં જોઈએ :

લગભગ બે હજાર વર્ષ ઉપર યહૂદી લોકોની સ્થિતિ આ પ્રકારની હતી. ઈશુ ખ્રિસ્તીના જન્મ સમયે (ઈ.સ.૭ થી ૪, અથવા વિ. સ. ૪૯થી ૫૨ ની વચ્ચે) જન્મ થયો હતો.

ઈશુના જન્મ સમયે માતા મારિયા અને પિતા યોસેફ તે યરુશાલેમ પાસે આવેલા બેથલેહેમમાં રહેતા હતા. ઈશુના જન્મ સમયે માતા પિયર ગેલીલીથી નેઝરેથમાં રહેવા આવી ગયા હતા. અને માતા–પિતાના વિધીસર લગ્ન થયા એ પહેલા ઈશુનો જન્મ થયો હોય એમ માનવામાં આવે છે.

અહીં લેખકે કૃષ્ણ જન્મની પૌરાણિક કથા સાથે ઈશુની કથા સરખાવી છે. કે કંસે જેમ આકાશવાણી સાંભળીને કૃષ્ણને મરાવી નાખવા માટે પૂતનાને મોકલીને ગોકુલના સર્વ બાળકોને મરાવી નાખ્યા હતા. એમ ઈશુ વિષે પણ કથા છે કે હેરાદ એના જોષીઓએ કહ્યું હતું કે 'તારો શત્રુ બેથલેહેમમાં પેદા થયો છે. તે ઉપરથી વહેમાઈ હેરાર્દે તે ગામના બે વર્ષની અંદર સર્વ બાળકોને મારી નંખાવ્યા હતા. પણ આ હુકમનો અમલ થતાં

પહેલાં પિતા યોસેફને ખબર પડી જતાં પુત્રને અને માતા મારિયાને લઈ નેઝરેથ નાસી જાય છે.

લેખકે ઈશુના જન્મ સમયની વાત અહીં રજૂ કરી છે. પરંતુ પછીના બાર વર્ષ સુધી ઈશુના કોઈ બાળપણના પ્રસંગો અહીં રજૂ કર્યા નથી.

ઈશુના અને એના કુટુંબના સભ્યોનો માર્ગ નાનપણથી જ અલગ પડતો હોવાનું લેખક અહીં જણાવ્યું છે. પેસાદ પર્વ સમયે યરુશાલેમ ગયેલા માતા–પિતાથી અલગ પડી ઈશુ ત્યાં આવેલા સંઘના લોકો સાથે આખો દિવસ મંદિરમાં શાસ્ત્રીઓ સાથે ગાઢ ધર્મચર્ચામાં ગોઠવાઈ જાય છે. માતા–પિતા દ્વારા તપાસ અને શોધખોળ કરતાં છેવટે ઈશુ શાસ્ત્રીઓ સાથે પ્રશ્નોતરી કરતો જણાય છે. સૌ કોઈને આ જોઈ આશ્ચર્ય થાય છે. આ બધુ જોતાં સગાવહાલા અને ગ્રામજનોને ઈશુ કઈક અલગ અને વિચિત્ર વહેવાર કરતો લાગ્યો હતો.

ઈશુના જન્મ પછીના અઢાર વર્ષ સુધીની કોઈ હકીકત અહીં જાણવા મળતી નથી. આથી લેખક એવું જણાવે છે કે આ અઢાર વર્ષ આધ્યાત્મિક ચિંતનમાં ગાળ્યો હોવાનું માનવામાં આવે છે.

સામાજિક પરિસ્થિતિ :

લેખક કિશોરલાલ મશરૂવાળા ઈશુના સમયને ઇ.સ.પૂર્વ ૭ થી ૪ અથવા વિ.સ. ૪૯ થી ૫૨ ની વચ્ચેના સમયને વર્ણવ્યો છે. તો લેખકે પ્રથમ પેજમાં પેલેસ્ટાઇનના ઈશુના સમયના સ્થળો નકશામાં ચિત્ર દ્વારા રજૂ કર્યું છે. આ પરિવેશ દ્વારા આપણને ઈશુના યરૂશાલેમ યહૂદીયા, પિરિયા, સેમોરિયા, ગેલિની દશનગર, ઇટુરિયા વગેરે સ્થળોનું અંતર કેટલું છે એ નકશા દ્વારા રજૂ કર્યું છે.

લેખકે પ્રથમ પ્રકરણમાં યહૂદીઓ એવા શીર્ષક નીચે એશિયાના ક્યા વિસ્તારમાં યહૂદી લોકો છે એ કયા સ્થળો પર રહે છે એ પ્રદેશની વાત અહીં રજૂ કરી છે. લેખકના શબ્દોમાં જ વર્ણન જોઈએ તો " એશિયાના છેક પશ્ચિમ ખૂણામાં પૂર્વાંશ લગભગ ૩૪ અને ૩૬.૫ તથા ઉતરાંશ ૩૦.૫ અને ૩૩.૨૫ ની વચ્ચે પેલેસ્ટાઇન અથવા પેલેસ્ટિના નામનો એક પ્રદેશ છે. એ અરબસ્તાનમાં વાયવ્ય ખૂણામાં આવેલા સિરીયા નામના પ્રાંતનો ભાગ છે."[૭]

૧૯૧૪–૧૮ની લડાઈ પહેલા તે તુર્કસ્તાનની હકૂમત તળે હતો. લડાઈને અંતે થયેલા સુલેહથી શરતોથી તેની રાજ્ય વ્યવસ્થા અંગ્રેજોના હાથમાં આવે છે. આ પ્રદેશની લંબાઈ ઉત્તર– દક્ષિણ ૧૪૦ માઈલ અને પૂર્વ–પશ્ચિમ સરેરાશ ૮૦ માઈલ છે. એનું ક્ષેત્રફળ આશરે ૧૧૦૦૦ ચોરસ માઈલ હશે. એની ચર્તુ સીમા પર ઉત્તરે લેબોનોનનો ઘાટ, પૂર્વે અરબસ્તાનના રણનો ભાગ દક્ષિણે સિનાઈનો દ્વિપકલ્પ અને પશ્ચિમમાં ભૂમધ્ય સમુદ્ર આવેલા છે.

પેલેસ્ટાઈનના વચ્ચોવચ્ચ થઈને યાહન નામે એક નદી ઉત્તરથી દક્ષિણ તરફ વહે છે. માર્ગમાં તે ગેલિલી અથવા ગેન્નેસેરત નામના સરોવરમાં મળે છે. અને બીજી બાજુથી તેમાંથી નીકળી મૃતસરને જઈને મળે છે.

આ મૃતસર સમદ્ર જેવુ એક વિશાળ સરોવર છે. તેનું પાણી એટલું બધુ ખારું છે કે તેમાં માછલાં પણ જીવી શકતા નથી. તેથી જ એનું નામ મૃતસર પડ્યું છે. એમાં ક્ષારનું પ્રમાણ ઘણું હોવાથી આપણા શરીર કરતાં તેનું પાણી એટલું બધુ ભારે છે, કે માણસને તરતા ના આવડતું હોય તોય તે તેમાં સહેજ ડૂબી શકતો નથી.

આમ, અહીં લેખકે સૌપ્રથમ પરિવેશનું લંબાણ પૂર્વક વર્ણન કરી દીધું છે. આ પરિવેશમાં એમને પેલેસ્ટાઈનના આજુબાજુના પ્રદેશની વાત રજૂ કરી છે.

આ પેલેસ્ટાઈનની આબોહવાની વાત પણ લેખકે અહીં રજૂ કરી પેલેસ્ટાઈન પહાડી પ્રદેશ છે. એની આબોહવા વિવિધ પ્રકારની છે. તેથી કોઈ ઠેકાણે અતિશય તાપ તો કોઈ ઠેકાણે બહુ જ ઠંડી પડે છે. એકંદરે હવામાં ભેજ વધારે હોય છે કારણ કે વરસાદ લગભગ ભાદરવાથી ચૈત્ર સુધી એટલે આઠ મહિના પડે છે. બાકી ચાર મહિના ઉનાળો હોય છે.

આમ, આબોહવાની વાત લેખક રજૂ કરીને અન્ય યહૂદી લોકોની રહેણીકરણી, યહૂદીઓના રિવાજ, સમાજ નીતિ, રાજાઓના શાસન અને સુબાઓની ગુલામગીરી, ફેરિસીઓ અને સંડ્યુસી (ધર્મ પ્રમાણે નામ પાડે લોકોની જાતિ) ના ધર્મ સંપ્રદાયોની વાત રજૂ કરી છે. એ લોકોની ખાસિયતો અહીં લેખકે રજૂ કરી છે.

ફેરિસીઓ પૂજાપાઠમાં મશગુલ હતા. અને સેડ્યુસી પૈસા પાછળ પડેલા હતા.

યહૂદી લોકોના તહેવારો, વ્રત અને ઉત્સવોની માહિતી વર્ણવી છે. પેસાદ પર્વ કે જે માર્ચ અથવા એપ્રિલ મહિનામાં આવતું, યહૂદી લોકોનું આ મોટામાં મોટું પર્વ છે. આ પર્વ યહૂદી લોકો સહી–સલામત રણ ઓળંગીને પેલેસ્ટાઇનમાં આવી પહોચ્યા એની યાદગીરીમાં મનાય છે.

આ સિવાયના સુક્કોથ અને તંબુનિવાસ પર્વ કે જે શરદઋતુમાં આવે છે. અને એક અઠવાડિયું ચાલતા આ પર્વમાં યહૂદીઓ તંબુમાં નિવાસ કરે છે. અને ભટકતું જીવન ગાળે છે. લગભગ બે હજાર વર્ષ પહેલાં યહૂદી લોકોની સ્થિતિ આ પ્રકારની હતી. આથી આ લોકો આ પર્વ ઉજવે છે.

આમ, આ પ્રકરણમાં લેખકે સમગ્ર પરિસ્થિતિમાં આબોહવા, ત્યાંનો પરિવેશ, યહૂદી લોકોના પર્વ, ધર્મ, પૂજાપાઠ, કર્મ કાંડ, ઉત્સવ વગેરેની માહિતી આપી છે. લેખેકે અહી યહૂદીઓના પરીવેશ વાતાવરણની વાત રજૂ કરી છે.

ભાષાશૈલી :

લેખકની ભાષા એના પરિવેશ પ્રમાણે આવી જતી હોય છે. લેખકે અહી સાદી સરળ ભાષામાં ઈશુના જીવનના પ્રસંગો રજૂ કર્યા છે. પરંતુ ક્યાંક અતિશય અઘરા અને લંબાણ પૂર્વકનું લખાણ આવી જાય છે. લેખકે પ્રથમ પ્રકરણમાં આવેલ પેલેસ્ટાઇનના ભૂગોળ નામથી સમગ્ર પેલેસ્ટાઇનનું વર્ણન વણ જોઈતા ખોટા લંબાણ કરીને રજૂ કરીને અઘરું બનાવી મૂક્યું છે.

લેખકે જ્યાં એ પ્રદેશના અને ધર્મના શબ્દનો ઉપયોગ કર્યો હોય તો ઇનો અર્થ પેજના નીચે સંદર્ભ તરીકે રજૂ કર્યો છે. અને અર્થ સમજાવ્યો છે. દા.ત. 'લોકેસ્ટ' શબ્દનો અર્થ તીડ થાય.

આધ્યાત્મિક તરફ વધુ વળેલા લેખકે વધારે પતિત–પાવન પરમેશ્વરના પેગંબર અને ખ્રિસ્તના મહિમાનો ગાન કર્યો છે. સંતોની કૃપાથી પાવન થયેલા પતિતોની નામાવલી આપી છે. એવા ભજનો પણ અહીં રજૂ કર્યા છે.

" અજામીલ, ગીધ, વ્યાધ, ઈનમેં કહો કૌન સાધ ?"

"પછી હું પદ પઢાત ગનિકાસી તારી."

લેખકે અહીં સંતોની નામાવલીને પ્રાસ સાથે બેસાડવાનો પ્રયત્ન કર્યો છે.

પવિત્ર તે કુળ, પાવન તે દેશ, જ્યાં હરિના દાસ ઘરે જન્મ.
કર્મધર્મ તેનાં સર્વ નારાયણ, તેનાથી પાવન ત્રણે લોક,
વર્ણ અભિમાને થયા જે પાવન, જણાવો, સુજાણ તેના નામ
અંત્યજાદી વર્ણો તર્યા, હરિનામે ગાયો છે, પુરાણો તેનો યશ
વૈશ્ય તુલાધાર, ગોરો તો કુંભાર, મોચીડો, ચમાર, સોહિદાસ
કબીર, મોમીન, લતીફ મુસલમાન, સેના નાવી, જાણ વિષ્ણુદાસ"[૮]

લેખકે અહીં પ્રસંગોને અંતે જરૂરી એવી નોંધનો ઉલ્લેખ પણ કર્યો છે. એ નોંધમાં અગત્યની વાત રજૂ કરી દીધી હોય છે.

'ઈશ્વરપુત્ર ઈશુ પોતાને ઈશ્વરપુત્ર અને માનવપુત્ર એવી બે રીતે વર્ણવતો દર્શાવ્યો છે.

તટસ્થતા :

જીવનચરિત્રનું અગત્યનું અંગ હોય તો તે તટસ્થતા છે. તટસ્થતા રાખીને લેખક ચરિત્રકારનું ચરિત્ર રચતા હોય તો ચરિત્ર વધારે ઉપસી આવે છે. એમાં ચરિત્રનાયકને જેવો હોય એવો જ કંડારવાનો પ્રયત્ન ચરિત્રકાર કરતા હોય છે. પરંતુ ક્યાંક કોઈ અહોભાવ કે પૂર્વાભાવ આવી જતો જણાતો હોય છે. પરંતુ અહી લેખકે ઈશુ પ્રત્યે કોઈ પૂર્વગ્રહ કે અહોભાવ રજૂ કર્યો નથી.

અહીં લેખકે પૂરી તટસ્થતાથી ઈશુના જીવનને કંડારવાનો પ્રયત્ન કર્યો છે, છતાં ક્યાંક ઈશુ પોતે પોતાને ઈશ્વરના પુત્ર તરીકે ઓળખાવવાનો લેખકે અહીં ઉલ્લેખ કર્યા છે.

ઈશુને મારવા આવેલા યહૂદીના ટોળામાં ઈશુ કહે છે કે તે પ્રમાણે આપણે જોઈએ તો :

" ભાઈ તારી તલવાર મ્યાન કર, કારણ કે જે તલવાર ઉગામશે તે તલવારથી જ મરશે. હું બાર લાખ ફિરસ્તાઓને મારા રક્ષણને માટે બોલાવી શકું એમ છું. પણ એ રીતે મારે બચવું નથી મારુ મરણ જ મારી સેવા છે." [૯]

આમ, લેખક અહીં ઈશુને વધારે મહત્વ આપ્યું હોય એમ મનાય છે.ઘણી જગ્યાએ અહીં ઈશુના વખાણ કરતા દર્શાવ્યાના પ્રસંગો લેખકે મૂક્યા છે.

ઈશુને આપવામાં આવેલા દેહાંતદંડની સજાનું વર્ણન કર્યું છે. ક્રુસ પર ઈશુને ચડાવીને ખુશ થનાર ઈશુ પર જરાય દયા દાન ન રાખતા યહૂદી પ્રજાને વર્ણવી છે. જેમાં કેટલાક કલાક સુધી તીવ્ર વેદના ભોગવી રહેલા ઈશુને 'મારા પ્રભુ મારા પ્રભુ તે મને કાં છોડી દીધો. એવી એણે એકવાર ચીસ પાડી એનું ગળું સુકાતું હતું. ઈશુ પર દયાદાન કરનાર સ્ત્રીઓ ઊંચે ચડી દ્રાક્ષારસ આપતી, એ પ્રસંગ રજૂ કર્યો છે.

ઈશુના મૃત્યુ પછીના ચમત્કારોની વાત અહીં રજૂ કરી છે. જેમાં ધર્મની સચ્ચાઈનો પુરાવો લેખાય છે. જે આ વાત ન સ્વીકારે તે શ્રદ્ધાળું ખ્રિસ્તી ન ગણાય એમ લેખક અહીં જણાવ્યું છે.

બીજો ભાગ પ્રવચનનો છે જેમાં વિવિધ સ્થળોએ આપેલા પ્રવચનો છે. જેમાં કોઈ અહોભાવ જાણવા મળતા નથી.

અહીં લેખક પ્રસ્તાવનામાં છેલ્લે જણાવે છે, કે "આમાં જે કાંઇ નવું છે તે વિચારો મને પ્રથમ સુજયા છે. એમ નથી કહી શકતો મારા જીવનના ધ્યેયમાં તથા ઉપાસનાના દ્રષ્ટિબિંદુમાં પરીવર્તન કરી નાખનાર, મને અંધારામાંથી અજવાળામાં લઈ જનાર પૂજ્ય મારા ગુરુદેવ જ મારે નામે બોલે છે. એમ કહેવામાં અતિશયોક્તિ નથી. છતાં એમાં જે ખામી હોય તે મારા જ વિચાર અને ગ્રહણશક્તિની સમજવી." [૧૦] આમ, લેખક અહીં પૂરી તટસ્થતાથી પોતાની વાત રજૂ કરી દે છે. લેખક બે ખંડમાં આ જીવનચરિત્ર રજૂ કર્યું છે. પ્રથમ ખંડ ઈશુના જીવન વિશે આપ્યો છે. જેમાં લેખકને ઈશુના જીવનની બહુ ઓછી માહિતી પ્રાપ્ત થાય છે. તે એ પ્રમાણે રજૂ કરી છે. તો બીજા ખંડમાં ઈશુની વાણીમાં વિવિધ પ્રકારના પ્રવચનો રજૂ કર્યા છે. આ પ્રવચનોમાં ક્યાંક લેખક ઈશુ માટે વધારે પડતું લખતા હોય એમ જણાય છે. આ પ્રવચનોમાં લેખકે ઈશુના વિવિધ સ્થળો, પર આપેલા પ્રવચનો આવા અલગ–અલગ સમયે આપેલા પ્રવચનોના રૂપકો સાથે આપ્યા છે. એ રજૂ કર્યા છે.

જેમાં લેખકે ઈશુના આધ્યાત્મિકતા તરફના દરેક પાસાને પારખીને જાણે રચ્યું હોય એમ જણાય છે.

મર્યાદાઓ :

કિશોરલાલ મશરૂવાળા ગાંધીવાદી વિચારક, ફિલસૂફ આધ્યાત્મિક અને સ્વામિનારાયણ સંપ્રદાયના અનન્યનિષ્ઠ અનુયાયી હોવાના નાતે એમને 'ધર્મને સમજો' પુસ્તક સંપૂટમાળા રજૂ કરી છે. જેમાં એમને ધર્મના નામે ધર્મના મહાન પ્રસારક–પ્રચારકના જીવનને આલેખવાના પ્રયત્ન કર્યો છે.

આ ધર્મના અનુયાયી પ્રચારક–પ્રસારકના જીવનની જન્મ સમયની ઘટનાઓને વર્ણવીને એમને એ મહાન વ્યક્તિઓ દ્વારા સમાજમાં અપાતા સંદેશાઓને લોકો સુધી કેવી રીતે પહોંચે એ પ્રયત્ન પણ અહીં રજૂ કર્યો છે. લેખકે અહીં ઈશુના જીવનને આલેખ્યું છે. સાથે સાથે ઈશુ દ્વારા આપવામાં આવેલા વિવિધ પ્રવચનો મૂક્યા પરંતુ ઘણી જગ્યાએ લેખકની મર્યાદા પણ જણાઈ આવી છે.

- પ્રથમ મર્યાદા જોઈએ તો લેખકે ઈશુના જીવનના થોડાક અંશો અહીં રજૂ કર્યા છે. અને એના બાળપણની ખૂબ જ ટૂંકી માહિતીથી વાચકને અધૂરો છોડ્યો છે.
- આ પુસ્તિકાને ત્રણ ખંડમાં વહેંચવામાં આવ્યું છે. જેમાં પ્રથમ ખંડમાં ઈશુનું જીવનનો બીજો ખંડ ઈશુની વાણીનો છે. જે યથાયોગ્ય જણાય છે. પરંતુ ત્રીજો ખંડ જે સમાલોચના નામે મૂક્યો છે એ લેખકના પોતાના જ વિચારો જ જાણે લોકો સમક્ષ રજૂ કર્યા હોય એમ લાગે છે. જ્યાં ઈશુનું કોઈ સ્થાન કે ઉલ્લેખ નથી. ત્યાં ઈશુને ગૌણ રાખવાનો પ્રયત્ન કર્યો હોય એમ જણાય છે.

ખંડ ૨ માં ઈશુની વાણી નામે ઈશુએ આપેલા પ્રવચનોમાં દરેક જગ્યાએ અપાતા ટૂંકા ટૂંકા પ્રવચનો આપ્યા છે.

ક્રુસારોહણના પ્રસંગ પછી લેખકે નોંધ સ્વરૂપે ઈશુનું ફરીથી કબરમાં ઊઠવું એ પ્રસંગ રજુ કર્યો છે. જેમાં કથા કલ્પિત હોય એમ જણાય છે. આ પ્રસંગ તથ્ય પર રચાયેલો છે. જેમાં કોઈ ઐતિહાસિક પુરાવાથી માહિતી મળતી નથી.

સંદર્ભ

૧. ઈશુ ખ્રિસ્ત, કિશોરલાલ મશરૂવાળા, નવજીવન પ્રકાશન મંદિર, ગુજરાત વિદ્યાપીઠ, છઠ્ઠું પુનર્મુદ્રણ ૨૦૧૨ પૃ–૧૮,૧૯.
૨. એજન પૃ–૨૦
૩. એજન પૃ–૩૨
૪. એજન પૃ–૭૫
૫. એજન પૃ–૭
૬. એજન પૃ–૯
૭. એજન પૃ–૩
૮. એજન પૃ–૧૮
૯. એજન પૃ–૩૨
૧૦. એજન પૃ–૯

સંદર્ભ ગ્રંથસૂચિ

(1) કિશોરલાલ મશરૂવાળા — લે. અમૃતલાલ ચાફિક
કુમકુમ પ્રકાશન
રતનપોળની સામે,
ગાંધી રોડ, અમદાવાદ

(2) કિશોરલાલ મશરૂવાળા–એક અધ્યયન — લે. કેતકી બંસારી
નવજીવન પ્રકાશન
ગૂજરાત વિદ્યાપીઠની બાજુમાં,
અમદાવાદ.
પ્રથમ આવૃત્તિ 1970

(3) ઈશુ ખ્રિસ્ત — લે. કિશોરલાલ મશરૂવાળા
નવજીવન પ્રકાશન મંદિર,
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ.
પ્રથમ આવૃત્તિ–1925

(4) રામ અને કૃષ્ણ — લે. કિશોરલાલ મશરૂવાળા
નવજીવન પ્રકાશન,
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ.
આઠમું પુનઃમુદ્રણ,
નવેમ્બર–2010

(5) બુદ્ધ અને મહાવીર — લે. કિશોરલાલ મશરૂવાળા. નવજીવન પ્રકાશન, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. આઠમું પુનઃમુદ્રણ, નવેમ્બર–1995

(6) 'જીવનકથા' — લે.મણિલાલ હ.પટેલ બીજી આવૃત્તિ–2008

(7) ગુજરાતી સાહિત્યકોશ — સં.ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ

(8) ગુજરાતી વિશ્વકોશ — સં.ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અમદાવાદ

(9) ચરિત્ર સાહિત્ય : સ્વરૂપ અને વિકાસ — ડૉ. ઉપેન્દ્ર ર. ભટ્ટ

(10) શ્રેયાર્થીની સાધના — પ્રસ્તાવના